॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

## શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ

# કિશોર સત્સંગ

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**


**સંપાદક**

**મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી**





**: પ્રકાશક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**: પ્રકાશક :**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ વતી
મહંત સ્વામીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી



© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન



**: આવૃત્તિ :**

વિ.સં. ૨૦૬૯ પ્રત : ૫૦૦૦

**: કિંમત :**

રાહત દરે રૂા. ૧૦/-

**: પુસ્તક પ્રાપ્તિ સ્થાન :**

શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**: ટાઈપ સેટીંગ અને મુદ્રક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

## પ્રસ્તાવના

શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનથી શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ છેલ્લા ઘણા વરસોથી સત્સંગની ભાવિ પેડી માટે સુંદર પ્રવૃતિ કરે છે. દર વર્ષે ડિસેમ્બર માસમાં કુલ ૪ વિભાગમાં પરીક્ષા લેવાય છે. જેમાં અમદાવાદ શહેર અને ગામડાઓના નાના કેન્દ્રોમાં ઉત્સાહી યુવાન હરિભક્તો ખૂબજ રસ લઈને આવી પ્રવૃતિને વેગ આપે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા પ્રેરણાથી આ વરસે કુલ ૪ વિભાગના નવા પુસ્તકો વિશિષ્ટ માહિતી અને ઘણી બધી બાબતો જે અગાઉના પુસ્તકોમાં સમાવિષ્ટ નહતી તેને આવરી લીધી છે.

તો દરેક સંચાલકશ્રીઓએ તેનો સંપૂર્ણ અભ્યાસ કરવો. ઉપરોક્ત નવું પ્રકાશન ધાર્મિક શિક્ષણને બાળકોને ખૂબજ ઉપયોગી બનસે અને સંપ્રદાયનું પાયાથી લઈ વર્તમાન સમયનું પણ જ્ઞાન પ્રાપ્ત કરીને આપણા મૂળ સંપ્રદાયનો પાયો મજબૂત થશે તેમાં શંકાને સ્થાને નથી. અમારો આ પ્રયાસ અમદાવાદ મૂળી અને કચ્છભૂજના દરેક ગામોમાં ધાર્મિક પરીક્ષાનું આયોજન થાય તે માટેનો છે. તો આપ સૌ જરૂર આપના ગામમાં આ માટેના આગોતરા પ્રયાસ કરીને નવા કેન્દ્ર પણ શરૂ કરશો. એવી પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના છે.

**મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી**
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૧.

## સત્સંગ પ્રતિજ્ઞા

- ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા ઈષ્ટદેવ છે.
- ધર્મકુળના આશ્રિતો મારા સાચા સગા છે.
- પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી મારા ધર્મગુરુ છે. તેમની આજ્ઞાનું હંમેશા પાલન કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ પ્રતિષ્ઠિત કરેલ મૂર્તિઓનું જ ધ્યાન કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ માન્ય કરેલ પ્રતિમાની જ નિત્યપૂજા કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ માન્ય કરેલ ગ્રંથોનું જ વાંચન કરીશ.
- માતા-પિતા-ગુરુ અને વડીલોને માન આપીશ.
- આચાર્ય મહારાજશ્રી, સંતો તથા હરિભક્તો પ્રત્યે આદર રાખીશ.
- શિક્ષાપત્રીના નિયમોનું હંમેશાં પાલન કરીશ.
- આ જન્મે અક્ષરધામમાં જવાય તેવું જીવન જીવીશ.

**● આ પ્રતિજ્ઞા દરેક બાળકોએ મુખ પાઠ કરવી ●**

# પૂજાવિધિ

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આપણા માટે નિત્યક્રમ બતાવ્યો છે. જેમાં નિત્ય સૂર્ય ઉગ્યાથી પ્રથમ જાગવું અને યથાશક્તિ ભગવાનનું ધ્યાન કરવું. પછી શૌચવિધિ કરવા જવું. શૌચવિધિ કર્યા પછી પવિત્ર માટીથી ડાબો હાથ દશ વાર ધોવો અને બન્ને હાથ ભેગા કરી સાતવાર ધોવા (હાથ-પગ સાબુથી ધોઈ સ્વચ્છ કરવા) અને પછી એક સ્થાને બેસીને બ્રશ કે દાતણ કરવું. દાતણ કરી મુખશુદ્ધિ કરવી પછી પવિત્ર ગાળેલ જળથી સ્નાન કરવું. સ્નાન કરતી વખતે ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ સ્મરણ કરવું તથા પવિત્ર નદીઓના નામ દઈ આહવાન કરવું કે મારા સ્નાન કરવાના જળમાં આપ પધારો અને શરીરથી શુદ્ધિ સાથે મનની શુદ્ધિ કરી પવિત્રતા આપો. સ્નાનવિધિ પછીનું સૌ પ્રથમ કાર્ય પૂજાવિધિ આવે છે. નિત્ય પૂજા એ આત્માનો ખોરાક છે. માટે પૂજા અવશ્ય કરવી અને તિલક ચાંદલો પણ ભભકાદાર કરવો.

## ૧. પૂજાવિધિમાં ધ્યાનમાં રાખવાની બાબતો

(૧) પૂજા એકાગ્ર ચિત્તે કરવી, પૂજા દરમ્યાન મૌનવ્રત પાળવું.

(૨) પૂજા કર્યા સિવાય ચા, નાસ્તો, ભોજન કે પાણી પણ પીવાય નહી.

(૩) બહારગામ જઈએ ત્યારે આપણી પૂજા અવશ્ય સાથે લઈ જવી.

(૪) પૂજા ઘરમંદિરમાં કે બીજા વ્યક્તિની પૂજા કરવી નહી પણ દરેક વ્યક્તિએ પોતાની અલગ પૂજા રાખવી.

## ૨. પૂજાની પૂર્વ તૈયારી

સ્નાનવિધિ કર્યા બાદ એક ધોયેલું પવિત્ર વસ્ત્ર પહેરવું અને એક ધોયેલું પવિત્ર ઉવસસ્ત્ર ઓઢવું, ઉપવસ્ત્ર (ખેસ) ઓઢ્યા વિના પૂજા કરાય નહિ. પૂજા કરવા માટે શક્ય તેટલું શાંત-એકાન્ત અને સ્વચ્છ સ્થળ પસંદ કરવું.

ત્યારપછી પવિત્ર ભૂમિ પર એક આસન પાથરી તેના પર પૂર્વ કે ઉત્તર મુખે બેસવું. પોતાના આસનની બરાબર સામે બીજું એક આસન ભગવાનની મૂર્તિ પધરાવવા માટે પાથરવું. પૂજાપેટી ખોલી આ આસન પર બંધ રાખેલ મૂર્તિ, શિક્ષાપત્રી, માળા-ગૌમુખી તથા તિલક ચાંદલાનો સામાન વ્યવસ્થિત રીતે મૂકવો.



## ૩. આચમન વિધિ

સ્નાન વિધિની જેમ શરીરની શુદ્ધિ થાય છે તેમ આચમન વિધિથી આત્માની શુદ્ધિ થાય છે. શુદ્ધ ગાળેલા જળથી ભરેલા પાત્રમાંથી જમણા હાથની હથેળીમાં ચમચી વડે અડદનો દાણો ડૂબે તેટલું જળ લેવુ પછી જમણા હાથનો અંગુઠો વચલી આંગળીના મધ્ય પર્વ ઉપર અડાડી ડાબો હાથ જમણા હાથની નીચે અડાડવો પછી ૐ શ્રી નારાયણાય નમઃ એમ બોલી પ્રથમ આચમન કરવું. એજ રીતે ૐ શ્રી વાસુદેવાય નમઃ એમ બોલી બીજુ આચમન કરવું પછી ૐ શ્રી વિષ્ણવે નમઃ બોલી ત્રીજીવાર આચમન કરવું પછી હાથ ધોઈ લૂછી નાખવા.

## ૪. તિલક-ચાંદલો

ચંદન ઘસવાના ઓરસીયામાં માપનું જળ લઈ ચંદન ઘસવું. બહુ જાડુ કે પાળતું ન રહે તેવું બનાવી તિલકીયા પર લગાડવું. સૌ પ્રથમ લલાટમાં બે ભ્રમર વચ્ચે તિલકીયાનો છેડો ગોઠવી ૐ શ્રી વાસુદેવાય નમઃ એમ બોલી તિલક કરવું તેવી જ રીતે હૃદયને વિષે ૐ શ્રી સંકર્ષણાય નમઃ એમ બોલી તિલક કરવું તેમજ જમણા હાથ પર ૐ શ્રી પ્રદ્યુમ્નાય નમઃ એમ બોલી તિલક કરવું તથા ડાબા હાથના બાવડા પર ૐ શ્રી અનિરુધ્ધાય નમઃ એમ બોલી તિલક કરવું ત્યારબાદ લલાટમાં તિલકના મધ્યમાં કુંકુમ અથવા ચંદનનો ચાંદલો કરવો. હૃદયમાં તથા બે હાથમાં તિલકના મધ્યમાં ચંદનનો ચાંદલો કરવો. સધવા સ્ત્રીઓએ કપાળના મધ્યમાં કુંકુમનો ચાંદલો કરવો અને વિધવા સ્ત્રીઓએ તિલક પણ ન કરવું અને ચાંદલો પણ ન કરવો.

## ૫. માનસી પૂજા

પદ્માસન કે સિધ્ધાસને ટટ્ટાર બેસી નેત્રો બંધ કરી ભગવાનની માનસી પૂજા કરવી. માનસી પૂજા કરતી વખતે મનમાં ઉઠતા સાંસારીક વિચારોને છોડી આત્મ વિચાર કરવો. હું આત્મા છું, બ્રહ્મ છું મારા હૃદયમાં પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન બિરાજમાન છે. તેમના સ્વરૂપનું ચિંતવન કરવું અને મનના સંકલ્પો દ્વારા ઘંટનાદ કરી પ્રભાતિ કીર્તન બોલી ભગવાનને જગાડવા, શૌચ વિધિ કરાવવી, દંતધાવન કરાવવું, સ્નાન કરાવવું, સારા વસ્ત્રો, અલંકારો પહેરાવવા, પુષ્પહાર પહેરાવવા, ચંદન ચર્ચવું, ધુન દીપ કરી ભગવાનની આરતી ઉતારવી પછી બદામ-ઈલાયતીવાળુ ગરમ દૂધ

તથા યથારૂચિ બાળભોગ ધરાવવો પછી ચળુ કરાવી જલપાન કરાવવું પછી મુખવાસ અર્પણ કરવા. આવી રીતે સવારની માનસી પૂજા કરવી.

### ૬. આહ્‌વાન

સામેના આસન પર બંધ રાખેલ મૂર્તિઓ એક સ્વચ્છ પવિત્ર વસ્ત્રથી ભગવાનને માર્જન કરી યોગ્ય ક્રમમાં પધરાવવી. ત્યાર પછી બે હાથ જોડી નીચે પ્રમાણે આહ્‌વાન મંત્ર બોલી આહ્‌વાન કરવું.

ઉત્તિષ્ઠોતિષ્ઠ ગોવિન્દ ! ઉત્તિષ્ઠ ગરુડધ્વજ ! ઉત્તિષ્ઠ કમલાકાન્ત ! ત્રૈલોક્યંમંગલંકુરુ.

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ સ્વામિનારાયણો પ્રભો, ધર્મસૂનો દયાસિન્ધો સ્વેષાં શ્રેયઃ પરં કુરુ.

આગચ્છ ભગવન્ દેવ ! સ્વસ્થાનાત્પરમેશ્વર ! અહં પૂજા કરિષ્યામિ સદા ત્વં સન્મુખો ભવ.

### ૭. મંત્ર જાપ

ત્યારબાદ આચાર્ય મહારાજશ્રી પાસેથી ગુરૂમંત્ર લીધો હોય તેમણે ગુરુમંત્રની એક માળા ફેરવવી અને પછી ભગવાનના દર્શન કરતાં કરતાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રના નામની ઓછામાં ઓછી ૫ માળા ફેરવવી. જમણા હાથથી અંગુઠા પછીની પહેલી આંગળી માળાને ન અડે તેમ દૂર રાખી બીજી આંગળી પર માળા રાખી અંગુઠા વડે એક એક મળકો લઈ સ્વામિનારાયણ મહા મંત્રનો જાપ કરવો. માળાના દરેક મણકે મંત્રનો જાપ કરવો. માળા ફેરવતાં મેર-ફુમતું આવે ત્યારે માળાને ઉલટાવી ફરી માળાની શરૂઆત કરવી. ૧૦૮ મણકાની માળા ગૌમુખીમાં રાખીને ફેરવવી. ખુલ્લી માળા ફેરવવી નહી.

### ૮. તપની માળા

ડાબે પગે ઉભા રહી બંને હાથ ઊંચા રાખીને તપની એક માળા ફેરવવી. માળા ફેરવતા આંખો ખુલ્લી રાખી ભગવાનના દર્શન કરવા. શ્રી નીલકંઠવર્ણીએ પૂલ્હાશ્રમમાં આ રીતે ઉભા રહી તપશ્ચર્યા કરી હતી. તેથી મનમાં શ્રી નીલકંઠવર્ણીની સ્મૃતી રાખવી.

આ રીતે કઠીન તપ કરવાથી ભગવાન જલ્દી પ્રસન્ન થાય છે. ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ ભક્તિ અચલ રહે તેવા શુભ સંકલ્પની આ માળા કરવી.



### ૯. પ્રદક્ષિણા

મંત્રજાપ સાથે માળા ફેરવતાં ફેરવતાં ઘડીયાળના કાંટાની દિશામાં ૧૧ અથવા યથા શક્તિ પ્રદક્ષિણા કરવી. જીવનમાં ભગવાનને કેન્દ્ર સ્થાને રાખવાના શુભ સંકલ્પ સાથે ભગવાનને વિશે મન એકાગ્ર રાખીને માળાના મણકે મણકે મંત્રજાપ કરતાં પ્રદક્ષિણા કરવી.

### ૧૦. સાષ્ટાંગ દંડવત પ્રણામ

પુરુષ વ્યક્તિએ તેમણે પાંચ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવાં અને સ્ત્રી ભક્તોએ પંચાઙ્ગ દંડવત પ્રણામ કરવા. જાણે અજાણે થયેલ અપરાધની ક્ષમા માટે છઠ્ઠો દંડવત કરવો અને નીચેનો શ્લોક બોલવો.

અપરાધ સહસ્ત્રાણિ, ક્રિયન્તેડહર્નિશં મયા,
દાસોડયમિતિમાંમત્વા, ક્ષમસ્વ પુરષોત્તમ.

હાથ, પગ, ઘુટણ, છાતી, લલાટ, દ્દષ્ટિ, મન અને વચન શરીરના આ આઠ અંગો સહિત જમીન પર ભગવાનની સામે કરવામાં આવતા પ્રણામને સાષ્ટાંગ દંડવત પ્રણામ કહેવાય છે.

હાથ, મસ્તક, દ્દષ્ટિ, મન અને વચન આ પાંચ અંગો સહિત જમીન પર ભગવાનની સામે કરવામાં આવતા પ્રણામને પંચાઙ્ગ પ્રણામ કહેવાય છે.

### ૧૧. પ્રાર્થના

પ્રદક્ષિણા તથા દંડવત પ્રણામ કરી ફરી આસન પર બેસી બે હાથ જોડી પ્રાર્થના કરવી.

હે મહારાજ ! અમારી ચાર પ્રકારના કુસંગ થકી રક્ષા કરજો. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજો અને નિત્ય તમારા ભક્તનો સમાગમ દેજો.

આપના એકાન્તિક ભક્તોની અને માતા-પિતાની સેવા કરી શકું એવી શક્તિ આપજો તથા હે મહારાજ ! તમારે વિષે સદાય અચળ ભક્તિ રહે તેવી કૃપા કરજો. આપ મારા અંતરમાં અખંડ વાસ કરજો. અને આપની આજ્ઞા પ્રમાણે વર્તાય તેવું બળ આપજો.

### ૧૨. વિસર્જન તથા શિક્ષાપત્રી પાઠ

પ્રાર્થના કર્યા પછી નીચેનો વિસર્જન મંત્રી બોલવો.

સ્વસ્થાનં ગચ્છ દેવેશ ! પૂજામાદાય મામકીમ્
ઈષ્ટકામ પ્રસિદ્ધ પુનરાગમનાય ચ

ઉપરોક્ત મંત્ર બોલ્યા પછી શિક્ષાપત્રીનાં ૫ અથવા ૧૦ શ્લોકનું યથાશક્તિ વાંચન કરવું. શિક્ષાપત્રીમાં શ્લોકની નિશાની માટે ભગવાનની મૂર્તિ તથા કેલેન્ડર રાખી શકાય. જેને વાંચતા ન આવડતું હોય તેમણે બીજા થકી શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. વાંચી સંભળાવનાર કોઈ ન હોય તો શિક્ષાપત્રીએ ભગવાનનું સ્વરૂપ છે. એવી ભાવનાથી પ્રીતિપૂર્વક શિક્ષાપત્રીની પૂજા કરવી.

ત્યારબાદ ભગવાની મૂર્તિઓને ચરણસ્પર્શ કરી મૂર્તિઓ ભેગી કરી પૂજા સંકેલી લેવી. પૂજાની સામગ્રી વ્યવસ્થિત રીતે સમેટીને પૂજાપેટી વ્યવસ્થિત જગ્યાએ મૂકવી.

પૂજા કર્યા બાદ ઘરમંદિરમાં ઠાકોરજીમાં દર્શન કરવાં અને માતા-પિતાને પંચાગ પ્રણામ કરીને ઉપસ્થિત સર્વને જય સ્વામિનારાયણ કહેવા પછી પૂજાનાં વસ્ત્રો બદલીને અલગ મૂકવાં અને આપના વિસ્તારમાં કે ગામમાં મંદિર નજીક હોય તો મંદિરમાં દર્શન કરવા જવું. ત્યાર પછી જ વ્યાવહારીક કામકાજ કરવું.

આ પ્રમાણે સવારે વહેલા ઉઠી સ્નાન કરી પવિત્ર થઈ ભગવાનની નિત્ય પૂજા કરવી.

## શ્રીહરિની સંક્ષિપ્ત જીવન ચર્યા

| | | |
|---|---|---|
| (૧) | ૧૧ વર્ષ ૩ માસ ૧ દિવસ | - શ્રીહરિ શ્રી ધર્મ ભક્તિને ભુવનને વિષે રહ્યા. |
| (૨) | ૭ વર્ષ ૧ માસ ૧૧ દિવસ | - બ્રહ્મચારીના વેષે તીર્થોમાં ફર્યા. |
| (૩) | ૧૦ માસ ૬ દિસ | - લોજ ગામમાં મુક્તાનંદ સ્વામી પાસે રહ્યા. |
| (૪) | ૧ વર્ષ ૫ માસ ૧૬ દિવસ | - શ્રી રામાનંદ સ્વામી પાસે રહ્યા. |
| (૫) | ૨૮ વર્ષ ૫ માસ ૨૭ દિવસ | - સત્સંગમાં વિચરણ કર્યું. |
| (૬) | ૪૯ વર્ષ ૨ માસ ૧ દિવસ | - આ પૃથ્વી ઉપર વિચરણ કર્યું. |



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# વિભાગ-૧ જીવન ચરિત્રો

## ૧. ગંગામાં

અમદાવાદની પાસે જેતલપુર કરીને ગામ છે.

ત્યાં ગંગાબાઈ નામે એક બાઈ રહેતી હતી.

શ્રીજી મહારાજ પર એમને ખૂબ પ્રેમ.

શ્રીજી મહારાજ જેતલપુર પધારે ત્યારે એ અડધા અડધા થઈ જાય.

મહારાજને ઘેર લઈ જાય અને જમાડે.

મહારાજ પણ રાજી રાજી થઈ એમને ઘેર જાય અને મા ! મા ! કરી બોલાવે.

મહારાજ બીજા બાઈઓને નામ દઈને બોલાવે, પણ ગંગાબાઈને તો 'મા' જ કહે.

ગંગાબાઈને મહારાજ મા કહે એટલે બધા સંતો પણ મા કહે, હરિભક્તો પણ મા કહે.

જે મહારાજનાં મા તે સૌનાં મા.

આમ ગંગામા સૌનાં મા બની ગયા.

મહારાજને ઊનું ઊનું જમાડવાની ગંગામાને ભારે હોંશ.

વળી મહારાજ મોડા વહેલા જમે એ પણ ગંગામાને ગમે નહિ.

એટલે ગંગામા મહારાજની પાછળ પાછળ ફરે.

માથા પર ટોપલો લે.

ટોપલા પર બળતી સગડી મૂકે.

અને સગડી પર તપેલીમાં મહારાજ માટે શાક કે દાળ ચડે.

મહારાજને જમવાનો વખત થયો કે ટપ દઈને ટોપલો નીચે ઉતારી સગડી પર ગરમ ગરમ ખાવાનું કરી દે !

ઘડીકમાં થાળ તૈયાર !

મા સિવાય આવી સેવા કોઈ કરે, કહો !

એટલે તે ગંગામાને મહારાજ માં કહે છે.

મહારાજનાં મા તો આપણાં પણ મા !

જેતલપુરમાં આજ પણ ગંગામા રહેતાં તે ઓરડી છે, ગંગામા પૂજતાં

તે રાધાકૃષ્ણદેવની મૂર્તિ પણ છે.

## ૨. સેવા કરવાની શીખ

ગઢડા ગામમાં મંદિર બંધાતું હતું.

મંદિરના પાયામાં પૂરવા પથ્થરો જોઈએ.

મહારાજે આજ્ઞા કરી : ‘નદી કિનારે પથરાનો તૂટો નથી. દરેક જણે નદીએથી નહાઈને આવતાં એક એક પથરો લેતા આવવું.’

ભક્તોને આજ્ઞા કરે અને પોતે ગાદી પર બેઠા રહીને જોયા કરે એવા આ મહારાજ નહોતા.

તેઓ પોતે પણ પોતાની આજ્ઞાનો અમલ કરતા. રોજ સવાર સાંજ નદીએ નહાવા જાય ત્યારે વજનદાર જોઈને મોટો પહાણો પોતાના માથા પર મૂકીને લઈ આવે !

સંતો અને હરિભક્તો કહે : ‘મહારાજ, તમે આરામ કરો, તમારું કામ અમે કરી નાખશું !’

મહારાજ કહે : ‘આ ક્યાં મારૂં કામ છે ? આ તો ભગવાનનું કામ છે ! મંદિરનું કામ છે ?’ મહારાજે કામ છોડ્યું નહિ.

મહારાજ માથા પર પથરો લઈને આવે ત્યારે સંતો ને ભક્તો મનોમન મહારાજને પગે લાગે ને કહે : ‘વાહ, મહારાજ કેવા શોભે છે ! તે શોભે જ ને !’ મહારાજ કંઈ જેવા તેવા હતા ! જાતે જ સત્સંગમાં ઉત્સવ પ્રસંગે સેવા કરવાનું માહાત્મ્ય સમજાવ્યું.

## ૩. જંતર-મંતર

એક માણસ બીમાર પડ્યો.

લોકોના કહ્યા મુજબ દવા-ઓસડીયું કર્યાં

તેનું કુટુંબ અંધશ્રધ્ધાળુ હતું.

કોઈએ કહ્યું : ‘પેલા બાવાને બોલાવો, એ મંતર મારી રોગ ભગાડી દેશે. તો એ બાવાને બોલાવ્યો.’

બાવાએ મંતર પર મંતર માર્યા, પણ કાંઈ વળ્યું નહિ.

કોઈએ કહ્યું : ‘ભૂવાને બોલાવો !’

તો ભૂવાને બોલાવ્યો. ભૂવાએ ખાટલાના પાયા પર કાળો દોરો બાંધ્યો



ને કહ્યું : ‘હવે રોગ ગયો સમજો !’

પણ રોગ ગયો નહિ.

ત્યારે કોઈએ કહ્યું : ‘સ્વામિનારાયણ વાળા શ્રીજી મહારાજને બોલાવો ! એમના આશીર્વાદથી માણસ સાજો થઈ જશે.’

માંદાનાં સગાં દોડ્યાં મહારાજ પાસે કહે : ‘મહારાજ, કૃપા કરી અમારે ઘેર પધારો !’ તેમને મહારાજ કરતાં બીમાર માણસ સાજો થાય તે જરૂર હતું. ભગવાનની ભક્તિ ન હતી.

મહારાજ તો દયાળું.

એને ઘેર પધાર્યાને ખાટલા આગળ જઈને ઊભા રહ્યાં.

જોયું તો સમજી ગયા કે અહીં જંતર મંતર ચાલે છે, દોરા ધાગા ને વહેમ ચાલે છે.

જ્યાં દોરા ધાગા ત્યાં મહારાજ નહિ, જ્યાં મહારાજ ત્યાં દોરા ધાગા નહિ.

જ્યાં વહેમ ત્યાં મહારાજ નહિ, જ્યાં માહરાજ ત્યાં વહેમ નહિ !

કાંઈ પણ બોલ્યા વગર મહારાજ તરત જ ત્યાંથી પાછા ફરી ગયા.

## ૪. શેઠ અને નોકર

સૌરાષ્ટ્રમાં અગતરાઈ કરીને એક ગામ છે.

ત્યાં પર્વતભાઈ નામે એક ખેડૂત રહેતા હતા.

તેઓ શ્રીજી મહારાજના ભક્ત હતાં.

તેઓ ખાતાં પીતાં સૂતા બેસતાં રાત દિવસ શ્રીજી મહારાજનું સ્મરણ કરતા હતા અને શ્રીજી મહારાજના નામનો જપ કરતા હતા.

ખેતરમાં હળ ચલાવે ત્યારેય મહારાજ, વાવણી કરે ત્યારેય મહારાજ, અને પાક કાપે ત્યારેય મહારાજ !

કામ બધું મહારાજનું છે, હું મહારાજનો મુનીમ છું અને મહારાજની વતી કામ કરું છું.

મહારાજ ઘણીવાર સભામાં પર્વતભાઈનાં વખાણ કરતા અને કહેતા : ‘પર્વતભાઈ એવા ભક્ત છે કે ભગવાન માટે અને સંત માટે કંઈજ કરવું બાકી રાખે નહિ એવા એ ભક્ત છે. અમારા વચનમાં કંઈ ફેર પાડે નહિ અને

અમે જેમ કહીએ તેમ કરે !'

એકવાર કેટલાક કાઠી ભક્તોને થયું કે એવા તે કેવા પર્વતભાઈ છે કે મહારાજ એમનાં આટલાં વખાણ કરે છે ! એકવાર એમની પરીક્ષા કરીએ.

તેમણે મહારાજને કહ્યું : 'એકવાર અમને પર્વતભાઈના ઘેર લઈ જાઓ !'

મહારાજ કહે : 'ચાલો !'

કાઠી ભક્તો ઘોડેસવાર થઈને મહારાજની સાથે ચાલ્યા.

બધાય અગતરાઈ આવ્યા.

પર્વતભાઈએ મહારાજનો સત્કાર કર્યો અને ઢોલિયો ઢાળી એમને વિરાજમાન કરાવ્યા અને પછી પોતે એમની ચરણ સેવા કરવા બેસી ગયા.

કાઠી ભક્તો એકબીજાની સામે જોઈ કહે : 'મહારાજ વખાણ કરતા હતા, પણ આમને હરિભક્તોની કાંઈ પડી નથી ! નથી આપણને પાણીનું પૂછતા કે નથી આપણાં ઘોડાંને ઘાસ ચારવાનું કાંઈ કરતા !'

મહારાજ આ સમજી ગયા. તેમણે પર્વતભાઈને કહ્યું : 'ભગત, આ બધા હરિભક્તો આવ્યા છે, એમણે ઘોડાં ક્યાં બાંધવાં ? એમનાં ઘોડાં માટે ઘાસ ચંદીનું શું ? છાશ પાણીથી એમની કંઈ સરભરા કરો ! આમ બેસી શું રહ્યા છો ?'

પર્વતભાઈએ કહ્યું : 'મહારાજ, શેઠની હાજરી ન હોય તો નોકર બધું સંભાળે, પણ શેઠ ઘેર આવી જાય, પછી નોકરને શી ચિંતા ? એમણે તો શેઠની આજ્ઞા પ્રમાણે વર્તવાનું ! આપ શેઠ, હું નોકર ! આ બધું આપનું છે, આપ માલિક છો ! શેઠ ઘેર આવી ગયા. હવે બધું શેઠે સંભાળવાનું.'

કાઠી હરિભક્તો આ સાંભળતા હતા. મહારાજે એમને કહ્યું : 'સાંભળ્યું ? અહીં કશું પર્વતભાઈનું નથી.'

અમારું છે અને તમે અમારા છો, એટલે આ બધુંય તમારું છે ! જેને જે રૂચે તે લે ! કાઠી ભક્તો આભા બની ગયા. તેમને ખાતરી થઈ ગઈ કે મહારાજ પર્વતભાઈનાં વખાણ કરે છે તે અમથા નથી કરતા. અમને અમારાં ઘરની, ઘોડાંની અને આબરૂની ફિકર છે, પર્વતભાઈને તો મહારાજ સિવાય કશાની ફિકર નથી.



## ૫. કઠલાલના રામબાઈ

ગુજરાતમાં કઠલાલ કરીને ગામ છે.

એ ગામમાં રામબાઈ નામે વૃદ્ધ બ્રાહ્મણી રહેતી હતી.

આખા ગામમાં એ એકલી જ શ્રીજી મહારાજની ભક્ત હતી.

તેથી લોકો તેની મશ્કરી કરતાં, તેની હાંસી ઉડાવતાં, અપમાન પણ કરતાં. પણ ડોશીને મન કોઈનો અવગુણ નહિ.

લોકો નિંદા કરે તો ડોશી કહે હું ઢીલીપોચી છું, તેથી લોકો આમ કરીને મને ભગવાનમાં કાઠી કરે છે.

ઘરડે ઘડપણ ડોશીને બધું જાતે કરવું પડે. કૂવે પાણી ભરવા યે જાતે જ જવું પડે.

એકવાર મહારાજ ગુજરાતમાં ફરતા હતા.

ફરતા ફરતા કઠલાલની ભાગોળે થઈને નિકળ્યા, ઉતાવળે બીજે પહોંચવાનું હતું, તેથી ગામમાં દાખલ થયા નહિ.

ભાગોળના કૂવે સ્ત્રીઓ પાણી ભરતી હતી.

તેમણે એ જોયું.

થોડીવાર પછી રામબાઈ ડોશી કૂવે પાણી ભરવા આવી. પાણી ભરીને એણે માટલું માથે મેલ્યું, ત્યાં એક બાઈએ કહ્યું : 'તમારા સ્વામિનારાયણ હમણાં અહીં થઈને ગયા !'

આ સાંભળ્યું કે ડોશીએ માથા પર પાણી ભરેલા માટલા સાથે દોડવા માંડ્યું, ને ગળું ફાડીને બુમો પાડવા માંડી : 'મહારાજ, ઊભા રહો ! ઊભા રહો !'

મહારાજ ઘોડેશ્વાર હતા અને સાથે ઘણા હરિભક્તો હતા.

તેમણે આ બૂમો સાંભળી.

તરત જ એમણે ઘોડી ઊભી રાખી.

ડોશી શ્વાસભેર દોડતી એમની પાસે પહોંચી ગઈ, એવી હાંફી ગઈ હતી કે એનાથી ઊભા રહેવાયું નહિ. માથે પાણીના માટલા સાથે એ બેસી પડી. પછી માટલું હેઠે ઊતારી હાથ જોડીને કહે : 'મહારાજ, મારું ઘર ટાળીને આમ બારોબાર ?'

મહારાજે કહ્યું : 'શું થાય ? અમારે ઉતાવળે બીજે પહોંચવાનું છે.'

ડોશીએ કહ્યું : 'લ્યો આ જળપાન કરો !'

મહારાજે ડોશીની માટલીમાંથી જળપાન કર્યું.

ડોશી કહે : 'હવે આ માટલીનું જળ પ્રસાદીનું થયું !'

મહારાજે હસીને કહ્યું : 'શું કરશો આ જળનું ?'

ડોશી કહે : 'ગામના કૂવામાં નાખીશ ! એટલે આખું ગામ આ પ્રસાદીનું જળ પીશે ! પછી હું આ ગામમાં એકલી સત્સંગી નહી હોઉં - કેટલાયે હશે. તે વખતે મારા ગામને ટાળીને તમે કેવી રીતે બારોબાર જાઓ છો તે હું જોઈશ !'

ડોશીની શ્રદ્ધા જોઈ ત્યાં ઊભેલા હરિભક્તો બધા દંગ થઈ ગયા અને મહારાજ પ્રસન્ન થઈ ગયા.

મહારાજે ડોશીને આશીર્વાદ દીધા - 'મા, તમારો સત્સંગ ફળો !'

અને ડોશીમાનો સત્સંગ ફળ્યો તે એવો ફળ્યો કે મહારાજે પોતે 'વચનામૃત'માં એમને યાદ કરી કહ્યું છે કે ભગવાનનો ભક્ત હોય તે - આ કઠલાલની ડોશી જેવો હોય. ભગવાન શરીરની રક્ષા કરે તેનો એને હરખ નહિ. અને રક્ષા ન કરે તેનો એને શોક નહિ, તેનો દેહ ટાંટિયાં ઘસીને પડે, અરે, એને વાઘ ખાઈ જાય, સાપ કરડે, શસ્ત્ર વાગે, પાણીમાં ડુબી જાય, એમ ગમે તેવી રીતે દેહ પડે તો પણ એતો એવું જ સમજે કે હું ભગવાનના ધામને જ પામવાનો ! આવી મસ્તીથી જે ભગવાનને ભજે એ ભગવાનનો ભક્ત !

બીજા એક પ્રસંગે મહારાજે 'વચનામૃત' માં કહ્યું છે કે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈ કાર્ય સંજોગે શૂળીએ ચડવાનું આવે અને અમે એ વખતે તેની પાસે ઊભા હોઈએ તોય એ ભક્તના હૃદયમાં એવો ઘાટ થાય નહિ કે આ ભગવાન મને શૂળીના કષ્ટમાંથી બચાવે તો સારું ! એતો જે કષ્ટ પડે તે ભોગવી લેશે.

આવા ભક્તો પર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે.

## ૬. ત્યાગના દાદા !

શ્રીજી મહારાજ ગઢડામાં વિરાજતા હતા.

દાદા ખાચર ગઢડાના ધણી હતા, પણ રાત ને દિવસ મહારાજની સેવામાં ખડે પગે રહેતા હતા.



તેઓ મહારાજનો પડ્યો બોલ ઝીલી લેતા.

મહારાજની પ્રસન્નતામાં જ એમની પ્રસન્નતા હતી.

મહારાજ પણ ઘણીવાર એમના વખાણ કરતા ને કહેતા કે દાદો તો દાદો છે. આવો બીજે ન મળે !

આ સાંભળી એક ભાયાતે કહ્યું : 'મહારાજ, આ તો તમારો ખોટો પક્ષપાત છે, જેવા દાદા છે તેવા જ અમે છીએ.'

તે વખતે મહારાજ કંઈ બોલ્યા નહિ.

થોડા દિવસ પછી એવું બન્યું કે એક દિવસ મહારાજ નદીએ સ્નાન કરવા ગયા હતા. સાથે દાદા ખાચર અને બીજા કેટલાક માણસો હતા. તેમાં પેલા ભાયાત પણ હતા.

નદીએથી નાહીને આવતાં તેમણે જોયું કે દ્વારકાની યાત્રાએ જતા કેટલાક યાત્રાળુઓ ગામની ભાગોળે મુકામ કરી પડ્યા હતા અને રોટલા શેકી ખાવા ચૂલો સળગાવવાનું કરતા હતા પણ વરસાદને લીધે ચૂલો ઓલવાઈ જતો હતો.

એ જોઈ મહારાજે પેલા ભાયાતને કહ્યું : 'આ લોકો કેવા દુઃખી થાય છે ? આવા યાત્રિકો માટે ધર્મશાળા જેવું કંઈ હોવું જોઈએ. કરોને એવું કંઈ !' ભાયાતે કહ્યું : 'આવા તો કંઈક આથડે છે એવા બધાને માટે ક્યાં ધર્મશાળાઓ બંધાવવા જઈએ ?'

મહારાજે કહ્યું : 'વાત તો ખરી !'

પણ પછી તરત તેમણે દાદા ખાચર તરફ ફરી કહ્યું : 'દાદા, તમને કેમ લાગે છે ?'

દાદા ખાચરે કહ્યું : 'મહારાજ, આપની મરજી છે તો અહીં ધર્મશાળા થશે - પણ ધર્મશાળા થાય ત્યાં લગી રાહ જોઈને શું કામ છે ? હું આ યાત્રિકોને હમણાં જ મારે ઘેર લઈ જાઉં છું.'

મહારાજે હસીને કહ્યું : 'ક્યાં રાખશો ઘરમાં ? ઘરમાં એટલી જગ્યા ક્યાં છે ?'

દાદા ખાચરે કહ્યું : 'અમે રહીએ છીએ એ કમરા ખાલી કરી દેશું ?'

મહારાજે કહ્યું : 'તમે ક્યાં જશો ?'

દાદાએ કહ્યું : 'હું સાધુ ભેગો રહીશ અને ઘરવાળાં સાંખ્યયોગી

બાઈઓ ભેળાં રહેશે ?'

મહારાજે હવે પેલા ભાયાતની સામે જોઈ કહ્યું : 'આ સાંભળ્યું ? આટલા માટે અમે કહીએ છીએ કે દાદો તો દાદો છે !'

ભાયાતે હવે કંઈ બોલવાનું રહ્યું નહિ.

તે સમજી ગયા કે બધાને પહોંચાશે પણ ત્યાગના દાદાને નહિં પહોંચાય.

## ૭. મહારાજનો સમભાવ

શ્રીજી મહારાજને એક શોખ.

બીજાને જમાડવાનો.

એકવાર તેઓ એક ગામમાં હતાં.

ત્યાં તેમણે આખા ગામને જમાડ્યું.

બહારથી કોઈ ગામમાં કામકાજે આવ્યા હોય તેમ જમ્યા.

આમ આખું ગામ જમ્યું.

તોય મહારાજને થયું કે કંઈક ખામી રહી છે.

તેમણે પૂછ્યું : 'બધા જમ્યા ?'

બધાએ પૂછ્યું : 'બધા જમ્યા ?'

ફરી મહારાજે પૂછ્યું : 'બધા જમ્યા ?'

બધાએ કહ્યું : 'બધા જમ્યા ?'

આ વાતચીત વખતે મહારાજની નજર દૂર દૂર ખેતરોમાં મજૂરી કરતા કેટલાક લોકો પર હતી.

તેમણે કહ્યું : 'ત્યાં પે ......... લા દેખાય છે એ બધા જમ્યા ?'

આ મજૂરોનો તો કોઈને ખ્યાલ આવ્યો જ નહોતો, એટલે હવે બધાએ કહ્યું 'ના, મહારાજ, એ લોકો નથી જમ્યા ! અમે તેમને તેડ્યા નથી !'

મહારાજે કહ્યું : 'તો તેડો ! મારે એમને જમાડવા છે.'

તરત જ માણસો દોડ્યા અને બધા મજૂરોને માનભેર લઈ આવ્યા.

મહારાજે એમને પોતના હાથે પીરસ્યું ને જમાડ્યા.

મજૂરોના સુખનો પાર રહ્યો નહીં.

આવા હતા મહારાજ.

સૂરજનું અજવાળું સૌને મળે,



નદીનું જળ સૌને મળે,

તેમ મહારાજનો પ્રેમ સૌને મળે !

## ૮. અન્નનું દાન

શ્રીજી મહારાજ ગઢડામાં બિરાજમાન હતા.

એવામાં એક દિવસ હરિભક્તો રસોઈની સામગ્રી લાવ્યા.

રસોઈ થઈ.

સંતો સહિત મહારાજ પોતે જમ્યા.

તે સમયે એક ભિખારીનો છોકરો ત્યાં આવી ઊભો રહ્યો અને ભૂખ્યો છું. ભૂખ્યો છું કરી કરગરવા લાગ્યો.

હરિભક્તો કંઈ બોલ્યા નહિ.

ત્યાં મહારાજે કહ્યું : 'કંઈ હોય તો આ છોકરાને આપો !'

આ વખતે ભક્તો અંદર અંદર એક બીજાની સામે જોવા લાગ્યા.

મહારાજે કહ્યું : 'કેમ કોઈ કંઈ બોલતા નથી ?'

ભક્તોએ કહ્યું : 'મહારાજ, શું બોલીએ ? એ છોકરો જળડોડી (માછલાં) ખાનારાનો છે. એને અન્ન કેમ અપાય ?'

મહારાજે કહ્યું : 'ઓહ, એમ વાત છે ! પણ એ ભૂખ્યો છે એય સાચું ને ?'

ભક્તોએ કહ્યું : 'એ સાચું ?'

ત્યારે મહારાજે કહ્યું : 'ભૂખ્યા દુખ્યાની એક જ નાત હોય છે, ભાઈ ! સ્વધર્મી હોય કે પરધર્મી, પણ ભૂખ્યો હોય તેને અન્ન-જળ દઈને એનું દુઃખ ટાળવું એ ગૃહસ્થનો ધર્મ છે. દેશનો હોય કે પરદેશનો હોય, સગા હોય કે દુશ્મન હોય પણ ભૂખ્યાને અન્ન દેવું જોઈએ. સુવર્ણના દાન કરતાં પણ અન્નનું દાન ચડિયાતું છે અને અન્નદાન કરતાં શ્રીહરિના સ્વરૂપ સંબંધી જ્ઞાન ચડિયાતું છે, પણ એ અન્નદાન દીધા પછીની વાત છે ?'

હવે ભક્તોના મનનો સંશય દૂર થઈ ગયો.

તેમણે એ છોકરાને પેટ ભરીને જમાડ્યો.

શિક્ષપત્રી શ્લોક ૧૩૧ માં શ્રીજી મહારાજે આજ્ઞા કરી છે. ''હરકોઈ અન્નાર્થી મનુષ્યની પોતાની શક્તિ પ્રમાણે અન્નનું દાન કરીને સેવા કરવી.''

## ૯. હસ્તે સ્વામિનારાયણ

જૂનાગઢ પાસેના માંગરોળ ગામમાં ગોરધનભાઈ નામે એક વણીક રહેતા હતા.

શ્રીજી મહારાજના એ ભક્ત હતા.

રાત ને દિવસ એમને મહારાજનું જ ચિંતન.

દુકાનમાં ઘરાક આવે તોય મહારાજ !

માલ દઈ જાય તોય મહારાજ અને માલ લઈ જાય તોય મહારાજ !

કોઈ માલ લાવે તો ગોરધનભાઈ ચોપડામાં લખે - હસ્તે સ્વામિનારાયણ !

લોકો કહે : ગોરધનભાઈ, ધંધા રોજગારમાં આવું ન ચાલે, માટે સ્વામિનારાયણ ભૂલી ચોપડામાં સાચાં નામઠામ લખો !

ગોરધનભાઈ કહે : સ્વામિનારાયણ એજ સાચું નામઠામ છે.

વાત મહારાજના કાને આવી. મહારાજ ગોરધનભાઈને બરાબર ઓળખતા હતા. તેમણે કહ્યું : 'ચિંતા ન કરો ! ગોરધનભાઈ બધું સ્વામિનારાયણને સંભાળવું છે. સ્વામિનરાયણ સમર્થ છે એ બધું સંભાળશે.'

આવા હતા મહારાજના ભક્ત ગોરધનભાઈ

જે પોતાનું બધું ભગવાનને સોંપે છે, તેનું બધું ભગવાન સંભાળે છે.

## ૧૦. સવા બે રૂપિયા

એક હતી ડોશી.

એનો છોકરો માંદો પડ્યો.

ડોશીએ બાધા રાખી કે મારો છોકરો સાજો થશે તો હું મહારાજને સવા બે રૂપિયા ભેટ ધરીશ.

છોકરો સાજો થઈ ગયો.

ડોશીએ મહારાજને તેડાવ્યા. મહારાજ પધાર્યા.

ડોશીએ ભાવથી એમને જમાડ્યા અને પછી એમના પગમાં ભેટ ધરી.

મહારાજે જોયું તો સવા બે રૂપિયા પૂરા નહોતા.

મહારાજે કહ્યું : 'મા, આમ કેમ ? તમે તો સવા બે રૂપિયા ધરવાની બાધા રાખી હતી !'



ડોશી ચમકી કે મેં કશું કહ્યું નથી, તોય મહારાજને ખબર પડી ગઈ ! તેણે હાથ જોડી કહ્યું : 'મહારાજ, હું ગરીબ છું સવા બે રૂપિયા પૂરા આપને ધરવા રાખ્યા હતા, પણ આપને જમાડવાનું થોડું ખર્ચ થયું, એટલી રકમ ઓછી થઈ !'

મહારાજે હસીને કહ્યું : 'મા, કશું ધરવાનું નામ દઈને મને યાદ નહિ કરવો, અને ધરવાનું નામ દીધું તો પુરું ધરવું, ધરવાનું કહ્યું એટલે એ ધન પછી તમારું ન રહ્યું, એ તમારાથી ન વપરાય ! વાપરો તો ભગવાનને છેતર્યા કહેવાય ! માટે એવું કદી કરવું નહિ !'

ડોશીએ માગી તાણીને પણ સવા બે રૂપિયા પૂરા કર્યા, ને ફરી ફરી મહારાજના પગમાં માથું મૂક્યું.

મહારાજે પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા.

## ૧૧. ભગવાનનો પક્ષ

બસો વર્ષ પહેલાંની વાત.

તે વખતે સૌરાષ્ટ્રમાં નાનાં નાનાં રાજ્યો ઘણાં હતાં.

તેમાં એક વઢવાણનું રાજ્ય હતું.

રાજ્યનો ધણી ઠાકરો, પણ દીવાનના હાથમાં બધો કારભાર.

દીવાનનું નામ ભાણજી મહેતો.

ભાણજી મહેતો શ્રીજી મહારાજનો દ્વેષી.

વાતવાતમાં મહારાજની નિંદા કરે.

એના હાથ નીચે એક સિપાહી.

સિપાહી જાતે મુસલમાન-એનું નામ કેસરમિયાં.

કેસરમિયાંને શ્રીજી હમારાજ પર ભાવ.

ભાવ કેવો ? માથું ઉતારી દે એવો !

એકવાર ભાણજી મહેતા પાસે એક બ્રાહ્મણ આવ્યો.

કહે : 'મારે દ્વારકા યાત્રા કરવા જવું છે. મને થોડા રૂપિયા આપો !'

ભાણજી મહેતો કહે : 'રૂપિયા મૂઠી ભરીને આપું, જો તું ગામના ચોક વચ્ચે ઊભો રહી શ્રીજી મહારાજને ગાળો દે તો !'

રૂપિયાના લોભે બ્રાહ્મણે હા પાડી.

કેસમિયાંએ કહ્યું : 'ખબરદાર, જો શ્રીજી મહારાજનું ભૂંડું બોલ્યો છે તો !'

બ્રાહ્મણ બીન્યો ખરો, પણ રૂપિયાનો મોહ છૂટ્યો નહિ.

એણે શ્રીજી મહારાજ વિષે એલફેલ બોલવા માંડ્યું : 'શ્રીજી મહારાજ પાખંડી છે, લોકોને અવળે રસ્તે દોરે છે.....'

કેસરમિયાંએ ફરી એને ડાર્યો : 'ચૂપ !'

બ્રાહ્મણ ભડક્યો, પણ પાછું એણે બોલવા માંડ્યું : 'શ્રીજી મહારાજ પાખંડી......'

ત્યાં તો કેસરમિયાંએ મ્યાનસોતી તલવાર એના માથા પર ઝીંકી, બ્રાહ્મણની પાઘડી દૂર જઈ પડી, પણ બ્રાહ્મણ બચી ગયો.

કેસરમિયાંએ કહ્યું : 'આ વખતે પાઘડી ઉડાડી છે, પણ જો ફરી બોલ્યો તો તારું માથું જ ઉડાડી દઈશ !'

બ્રાહ્મણ જાય ભાગ્યો.

ભાણજી મહેતાથી આ સહન થયું નહિ.

એણે કેસરમિયાંને હુકમ કર્યો : 'મિયાં, તલવાર પટો ઉતારો ! નોકરી છોડી ઘેર જાઓ !'

કેસરમિયાંએ તરત તલવાર પટો કાઢી ફેંકી દીધાં.

પછી ઘેર જઈ ગાડામાં ઘરવખરી ભરી ગામ છોડી જવા માંડ્યું.

કેસરમિયાં રાજ્યનો ત્રણ પેઢીનો જૂનો નોકર હતો. એ ગામ છોડીને જાય છે એવી ખબર પડતાં ઠાકોરે એને પાછો બોલાવ્યો અને માનભેર નોકરીમાં ચાલુ રાખ્યો.

એકવાર કેસરમિયાં કેટલાક સવારો સાથે બહારવટિયાઓને પકડવા નીકળ્યા હતા, ત્યાં રસ્તામાં ગઢડા આવ્યું, એટલે સવારો સાથે મહારાજનાં દર્શન કરવા ગયા.

મહારાજ તે વખતે લીંબડા હેઠળ સભા ભરીને બીરાજ્યા હતા.

કેસરમિયાં એક ખૂણામાં ઊભા રહ્યા.

બ્રહ્માનંદ સ્વામીએ એમને જોયા, એટલે પાસે બોલાવ્યા.

મિયાં આવી મહારાજને પગે લાગ્યાં.

મહારાજે એમના પરાક્રમની વાત સાંભળી હતી, એટલે તેમણે કહ્યું : 'મિયાં ભગત, પેલે દિવસે શું બન્યું હતું તે આ સભાને કહો !'



કેસરમિયાં એકદમ જુસ્સામાં આવી ગયા. તેમણે બનેલી બધી વાત કરી કહ્યું : 'મેં મહારાજને મારા માન્યા પછી કોઈ મહારાજની નિંદા કરે અને હું એ સાંભળી રહું એ ન બને !'

મહારાજે હસીને કહ્યું : 'મિયાં ભગત, આવું ક્યાં શીખ્યા ?'

મિયાંએ બેધડક કહ્યું : 'આપની પાસેથી' આપે જ કહ્યું છે કે હંમેશાં ભગવાનનો અને ભગવાનના ભક્તનો પક્ષ રાખવો-માન રહે કે જાય, જીવ રહે કે જાય, પણ ભગવાનનો કે ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ !

શ્રીજી મહારાજની પ્રસન્નતાનો પાર રહ્યો નહિ. તેમણે કહ્યું : 'જેમણે ભગવાનની ભક્તિ કરવી હોય તેને ભગવાનની અને ભગવાનના ભક્તની સેવાચાકરી કરવાની મળે તો પોતાનું મોટું ભાગ્ય સમજવું. કોઈ વખાણે એ સારું ભક્તિ કરવાની નથી, પણ માન મૂકીને ભક્તિ કરવાની છે. આવી ભગવાનની ભક્તિ મિયાંજી જેવા કોઈક જ કરતા હશે.' શ્રીજી મહારાજે ગઢડાના મધ્ય પ્રકરણમાં કેસરમિયાંની ભક્તિને વખાણી.

## ૧૨. નિર્માની નાથ ભક્ત

વડોદરા શહેરમાં શ્રીજી મહારાજના એક ભક્ત હતા. એમને બધા નાથ ભક્ત કહેતા.

એ કંઈ ભણ્યા નહોતા, પણ એક વાત બરાબર સમજી લીધી હતી કે મહારાજની આજ્ઞામાં રહેવું અને કદી કોઈના પર ક્રોધ કરવો નહી. ક્રોધ ચડે તો જેના પર ક્રોધ ચડે તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા !

નાથ ભક્ત રાતદિવસ મહારાજનું ચિંતન કર્યા કરે અને મહારાજનું નામ જપ્યા કરે. લોકો એમને ગાંડા સમજે, અને છોકરા એમનો હુરિયો બોલાવે.

એકવાર શ્રીજી મહારાજ જેતલપુર હતા. નાથ ભક્તને ખબર પડી એટલે તેઓ મહારાજના દર્શન કરવા વડોદરાથી જેતલપુર જવા નીકળ્યા.

રસ્તામાં છોકરાઓએ એમને જોયા કે હુરિયો બોલાવ્યો. છોકરાઓનું ટોળું એમની પાછળ પડ્યું, અને ધૂળ ઉડાડી એમની મશ્કરી કરવા લાગ્યા. કેટલાક મોટા છોકરાઓ તો આગળ વધી એમની કાછડી ખેંચવા સુધી ગયા.

નાથ ભક્ત તો શાંતિથી ચાલ્યા જાય છે ને ભગવાનનું ભજન ગાય છે.

મુખડાની માયા લાગી રે મોહન તારા !

મુખડાની મીઠી વાણી, તેણે મન લીધું તાણી,
ઝબકીને સૂતી જાગી રે - મોહન તારા,
મુખડું મેં જોયું તારું, બીજું સર્વે થયું ખારું,
હવે હું તો બડભાગી રે - મોહન તારા.

છોકરાં ધૂળ ઉડાડી ઉડાડીને, મશ્કરી કરીને થાક્યા - ત્યારે એક મોટા છોકરાએ હિમ્મત કરી કહ્યું : 'કાકા, તમે ખીજાતા કેમ નથી ? જરા ખીજાઓ ને ધોલધપાટ કરો તો મજા આવે !'

નાથ ભક્તે કહ્યું : 'કોના પર ખિજાઉં' ? તમારા પર ? તે તમે ક્યાં મારાથી જુદા છો ? 'અરે ભાઈ, મારું તો ખિજાવું ને રિઝાવું બધું સ્વામિનારાયણે લઈ લીધું છે.'

'તે કાં દીધા કર્યા વિના લઈ લીધું ? બીજા મોટા છોકરાએ મશ્કરી કરી કહ્યું.'

'દીધું છે ને ! આ -' બોલતાં બોલતાં નાથ ભક્ત ત્યાં રસ્તા પર જ લાંબા સૂઈ જઈને એ બધા છોકરાઓને પગે લાગ્યાં.

છોકરાઓ ચૂપ થઈ ગયા,

હવે કોઈના મોંએથી શબ્દ નીકળ્યો નહિ.

નાથ ભક્ત જમીન પરથી ઉઠ્યા એટલે છોકરાઓ એમને ઘેરી વળી કહે : 'કાકા, અમને માફ કરો ! અમે તમને હેરાન કર્યા એ અમારી ભૂલ હતી !'

નાથ ભક્ત હસીને કહે : 'તમે વળી ક્યારે મને હેરાન કર્યો ? હું તો કાંઈ જાણતો નથી !'

આમ કહી નાથ ભક્ત ગાતા ગાતા આગળ ચાલ્યા :

મુખડું જોવાને માટે, સહી કીધું શિરે સાટે,
મહેણું મેં તો લીધું માગી રે - મોહન તારા.
બ્રહ્માનંદ જાયે વારી, આશા એક મુને તારી,
તરછોડી મા થાઓ ત્યાગી રે, - મોહન તારા.

## ૧૩. ઢોંગી બાવો

અલૈયા ખાચર ઝીંઝાવદર ગામના દરબાર હતા.

તેઓ મહારાજના ભક્ત હતા.

એકવાર તેઓ મહારાજને પોતાને ગામ તેડી લાવ્યા.



ગામમાં પેસતાં જ જોયું તો એક ઝાડ હેઠળ એક બાવો બેઠો હતો.

માથા પર મોટી જટા.

શરીર પર એકે વસ્ત્ર નહિ.

આંખ મીંચીને બેઠેલો.

મહારાજ તો આગળ ચાલ્યા ગયા, પણ અલૈયો કહે : 'મહારાજ હું જરા જોગીને પગે લાગી આવું ?'

મહારાજ હસ્યાં કંઈ બોલ્યા નહિ.

અલૈયા ખાચર એક જણાને સાથે લઈ બાવો બેઠો હતો ત્યાં આવ્યા. એને જય જય મહારાજ ! જય જય મહારાજ ! કહી પગે લાગ્યા, પણ બાવો સળવળ્યો નહિ, એણે આંખો ઉઘાડી નહિ.

અલૈયાને હવે બાવાની પરીક્ષા કરવાનું મન થયું. એમણે પોતાના સાથીદારને કહ્યું : 'આ તો કોઈ મહા સમર્થ યોગી લાગે છે ! ઘણાં વર્ષોથી આવા યોગીના દર્શન કરવાનું મને મન હતું, આજે એ ઈચ્છા પૂરી થઈ. એવો યોગી મળે તો એને પાંચ રૂપિયા ભેંટ ધરવા એવી મેં બાધા લીધી છે.'

મિત્રે કહ્યું : 'તો ધરી દે ભેટ'

અલૈયાએ કહ્યું : 'ધરુ, પણ ક્યાં ધરુ ?' નથી અહીં તુંબડી કે નથી ઝોળી ! તુંબડી હોત, તો તુંબડીમાં નાખત, ઝોળી હોત તો ઝોળીમાં નાખત ! કોઈ ચેલો યે નથી કે એના હાથમાં મૂકું ! રૂપિયા તો આ રહ્યા, પણ મૂકું ક્યાં ? ભોંય પર મૂકીને જાઉં તો કોઈ ઉપાડી જાય !'

આમ કહી એમણે હાથમાં રૂપિયા ખખડાવ્યા.

બાવો આંખો બંધ રાખી સાંભળતો હતો ફટ દઈને એણે મોં ફાડ્યું ! એમ કે રૂપિયા મારા મોઢામાં મૂક !

અલૈયા ખાચરને ખાતરી થઈ ગઈ કે બાવો ઢોંગી છે. લોકોને ઠગી પૈસા કમાવા માટે એમણે આવો વેશ લીધો છે. સાચો યોગી હોય તો પૈસાની આવી લાલચ હોય નહિ.

તરત જ અલૈયા ખાચરે રસ્તા પરથી ધૂળની ચપટી લઈ બાવાના ફાટેલા મોંમાં નાખી કહ્યું : 'ઢોંગીના મોંમા ધૂળ !'

અલૈયા ખાચરે પછી મહારાજને આ બાવાની વાત કરી.

એ સાંભળી મહારાજે કહ્યું : 'અમે સાત વર્ષ ભારતમાં ફર્યા ત્યારે

આવું ઘણું જોયું છે. એ જોઈને અમને થયું કે સાચો સાધુ કેવો હોય ! સાચો ત્યાગી કેવો હોય, તે અમારે જગતને દેખાડવું છે, એટલે અમે અમારા સાધુઓ માટે કડક નિયમો કર્યા છે, અને સૌને કહીએ છીએ કે સાચો સાધુ જોવો હોય તો અમારા સત્સંગમાં આવીને જોઈ લો !'

## ૧૪. શ્રીજી મહારાજના નોકર

ભગુજી કરીને શ્રીજી મહારાજના એક સેવક હતા.

શરીરે જરી નીચા, પણ જબરા.

બેઉ હાથે તલવાર ચલાવી જાણે.

મહારાજ તો સૌને પોતાના સમજતા, પણ કેટલાક વૈરાગીઓ અને દ્વેષીઓ મહારાજ પર ખાર રાખતા અને અનેક પ્રકારે મહારાજને પજવતા.

કેટલાક તો મહારાજને મારવા ફરતા.

પણ મહારાજ તો જાણે કંઈ છે જ નહિ એમ છૂટથી ફરતા.

ભગુજી રાતદિવસ એમની સેવામાં રહેતા.

એકવાર મહારાજ ગઢડામાં હતા ત્યારે બસો જેટલા દુશ્મનોએ હથિયારો લઈ દાદા ખાચરની જાગીર પડાવી લેવા ચડાઈ કરી.

ભગુજી માત્ર બાર માણસો લઈને એમની સામે થયા. લડાઈમાં દુશ્મને ભગુજી પર એવો ઘા કર્યો કે ભગુજીનો જમણો હાથ ખભામાંથી નકામો થઈ ગયો. જવાબમાં ભગુજીએ ડાબા હાથે પેલા પર એવો ઘા કર્યો કે એક જ ઘામાં એ અને એનો ઘોડો બેય ઊભા વેતરાઈ ગયા ! ભગુજી બરાબર લડ્યા. એમણે દુશ્મનોને મારી ભગાડ્યા.

આ લડાઈમાં ભગુજી પર અઢાર ઘા થયા હતા.

ભગુજીને ખાટલામાં નાખી ગામમાં લાવ્યા મહારાજે પોતે એમની ચાકરી કરી એમને સાજા કર્યા.

ભગુજી એવા બહાદુર હતા કે મોટા રાજાઓ એમને બોલાવતા અને કહેતા ભગુજી, અહીં આવો ને સરકારી નોકરી કરો ! પણ સૌને ભગુજી એક જ જવાબ આપતા 'મારી સરકાર મારા શ્રીજી મહારાજ અને હું મહારાજનો નોકર.'

ભગુજી આવા શ્રીજી મહારાજના નોકર હતા.



## ૧૫. ગૃહસ્થ છતાં ત્યાગી - માયારામ ભટ્ટ

સૌરાષ્ટ્રમાં માણાવદર કરીને એક ગામ છે.

ત્યાં એક બ્રાહ્મણ રહેતો હતો.

એનું નામ મયારામ ભટ્ટ.

એકવાર ભટ્ટજી ઘોડે બેસીને ગામ જતા હતા.

રસ્તામાં કોઈ મા દિકરી મળ્યાં.

માંએ મયારામને કહ્યું : 'મારી દીકરી માંદી છે, જરી ઘોડે બેસાડશો ?' ભટ્ટજી તરત ઘોડા પરથી ઊતરી પડ્યા અને બાઈની છોકરીને ઘોડા પર બેસાડી પોતે ઘોડાને દોરતા આગળ ચાલ્યા.

રસ્તે જતાં કોઈ માણસ મળ્યો, તેણે ભટ્ટજીને કહ્યું : 'તમે બેઉ ઘરડાં ચાલો છો અને આ જુવાન બાઈને ઘોડા પર કેમ બેસાડી છે ?'

ભટ્ટજી કંઈ બોલે તે પહેલાં ઘોડા પર બેઠેલી એ બાઈ હસીને બોલી પડી : 'જુવાનડાંને સૌ બેસાડે, ઘરડાંને કોણ બેસાડે ?'

આ સાંભળીને ભટ્ટજીને ખૂબ લાગી આવ્યું. તેમને થયું કે આ બાઈ માંદી જાણી દયા લાવી ઘોડે બેસાડી, જ્યારે એ મારા માટે કેવું અવળું બોલે છે ! બસ, આવી જ છે દુનિયા !'

એકદમ તેમનું મન સંસાર પરથી ઊઠી ગયું, તેમણે ભગવાનમાં મન પરોવ્યું.

એ ગૃહસ્થ હતા, ગૃહસ્થ રહ્યા, પણ સદા શ્રીજી મહારાજની સેવામાં ખડે પગે રહ્યા.

શ્રીજી મહારાજે પોતે 'શિક્ષાપત્રી'માં ભટ્ટજીને 'ગૃહસ્થ સત્સંગી' કહી બિરદાવ્યા છે અને ગૃહસ્થ સત્સંગીઓ માટે એમને નમૂના રૂપ ગણ્યા છે. આવા હતા ભક્ત મયારામ ભટ્ટ - ગૃહસ્થ છતાં ત્યાગી.

## ૧૬. મહારાજની માળા

શ્રીજી મહારાજ સંતો હરિભક્તોની સભા ભરીને બેસતા ત્યારે પણ તેમના હાથમાં માળા હોય જ.

મહારાજ વાતો કરતા હોય કે સાંભળતા હોય ત્યારે એના હાથમાં માળા ફરતી હોય- કોઈવાર મહારાજ એક પારો છોડે, તો કોઈવાર ત્રણ ચાર

કે પાંચ પારા પણ સાથે છોડે. ભક્તોને આથી નવાઈ લાગતી.

એકવાર કેટલાક ભક્તોએ પૂછ્યું : 'મહારાજ, અમે આપનું ભજન કરીએ છીએ અને આપના નામની માળા ફેરવીએ છીએ, પણ તમે કોનું ભજન કરો છો ? તમે કોની માળા ફેરવો છો ?'

મહારાજને આ પ્રશ્ન બહુ અગત્યનો લાગ્યો એટલે એમણે કહ્યું : 'બધા સત્સંગીઓ અહીં આવીને બેસો, એટલે અમો આનો ઉત્તર આપીએ !'

બધા સમજી ગયા કે આજે કંઈક અગત્યની ગૂઢ વાત જાણવા મળવાની, એટલે તરત બધા ભેગા થઈ ગયા.

પછી મહારાજે કહ્યું : 'સાંભળો ! સત્સંગીઓ ઘેર બેઠાં અમારું ભજન કરે છે એ અમારી માળા ફેરવે છે તેમના કલ્યાણને અર્થે એમને યાદ કરી અમે આ માળા ફેરવીએ છીએ.'

અમે ગામેગામ પગપાળા, ટાઢ તડકો વરસાદ ખમીને ફરીએ છીએ તેય એમના જ કલ્યાણને અર્થે. 'અમારા ભક્તોમાં અમારે કોઈ જાતની કસર રહેવા દેવી નથી. એમના કલ્યાણનો વિચાર કરી અમે ધ્યાન ધરીએ છીએ અને એમના કલ્યાણની આ માળા ફેરવીએ છીએ, આ અમારો સિદ્ધાંત છે !'

ત્યારે એક ભક્તે કહ્યું : 'મહારાજ, એ ખરુ, પણ કોઈ વાર તમે એક પારો મૂકો છો ને કોઈવાર બે, ત્રણ ચાર કે પાંચ પારા પણ સામટા મૂકો છો તેનું શું કારણ ?'

ત્યારે મહારાજે કહ્યું : 'અમે ગામગામના ભક્તોને યાદ કરીએ છીએ. તમે જેમ મને સંભારો છો ને ભજન કરો છો તેમ હું પણ જે મારાં એકાન્તિક હરિભક્તો છે તેમને સંભારીને ભજન કરું છું અને માળા ફેરવું છું, અને એ ગામમાં એક એકાન્તિક હરિભક્ત હોય તો એક પારો મુકું છું અને જો બે, ત્રણ ચાર કે પાંચ હોય તો જેટલા હોય એટલાને સંભારીને એટલા પારા મૂકું છું.'

આ સાંભળી હરિભક્તો કહે : 'ઓહોહો ! મહારાજની અમારા પર કેવી કૃપા છે ! ભક્ત ભગવાનને ભજે એવું સાંભળ્યું છે, પણ અહીંતો ભગવાન ભક્તને ભજે છે.'



## ૧૭. શૂરવીર ભક્ત - બેચર ચાવડો

શ્રીજી મહારાજ બીડી, તમાકું, ભાંગ, અફીણ, કુસંબો જેવાં વ્યસનોના વિરોધી હતા. પાનનું વ્યસન પણ તેમને ગમતું નહિ.

મહારાજની સેવામાં અસંખ્ય હરિભક્તો હતા, તેમાં કટેલાક શૂરવીર ભક્તો પણ હતા. ભગુજી, રતનજી અને બેચર ચાવડો એવા શૂરવીર ભક્તો હતા. તેઓ પાર્ષદ તરીકે મહારાજની સાથે રહેતા અને અનેક પ્રકારે મહારાજની સેવા ચાકરી કરતા.

મહારાજ ધામમાં ગયા પછી બેચર ચાવડો ખૂબ ઉદાસ થઈ ગયા. તેઓ મોરબીમાં આવીને રહ્યાં.

મોરબીના રાજાને બેચર ચાવડો ઢાલ-તલવાર વાપરવામાં કેવા શૂરવીર છે તથા કેવો હિંમતવાન છે તેની ખબર હતી, તેથી તેમણે તેને બોલાવીને ખાસ પોતાના અંગરક્ષક તરીકે રાખ્યાં. રાજા એમની સેવાથી ખુશ હતા.

એક વખત બેસતા વરસનો તહેવાર આવ્યો. રાજાએ દરબાર ભર્યો મોટા મોટા અમલદારો અને ભાયાતો દરબારમાં હાજર હતા. રિવાજ મુજબ કસુંબો ચાલ્યો. બધા પાય અને પીએ. એકલો બેચર ચાવડો ચુપ હતાં.

કેટલાક ભાયાતોએ રાજાને કહ્યું : 'આ ન ચાલે ! દરબારમાં બેસે તેણે કસુંબો પીવો જ પડે.'

બેચર ચાવડાએ કહ્યું : 'દરબાર, હું પીતો નથી.'

તરત જી હજુરિયો બોલી ઊઠ્યો : 'બેચર, તને તે કંઈ ભાન છે કે નહિ ? આજે બેસતા વરસના દિવસે દરબારનો હાથ પાછો ઠેલાતો હશે ?'

રાજા જોશમાં આવ્યો. તેણે ફરી બેચર ચાવડાને આગ્રહ કર્યો.

બેચરે જોયું કે અહીં મારું કંઈ ચાલવાનું નથી, પણ કસુંબો તો ન જ લેવાય ! મહારાજનો ભક્ત થઈને હું પીઉં તો મહારાજના રૂડા નામને લાંછન લાગે. તેણે તરત જ નિર્ણય કરી નાખ્યો.

એણે રાજાને કહ્યું : 'દરબાર, રહો ! પહેલાં આટલું કરો !'

આમ કહી એમણે મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી રાજાના હાથમાં ધરી દઈ કહ્યું 'દરબાર, પહેલાં આ તલવારથી મારું માથું ઉતારી લો, પછી મારા મોંમાં કસુંબો જેટલો રેડવો હોય એટલો રેડજો ! હું કંઈ નહિ બોલું !'

કસુંબાનું એક ટીપું જીભે અડે એ પહેલાં પ્રાણ ત્યજી દેવાની બેચર ચાવડાની આ તૈયારી જોઈ રાજા સ્તબ્ધ થઈ ગયો.

બેચરની હાંસી કરનારા ચુપ થઈ ગયા. રાજાએ પોતાનો હાથ પાછો ખેંચી લીધો, કુસંબો પીવામાં ને પાવામાં પણ એને રસ રહ્યો નહિ. એણે મનમાંને મનમાં બેચર ચાવડાને ધન્યવાદ આપ્યા અને બેચર ચાવડાને આવો અડગ ટેકીલો બનાવનાર શ્રીજી મહારાજને પણ મનોમન પ્રણામ કર્યા.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક ૧૮માં આજ્ઞા કરી છે કે ‘‘અમારા આશ્રિત પુરુષ સ્ત્રીએ ભાંગ, મફર, માજમ, ગાંજો, આદિક જે કેફ કરનારી વસ્તુ ખાવી નહિ અને પીવી પણ નહિ.’’

## ૧૮. જે મુખે પાન ચાવ્યા તે મુખે કોલસા કેમ ચવાય ?

ગજા ગઢવી નામે એક વિદ્વાન ચારણ હતા.

શ્રીજી મહારાજના એ પરમ ભક્ત હતા.

શ્રીજી મહારાજની ચાલ એમને મનુષ્યની નહિ, પણ દેવની લાગતી હતી. એ ચાલનાં એમણે અસંખ્ય કિર્તનો રચ્યાં છે.

એકવાર ધ્રાંગધ્રાના રાજાએ એમની કીર્તિ સાંભળી એમને બોલાવ્યા. તે વખતે રાજાના યુવરાજનો લગ્ન પ્રસંગ હતો. આવે પ્રસંગે રાજાઓ ચારણો પાસે પોતાની પ્રશંસાની કવિતાઓ રચાવતા અને એ કવિતાઓ સાંભળી એમને ઈનામ આપતા.

ધ્રાંગધ્રાના રાજાના મનમાં એવું કે ગજો ગઢવી આ પ્રસંગે મારી પ્રશંસાની કવિતા રચી સંભળાવશે અને હું એને ભારે ઈનામ આપીશ. બધે મારી ઉદારતાનો જયજયકાર થઈ જશે.

એણે ગઢવીને વિનંતી કરી : ‘કવિરાજ, આ પ્રસંગની કંઈ કવિતા રચી લલકારો !’

ગઢવી કંઈ બોલ્યા નહિ.

રાજાએ ફરી કહ્યું : ‘કવિરાજ, તમારી જીભે સરસ્વતી છે, કવિતા રચવામાં વાર કેટલી ?’

હવે ગઢવીએ જવાબ દીધો : ‘રાજન જે મુખે પાન ચાવ્યાં તે મુખે કોલસા કેમ ચવાય ? જે જીભે ભગવાનના ગુણ ગાયા એ જીભે માણસના ગુણ કેમ ગવાય ?’



રાજાને થયું કે કવિને બીક છે કે હું એમની પૂરી કદર નહિ કરું એથી એમણે ગર્વથી છાતી ફુલાવી કહ્યું : ‘કવિ, તમારી કદર કરવામાં હું પાછો નહિ પડું. તમને એક નહિ બે ગામ બક્ષિસમાં આપીશ.’

ગામ બક્ષિસમાં મળે એ લાલચ જેવી તેવી નહોતી.

પણ આતો ગજો ગઢવી.

એણે કહ્યું : ‘રાજન મારા ભગવાન તો મને અક્ષરધામ બક્ષિસમાં દઈ દીધું છે. એની આગળ તમારા ગામ ગરાસની શી કિંમત ?’

આમ કહી ગજો ગઢવી રાજાને અને રાજસભાને સલામ કરી વિદાય થઈ ગયા. એમના કોઠામાં શ્રીજી મહારાજના ભક્તની ખુમારી હતી. જેનામાં આવી ખુમારી હોય તેના પર લોભ કે લાલચની અસર થાય નહિ.

## ૧૯. જેને જેનો આશરો તેને તેની લાજ

ડોસાભાઈ નામે એક વાણિયા હરિભક્ત હતા.

એક દિવસ શ્રીજી મહારાજ એમના ત્યાં મહેમાન થયા.

ડોસાભાઈએ ખૂબ ભાવથી મહારાજની સેવા કરી.

મહારાજ કહે : ‘તમારા ઘરમાં શું છે ? ધન માલ જે હોય તે કાઢો !’

ડોસાભાઈએ જે કાંઈ રૂપિયા હતા તે કાઢ્યા, ઘરેણાં પણ કાઢ્યાં.

મહારાજ કહે : ‘હવે એનું પોટલું બાંધો !’

ડોસાભાઈએ પોટલું બાંધ્યું.

મહારાજ કહે : ‘હવે આ પોટલું માથે લઈને મારી જોડે ચાલો !’

ડોસાભાઈએ પોટલું માથે લીધુંને મહારાજની પાછળ ચાલ્યાં.

નથી ડોસાભાઈ પૂછતા કે નથી એમના પત્ની પૂછતા કે આ બધું શું છે ?

ગામ મેલ્યું. સીમ મેલી. ગામથી બે ગાઉ દૂર પહોંચી ગયા.

ત્યાં અવાવરું કૂવો હતો.

મહારાજે ડોસાભાઈને કહ્યું : ‘પોટલું આ કૂવામાં નાખો !’

ડોસાભાઈ ઘડ દઈને પોટલું કૂવામાં નાખ્યું.

મહારાજ હસીને કહે : ‘તમારું ધન બધું ગયું કૂવામાં !’

ડોસાભાઈ કહે : ‘મારું ધન હતું જ ક્યાં ? એ તો તમારું હતું. શેઠનું હતું. હું તો માત્ર શેઠનો ગુમાસ્તો છું. શેઠ કહે એમ મારે કરવાનું !’

તમે કહ્યું કે : પોટલું બાંધો તો બાંધ્યું, તમે કહ્યું કૂવામાં નાખો તો કૂવામાં નાખ્યું !'

'જેવી શેઠની આજ્ઞા !' કહી ડોસાભાઈ ઘેર ગયા.

ઘેર જઈને જોયું તો વળી જુદો જ ખેલ ભજવાઈ ગયો હતો. ઘરમાં બધું વેરણછેરણ પડ્યું હતું. પેટી પટારાની કોઈએ ભાંગફોડ કરી હતી.

ડોસાભાઈએ કહ્યું : 'આ વળી શું ?'

તેમનાં પત્નીએ કહ્યું : 'તમારા ગયા પછી ગામમાં ધાડ પડી. લૂટારાઓએ એકે એક ઘર પર છાપો મારી લૂંટ કરી. જેના ઘરમાંથી જે કંઈ જરઝવેરાત કે નાણું મળ્યું તે બધુ ઉપાડી ગયા. આપણે ત્યાં પણ આવેલા પેટી પટારા બધા ફેંકી નાંખ્યા, પણ કશું મળ્યું નહિ.'

મળે ક્યાંથી ? બધું તમે લઈ ગયા હતા !'

હવે ડોસાભાઈને સમજ પડી કે મહારાજ મારું ધન બચાવવા જ આ કરામત કરેલી. બીજે દિવસે વનમાં જઈને તેઓ પોતાનું ધનનું પોટલું પાછું લઈ આવ્યા.

આવા હતા શ્રીજી મહારાજ. જે એમનો આશ્રય લે તેણે પછી કોઈ વાતે ચિંતા રહે જ નહિ.

## ૨૦. સૂબાનું કાવતરૂં

લગભગ બસો વર્ષ પહેલાંની વાત છે.

તે વખતે અમદાવાદમાં પૂનાની પેશ્વા સરકારનું રાજ્ય હતું.

પેશ્વાનો સૂબો અમદાવાદમાં રહેતો હતો.

પેશ્વા બ્રાહ્મણ હતા અને એમનો સૂબો પણ બ્રાહ્મણ હતો.

બનવાકાળ તે સૂબાના બાપ મરી ગયા.

દ્વેષી લોકોએ સૂબાને ભંભેર્યો કે સહજાનંદ સ્વામી બલિદાન વિનાના યજ્ઞો કરે છે અને એને રોકતા નથી, તેથી કાળકામા તમારા પર ગુસ્સે થયા છે અને તમારા બાપને ભરખી ગયા છે. માટે તમે એમને સજા કરો, નહિ તો હજી શું ખબર શું થશે !

સૂબાને શ્રીજી મહારાજ પર ગુસ્સો ચડો. તેણે એક ટાકું તૈયાર કરાવ્યું. અને તેમાં ઉકળતું તેલ ભર્યું. પછી તો ઉપર લાકડાની પાતળી ખપોટીઓ તેના ઉપર સુંદર ગાદી તકિયા બિછાવ્યા. તેની ગણતરી એવી કે મહારાજને આ



ગાદી પર બેસાડીશ બેસવા જતાં જ ખપાટો તૂટશે અને ગાદી સાથે મહારાજ ઉકળતા તેલના ટાંકામાં જઈને પડશે ને મરી જશે !

સૂબાના નિમંત્રણથી મહારાજ કેટલાક સંતો સાથે સૂબાને મળવા ગયા. સૂબાએ ખૂબ ઠાઠથી એમનો સત્કાર કર્યો અને મહારાજને પેલા ગાદી તકિયે બિરાજવાનું કહ્યુ.

મહારાજે એક પગ ગાદી સામે નજર કરી કહ્યું : 'અમે રહ્યા સાધુ, આવી ભપકાદાર રાજગાદી પર અમે ન શોભીએ, માટે આપ પોતે એના પર બિરાજો ! અમે ઊભા છીએ.'

સુબાએ કહ્યું : 'આપના માટે જ આ આસન છે, આપ અહીં બિરાજો !'

મહારાજે શબ્દો પર ભાર દઈને કહ્યું : 'મારા માટે જ આ આસન છે એ જાણું છું, એટલે જ આપને કહું છું કે આપ અહીં બિરાજો !'

આમ કહી હસીને મહારાજે પોતાના હાથમાં રાખેલ લાકડી લાંબી કરી તેની અણી ગાદી પર દબાવી ત્યાં તો કડડડ અવાજ થયો અને આખી ગાદી ટાંકામાં જઈને પડી ! ટાંકામાંથી ઉકળતા તેલની વરાળો બહાર આવી.

સૂબાનું કાવતરું ખુલ્લું પડી ગયું. એના મનથી કે આજે સિંહ મારી જાળમાં સપડાયો છે, પણ સિંહ તો છૂટ્ટો હતો અને એ પોતે જ સપડાયો હતો !

એના ગુસ્સાનો પાર ન રહ્યો.

એણે બરાડો પાડી કહ્યું : 'અત્યારે ને અત્યારે તમે અમદાવાદની હદ છોડી જતા રહો ! ખબરદાર, ફરી આ શહેરમાં પગ મૂક્યો છે તો !'

મહારાજે શાંતિથી કહ્યું : 'ક્યાં લગી શહેરમાં ન આવું ? સૂબાએ ગુસ્સામાં મતિ ગુમાવી હતી એણે કહ્યું : 'અહીં મારું રાજ્ય છે ત્યાં લગી !'

'ભલે, એમ થશે !' કહી મહારાજ તેજ ઘડીએ ત્યાંથી પાછા ફરી ગયા અને અમદાવાદ છોડી ચાલ્યા ગયા.

મહારાજને અમદાવાદમાંથી કાઢી મુકીને સૂબો ખુશ થયો, અને બાવા વૈરાગીઓ ખુશ થયા, પણ એ ખુશી લાંબી ચાલી નહિ - થોડા મહિનામાં જ અમદાવાદમાંથી પેશ્વાની હૂકમત ઊડી ગઈ અને અંગ્રેજોનું રાજ્ય થયું.

અંગ્રેજોના રાજ્યમાં અમદાવાદના અંગ્રેજ કલેકટર સામે ચાલીને

શ્રીજી મહારાજને અમદાવાદમાં પધારવા નિમંત્રણ આપ્યું. પોતે ભવ્ય સામૈયું કર્યું, અને મંદિર બાંધવા વિશાળ જમીન આપી. દ્વેષીઓના હાથ હેઠા પડ્યા.

## ૨૧. સાચો માર્ગ

કચ્છમાં ભુજની પાસે માનકૂવા કરીને ગામ છે. ત્યાં લવજી કરીને એક બ્રાહ્મણ રહેતો હતો.

એ જંતર મંતર કરતો. લાકડાનાં અને લોખંડના પૂતળાં બનાવી સિંદૂર લગાડી તેની પૂજા કરતો. એણે માથે લાંબા વાળ રાખ્યા હતા. એ વાળ છૂટા મુકી અને ધૂણતો પણ ખરો. કોઈ માંદુ થાય તો બ્રાહ્મણ એને અષ્ટમ્ પષ્ટમ્ સમજાવી કંઈને કંઈ જંતર મંતર કરતો, દોરા ધાગા કરતો, અને આ પૂતળાંની બાધા રખાવતો ! આવાં કંઈ કંઈ નાટક ચેટક અને પાખંડ ચલાવતો અને એમ લોકોને ધૂતી પોતાનું પેટ ભરતો.

એકવાર મહારાજ માનકૂવે પધાર્યા.

લવજી બ્રાહ્મણની વહુ ડાહીબાઈએ મહારાજને પોતાને ઘેર જમવા પધારવા વિનંતી કરી. મહારાજે હા પાડી.

સમય થતાં મહારાજ લવજીને ઘેર પધાર્યા. લવજીએ મહારાજને ઓસરીમાં આસન પાથરી બેસાડ્યા. સામે જ ઘરનો ઓરડો હતો. મહારાજને ઓરડામાં નજર કરી તો ત્યાં લાકડાનાં અને લોખંડના કેટલાક પૂતળાં હતાં અને તેના પર સિંદૂર લગાડેલું હતું. મહારાજે લવજીની સામે જોયું તો માથે લાંબો ચોટલો હતો અને કપાળમાં સિંદૂરનું લાંબું તિલક તાણ્યું હતું !

મહારાજ સમજી ગયા.

તેમણે કહ્યું : 'લવજીભાઈ, અહીં આટલાં બધાં દેવલાં છે, પછી અમારૂં અહીં શું કામ ? અમને જમવા તેડવામાં તમે ભૂલ કરી છે. અમે અહીં નહિ જમીએ ! અમે ઊભા પણ નહિ રહીએ.'

આમ કહી મહારાજે ઊભા થઈ ચાલવા માંડ્યું.

બ્રાહ્મણ પાછળ દોડ્યો : 'ઊભા રહો મહારાજ, શીદ પધારો છો ?'

મહારાજે કહ્યું : 'પાખંડીની સાથે અમારે બને નહિ ! કાંતો તમે અમને રાખો અથવા દેવલાંને રાખો !'

લવજીના પૂર્વજન્મનાં પુણ્ય જાગી ગયાં. અને એકાએક પોતાની ભૂલનું ભાન થયું એણે કહ્યું : 'મહારાજ, જેમ તમે કહો તેમ કરું !'



ત્યારે મહારાજે કહ્યું : 'આ દેવલાંને જળમાં પધરાવી દો ! અને હવેથી જંત્રમંત્ર, નાટક ચેટક, પાખંડ વગેરે કંઈ કરવું નહિ, અને ધૂણવું ધૂણાવવું નહિ, માથેથી ચોટલો પણ ઉતારી નાખો !'

લવજીએ તેજ વખતે દેવલાંને પોટલીમાં બાંધી નદીના ઉંડાં જળમાં પધરાવી દીધાં.

તે પછી મહારાજ તેને ત્યાં જમ્યા.

તે જ દિવસે લવજીએ માથાનો ચોટલો પણ કપાવી નાખ્યો. પછી નાહી ધોઈ મહારાજના પગમાં પડ્યો.

હવે તે પાકો સત્સંગી બની ગયો. જંતર મંતર, દોરા ધાગા, ધૂણવું ડાકલાં વગડવાં અને એવાં બધા જ નાટકમાં ફસાયા વગર શ્રીજી મહારાજની આજ્ઞામાં રહેવું. સર્વ શક્તિમાન ભગવાનનું જેણે શરણું લીધું તેણે કોઈ પાખંડનો આશરો લેવાનો હોય જ નહિ.

## ૨૨. સંતનો મહિમા

સ્વામી બ્રહ્માનંદ મહાન કવિ હતા.

તેમણે આઠ હજારથીયે વધારે કાવ્યો રચ્યાં છે.

શ્રીજી મહારાજ પર તેમને અત્યંત પ્રીતિ હતી.

શ્રીજી મહારાજ તેમને વહાલમાં સખા કહેતા.

મહારાજના આ સખા એકવાર બીમાર પડ્યા.

બીમારી બહુ વધી ગઈ. મહારાજ એમની ખબર કાઢવા પધાર્યા.

પછી કહે કે સૌ સંતો, હરિભક્તો, કેમ ઉદાસ થઈ ગયા છો ?

બધા કહે : 'મહારાજ, સ્વામી તો સત્સંગના સ્તંભ છે. કોઈ રીતે એમને અહીં રાખો !'

'જીવુબા, લાડુબા વગેરે સત્સંગી બાઈઓએ પણ મહારાજને વિનંતી કરી કે સ્વામી તો તમારા સખા છે, સખાને જોર કરીનેય રાખો !'

ત્યારે મહારાજે હસતા હસતા કહ્યું : 'તિજોરીમાં ધન ન હોય તો રાજા યે શું કરે ?'

લાડુબાએ કહ્યું : 'શું કરે તે રૈયત પાસેથી કરવેરા લઈને તિજોરી ભરે !'

મહારાજે કહ્યું : 'ખરું કહ્યું ! સ્વામીનું આયુષ્ય ખૂટ્યું છે, તો તમે બધા તમારા આયુષ્યમાંથી ચપટી ચપટી આયુષ્ય આપવા તૈયાર છો ?'

એકદમ બધા બોલી ઊઠ્યા : 'આપ્યું ! આપ કહો એટલી વાર !'

મહારાજે કહ્યું : 'તો કરો સૌ સંકલ્પ કે મારા આયુષ્યમાંથી એક અઠવાડિયાનું આયુષ્ય હું સ્વામીને આપું છું.'

એક સામટા છસો માણસોએ ત્યાં ને ત્યાં આ સંકલ્પ કર્યો.

મહારાજે પ્રસન્ન થઈ કહ્યું : 'સ્વામી હજી ખાસ્સાં બાર વર્ષ જીવશે !'

એવું જ બન્યું.

એ માંદગીમાંથી સ્વામી સાજા થઈ ઊઠ્યા. હવે બેવડા ઉત્સાહથી એમણે કીર્તનો રચવા માંડ્યા.

આવો હતો હરિભક્તોનો સંતો પર પ્રેમ, સંતો જેમ મહારાજને વહાલા હતા, તેમ હરિભક્તોનેયે પ્રાણસમા વહાલા હતા. ''જેને ભગવાનનો સંતનો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોક લાજનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે રાજાનો ત્યાગ કરે સ્ત્રીનો ત્યાગ કરે સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે (વચનામૃત લોયા-૩)''

## ૨૩. લાધીબાઈ

સૌરાષ્ટ્રમાં જેવું ગઢડા, તેવું કચ્છમાં ભુજ.

શ્રીજી મહારાજ કચ્છમાં પધારે ત્યારે એમનો કાયમનો મુકામ ભુજમાં હોય.

ભુજમાં મહારાજના અસંખ્ય ભક્તો હતા.

તેમાં એક લાધીબાઈ હતાં.

લાધીબાઈ નાની ઉંમરના જ વિધવા થયાં હતાં, અને રાતદિવસ ભગવાનનું જ ચિંતન કરતાં હતાં. મહારાજના પહેલા દર્શન થયાં ત્યારથી તેઓ મહારાજના પાકાં ભક્ત બની ગયા હતા.

મહારાજ ઘણીવાર એમને ઘેર પધારતા અને એમનો થાળ જમતા.

એકવાર એક હરિભક્તને ઘેર મહારાજ બિરાજ્યા હતા, અને સગડીએ તાપતા હતા. કેટલાક હરિભક્તો પણ ત્યાં હાજર હતાં. તેમાં લાધીબાઈ પણ હતાં. એવામાં એક જટાધારી બાવો ત્યાં આવ્યો અને વિનય વિવેક ભૂલી



એલફેલ બોલવા લાગ્યો : 'હું સમાધિવાળો સિદ્ધ છું, હું સમાધિમાં ભગવાનની સાથે મોઢામોઢ વાતો કરું છું.'

મહારાજે હસીને કહ્યું : 'ઠીક વાત તો કરો સમાધિ ! એક બાજુ અમારાં લાધીબાઈ સમાધિમાં બેસે, બીજી બાજુ તમે બેસો ! બેઉના હાથ પર સગડીના અંગારા ચાંપી હું જોઈશ કે કોની સમાધિ સાચી છે.'

આમ કહી એમણે લાધીબાઈ સામે જોયું.

ત્યાં તો લાધીબાઈ સમાધિમાં ઉતરી ગયાં.

શ્રીજી મહારાજે સગડીમાંથી ધગધગતો કોલસો ચીપિયાથી ઉપાડી લાધીબાઈના હાથમાં કાંડા પર મૂકી દીધો.

લાધીબાઈ જરાય સળવળ્યાં નહિ.

પણ પેલો સમાધિવાળો સિદ્ધ આ જોઈને ત્યાંથી ભાગ્યો. મહારાજે કહ્યું : 'શા સારું ભાગો છો ? બેસો સમાધિમાં ? તમે સિદ્ધ છો !'

પણ બાવો તો ભાગ્યો એ ભાગ્યો.

મહારાજ હસ્યા.

હરિભક્તો ચિંતાતુર બની રહ્યા હતા. ધગધગતા અંગારાથી લાધીબાઈના કાંડાની ચામડી બળી તેમાં ખાડો પડી ગયો હતો.

લાધીબાઈની ચામડી બળી તેમાં ખાડો પડી ગયો હતો.

ભક્તોનાં ચિંતાતુર મુખ જોઈ મહારાજે કહ્યું : 'જગાડો લાધીબાઈને !'

ભક્તોએ લાધીબાઈને જગાડવા ઘણી મહેનત કરી, તેમના કાનમાં મોં ઘાલી બૂમો પાડી, પણ લાધીબાઈ જાગ્યાં નહિ.

ત્યારે મહારાજે લાધીબાઈને જગાડ્યાં.

લાધીબાઈ ભાનમાં આવ્યાં એટલે મહારાજે તેમને પૂછ્યું : 'તમને કંઈ પીડા થાય છે ? તમારા હાથમાં કાંડા પર આ શું થયું છે ?'

લાધીબાઈએ હાથનું કાંડુ જોયું ને કહ્યું : 'શું થયું છે આ ? મને તો કંઈ ખબર નથી ! કશી પીડા તો થતી નથી.'

ફરી મહારાજે પૂછ્યું : 'હવે કાંઈ પીડા વરતાય છે ?'

લાધીબાઈએ કહ્યું : 'હા, હવે દરદ થાય છે.'

મહારાજે હસીને એક ભક્તને કહ્યું : 'લાધીબાઈ જરી દાઝયાં છે, તમારે ઘેરથી જરી મલમપટી લઈ આવશો ?'

મલમપટી આવી એટલે મહારાજે તે લાધીબાઈના કાંડા પર લગાડી દીધી.

લાધીબાઈ હરખાતાં હરખાતાં ઘેર ગયાં આજે તે મહારાજના હાથની સેવા પામ્યા હતાં તેનો આનંદ જેવો તેવો ન હતો.

## ૨૪. કૃતઘ્ની સાધુ સેવકરામ

નીલકંઠવર્ણી ભારતનાં તીર્થોની જાત્રાએ નીકળ્યા હતા.

તેઓ દક્ષિણ ભારતમાં હતાં.

તેવામાં તેમને એક સાધુ મળ્યો.

એણે પુરાણો વગેરે ધર્મગ્રંથનો સારો અભ્યાસ કર્યો હતો.

ભાગવતની કથા તો એવી કરે કે લોકો રૂપિયાનો વરસાદ વરસાવે.

આ બધા રૂપિયા ગાંઠે બાંધીને એ ફરતો હતો.

કંઈ નહિ તો એક હજાર સોનામહોરો એની પાસે હતી.

બન્યું એવું કે રસ્તામાં એ માંદો પડ્યો.

એને ઝાડા થઈ ગયાં. ચાલવાની તો શું, ઊભા રહેવાનીયે એનામાં શક્તિ રહી નહિ. માથે હાથ દઈ એ રોવા લાગ્યો : ‘હાય હાય રે, હવે મારું શું થશે ? મારી કોણ ચાકરી કરશે ?’

નીલકંઠ વર્ણીએ કહ્યું : ‘ચિંતા ન કરો, હું તમારી સેવા ચાકરી કરીશ.’

ગામ બહાર એક કેળની વાડી હતી. વાડીમાં એક વડનું ઝાડ હતું.

નીલકંઠવર્ણીએ એ ઝાડ હેઠળ કેળનાં પાંદડા લાવી એક હાથ ઊંચી પથારી કરી તેની પર સેવકરામને સુવાડ્યો.

સેવકરામમાં તો હવે હાલવા ચાલવાની યે શક્તિ નહોતી, તેનાં ઝાડો પેશાબ પણ નીલકંઠ વર્ણી સાફ કરતા, એને માટે દવા લઈ આવતા. અને એને પાતા.

સાધુ ધીરે ધીરે સાજો થતો જતો હતો. હવે તેને ભૂખ લાગતી હતી.

એની પાસે પૈસા પણ હતા. એણે વર્ણીને કહ્યું : ‘લે આ પૈસા ! ગામમાંથી ખાંડ, ઘી, આટો વગેરે લઈ આવ અને રસોઈ કરી મને જમાડ !’

આમ કહી વર્ણીને પૈસા આપ્યા પણ કેટલા ? એક માણસના પેટ પૂરતા ! એક દોકડો વધારે નહિ !

વર્ણી આ પૈસામાંથી સીધું સામાન લઈ આવ્યા. તેમણે રસોઈ કરી.



સાધુ જમવા બેઠો. બધી જ રસોઈ એ ખાઈ ગયો. એણે વર્ણીને કહ્યું નહિ કે તું મારી આટલી ચાકરી કરે છે, રસોઈ કરી મને જમાડે છે, તો તું યે ભેળો બેસ !

સાધુ જમીને આરામ કરવા પડ્યો, પણ વર્ણી ભૂખ્યા હતા. તેમણે વસ્તીમાં જઈ ભીક્ષા ઉઘરાવી જે મળ્યું તેના પર દિવસ પૂરો કર્યો.

આવું રોજ ચાલવા માંડ્યું. રોજ વર્ણી ગામમાંથી સીધું સામાન લાવી સાધુને રાંધી ખવડાવે અને પોતે વસ્તીમાં જઈને ભિક્ષાન્ન જમી આવે. કોઈવાર ભીક્ષામાં કશું મળે નહિ તો એમને ઉપવાસ થાય. સાધુ આ જાણે, તોય કદી એમ કહે નહિ કે મારી પાસે પૈસા છે, થોડા પૈસા વધારે લઈ જા, અને આપણા બેને કાજે રસોઈ કર, અને તું પણ ભેળો જમ.

આમ બે મહિના વીતી ગયા.

સાધુ હવે પૂરેપૂરો સાજો થઈ ગયો હતો, ટંકે એક શેર ઘી જમી જતો હતો એટલી એનામાં શક્તિ હતી. એણે વર્ણીને કહ્યું : ‘હવે આપણે સેતુબંધ રામેશ્વર જવા ઉપડીએ !’

આમ કહી એણે પોતાનું મોટું પોટલું વર્ણીને ઉપાડવા આપ્યું. પોટલામાં પૂરો મણ એકનો ભાર હતો. ટંકે એક શેર ઘી ખાનારો એ પોતે હાથમાં માત્ર એક માળા લઈને ચાલતો હતો, અને જેની હડ્ડી તો શું નસો સુધ્ધાં ગણી શકાતી હતી એવા નીલકંવર્ણી પારકાનો મણમણનો ભાર ઊપાડીને ચાલતા હતા !

વર્ણી પોતે તો કંઈભાર રાખતા નહિ, એક રૂમાલ સરખો યે નહિ !

શ્રીજી મહારાજે પોતે સ્વમુખે આ વાત કરી છે. તેઓ કહે છે : ‘અમારી પ્રકૃતિ તો એવી હતી જે ભાર નામે તો એક રૂમાલ પણ અમે રાખતા નહિ. પણ એને સાધુ જાણીને અમે એનો મણ એકનો ભાર ઉપાડી ચાલતા. એવી રીતે એ સાધુની અમે ચાકરી કરીને એને સાજો કર્યો. પણ તે સાધુએ અમને એક પૈસા ભાર અન્ન આપ્યું નહિ. પછી તેને કૃતઘ્ની જાણીને અમે તેના સંગનો ત્યાગ કર્યો. એવી રીતે જે મનુષ્ય કર્યા કૃત્યને ન જાણે તેને કૃતઘ્ની જાણવો.’

શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક ૨૬માં આજ્ઞા કરી છે કે, “જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો.”

# ૨૫. જીવનનુ મૂલ્ય

કોઈ એક ગામમાં એક માણસ રહેતો હતો.

પૈસે ટકે તે ખૂબ દુઃખી હતો.

બે ટંક તો શું, એક ટંક પણ એને પુરૂં ખાવાનું મળતું નહિ. ઘણા દેવદેવીઓની એણે પૂજા-પ્રાર્થના કરી, પણ એની હાલતમાં કંઈ ફરક પડ્યો નહિ. ત્યારે એને થયું કે મરી જાઉં તો દુઃખમાંથી છૂટું.

મરવા માટે એ ગામથી દૂર એક અવાવરૂં કૂવો હતો ત્યાં ગયો. કૂવાના થાળા પર ઉભો રહી એ કૂવામાં કૂદી પડવા જતો હતો, ત્યાં એકાએક એના કાને અવાજ આવ્યો. સબૂરા !

ચમકીને એણે જોયું તો એક તરુણ તપસ્વી એને કૂવામાં પડતો રોકવા દોડી આવ્યો હતો. એ હતા નીલકંઠ વર્ણી.

વર્ણીનું તેજસ્વી મુખ મંડળ જોઈ પેલો માણસ એમને પગે લાગ્યો.

વર્ણીએ કહ્યું : 'તું આ શું કરે છે ?'

જવાબ મળ્યો 'મરું છું. જીવવા માટે ધન ધાન જોઈએ. ભગવાને મને આ ધન ધાન આપ્યું નહિ, એટલે ભગવાનની ઈચ્છા મને જીવાડવાની નથી એમ સમજી આ કૂવામાં પડી આપઘાત કરી મરું છું.'

આ સાંભળી વર્ણીએ કહ્યું : 'અરે ભાઈ, ભગવાનની ઈચ્છા તને જીવાડવાની છે. એટલે તો અત્યારે તને કૂવામાં પડતો રોક્યો !'

પેલાએ કહ્યું : 'ભગવાન છે જ ક્યાં ?'

વર્ણી કહ્યું : 'તારી નજર સામે જ છે.'

એકાએક પેલા માણસની આંખોના પડળ ઊઘડી ગયાં. તેને વર્ણીમાં ભગવાનનું પ્રત્યક્ષ દર્શન થયું. તે વર્ણીના ચરણમાં ઢળી પડ્યો.

વર્ણીએ કહ્યું : 'હતાશ ના થા ! જીવન જીવવા માટે છે, મરવા માટે નથી. જીવનમરણના માલિક ભગવાન છે. માટે સદા ભગવાનનું શરણ લેવું. આપઘાતનો કદી વિચાર કરવો નહિ. જે માણસ બીજાની હત્યા કરે છે તે પાપી છે, પણ જે આપઘાત કરી પોતાની હત્યા કરે છે તે તો મહાપાપી છે. માટે એવું મહાપાપ કદી કરવું નહિ !'

'હું કદી એવું મહાપાપ નહિ કરું !' કહી પેલો માણસ શાંતિથી પોતાને ઘેર ગયો.

વર્ણી પોતાના માર્ગે આગળ વધ્યા.



# ૨૬. લોજ ગામે આગમન

સૌરાષ્ટ્રમાં માંગરોળ પાસે લોજ નામે ગામ છે.

સંવત ૧૮૫૬ ના શ્રાવણ વદી છઠની સવારે ગામની સ્ત્રીઓ વાવ પર પાણી ભરવા ગઈ ત્યારે તેમણે ત્યાં વડના ઝાડ હેઠળ એક દૂબળા પાતળા બ્રહ્મચારીને ધ્યાનમાં બેઠેલા જોયા, એની ઉંમર અઢારેક વરસની હતી. પણ શરીર એવું ક્ષીણ હતું કે માંડ તેર ચૌદ વરસના લાગતા હતા. સ્ત્રીઓને નવાઈ લાગી કે આવડી નાની ઉંમરે એણે કેમ ઘર છોડ્યું હશે ?

એટલામાં સુખાનંદ નામના એક સાધુ ત્યાં નાહવા આવ્યા. તેઓ પણ આ બાળ બ્રહ્મચારીને જોઈ નવાઈ પામ્યા. એમની આંખોનું તેજ જોઈ તેમની નજર સ્થિર થઈ ગઈ. આગ્રહ કરીને તેઓ એને પોતાના આશ્રમમાં લઈ ગયા.

એ બ્રહ્મચારી હતા નીલકંઠ વર્ણી, અને એ આશ્રમ હતો રામાનંદ સ્વામીનો. સ્વામીના પટ્ટશિષ્ય મુક્તાનંદ સ્વામી એ આશ્રમ સંભાળતા હતા. તેમણે નીલકંઠ વર્ણીનો ખૂબ ભાવથી સત્કાર કર્યો.

નીલકંઠ વર્ણી જ્યાં જતા ત્યાં સાધુઓને કેટલાક પ્રશ્નો પૂછતા. અહીં પણ એમણે કેટલાક પ્રશ્નો પૂછ્યા - મુક્તાનંદ સ્વામીએ પ્રશ્નોના જે જવાબ આપ્યા તે સાંભળીને એમને સંતોષ થયો અને રામાનંદ સ્વામીના દર્શન કરવાની ઈચ્છા થઈ. રામાનંદ સ્વામી તે વખતે ભૂજમાં હતા. તેથી વર્ણી રોકાઈ ગયા. આમ સાત વર્ષ, એક માસ અને અગિયાર દિવસે આજે એમના વનવિચરણનો અંત આવ્યો.

મુક્તાનંદ સ્વામી કથા કરતા હતા. સભામાં પુરૂષો હતા. અને સ્ત્રીઓ પણ હતી. નીલકંઠ વર્ણીએ કહ્યું : 'સ્ત્રી પુરુષોની ભેગી સભા ન ચાલે !'

મુક્તાનંદ સ્વામી ઉંમરમાં બાવીસ ત્રેવીસ વરસ મોટા હતા, પણ તેમને લાગ્યું કે બાળ વર્ણીની વાત સાચી છે. એટલે એમણે જાહેર કર્યું કે આજથી બાઈઓ ભાઈઓની સભા જુદી થશે.

મોટા માણસો 'નાના માણસોની પાસેથી પણ શીખવા તૈયાર હોય છે અને પોતાની ભૂલ દેખાય તો માન અપમાન ભૂલીને તરત ભૂલ સુધારે છે તેનો આ દાખલો છે.'

આ આશ્રમને અડીને એક વાળંદનું ઘર હતું. એ ઘરની વચમાં એક દીવાલ હતી. એ દીવાલમાં એક બાકું હતું. એ બાકાં વાટે આશ્રમના સાધુ અને વાળંદની સ્ત્રી વચ્ચે ચૂલો પેટાવવા માટે દેવતાની આપલે થતી. નીલકંઠ વર્ણીએ આ જોયું. એણે તરત કહ્યું : 'આ ન ચાલે ! સાધુઓને સ્ત્રીઓનો સંપર્ક રાખવો ન જોઈએ. આ બાકું ભીતમાં નથી, પણ ધર્મમાં છે. માટે એ પૂરી નાખો !'

મુક્તાનંદ સ્વામીએ આ વાત પણ માની. બાકું પુરાઈ ગયું. નીલકંઠ વર્ણી આશ્રમના સાધુઓને યોગનું શિક્ષણ આપતા. મુક્તાનંદ સ્વામી સુધ્ધાં સૌને ખાતરી થઈ ગઈ કે આ યુવાન વર્ણી અમારા સૌ કરતા ઘણો આગળ વધેલો છે. તેથી સૌ તેને માન આપતા આમ છતાં વર્ણી આશ્રમના બીજા સાધુઓની પેઠે જ મુક્તાનંદ સ્વામીને મોટેરા માની તેમની આજ્ઞામાં રહેતા અને બીજા સાધુઓની પેઠે જ તેઓ પણ આશ્રમમાં નાના મોટા તમામ કામ કરતા - છાણવાસીદું વાળતા, ઝાડુ કાઢતા, વાસણ ઉટકતા, પાણી ખેંચી સાધુઓને નવડાવતા ! તેઓ બળતણ માટે છાણ ભેગું કરતા અને છાણાં પણ થાપતા ! ખભા પર કાવડ લઈ આશ્રમ માટે ભિક્ષા માગવા જતા. પોતે દિવસમાં માત્ર એક જ વખતે જમતા રોટલો ને મરચુ ! બાળપણથી જ એ જીભના સ્વાદિયા તો હતા જ નહિ.

મુક્તાનંદ સ્વામી સાથે વર્ણીને ખૂબ સારો મેળ મળી ગયો હતો. એટલે સુધી કે તેઓ સ્વામીને કહેતા કે 'તમે મને રામાનંદ સ્વામીનાં દર્શન કરાવો તો પછી આપણે બે જણ વનમાં જઈને ભગવાનનું અખંડ ધ્યાન કર્યા કરીશું અને કોઈ દિવસ વસ્તીમાં તો આવીશું જ નહિ. મને તો વન હોય, પર્વત હોય, નદી હોય, ઝાડ હોય, એકાંત ઠેકાણું હોય ત્યાં જ વધારે ગમે છે ! (વચનામૃત ગઢડા છેલ્લું પ્રકરણનું ૧૩)'

એકવાર વર્ણીને રામાનંદ સ્વામીની મૂર્તિ કેવી છે. તે જાણવાનું મન થયું તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું : 'તમે રામાનંદ સ્વામીના ધ્યાનમાં બેસો ! સ્વામી રામાનંદજી ધ્યાનમાં બેઠા, તેમની સામે વર્ણી મુક્તાનંદજીના ધ્યાનમાં બેઠા અને એ રીતે એમણે મુક્તાનંદ સ્વામીના ચિત્તમાં પ્રવેશ કરીને રામાનંદ સ્વામીના સ્વરૂપનું દર્શન કર્યું એને રામાનંદ સ્વામીનું નખશિખ વર્ણન કરી બતાવ્યું બિલકુલ સચોટ !'



## ૨૭. રામાનંદ સ્વામી અને નીલકંઠ વર્ણીનો મેળાપ

નીલકંઠ વર્ણીની યોગસિદ્ધિ જોઈ મુક્તાનંદ સ્વામી છક થઈ ગયા હતા. આ પહેલાં આવા યોગી તેમણે કદી જોયા નહોતા. તેમણે નક્કી કરી નાખ્યું કે કોઈ રીતે વર્ણીને અહીંથી જવા દેવા નહિ.

તેમણે રામાનંદ સ્વામીને લખ્યું કે જલદી પધારો ! નહિ તો આ બ્રહ્મચારી અહીંથી ચાલ્યા જશે તો આવા યોગી ફરી જોવા નહિ મળે.

આ કાગળની જોડે વર્ણીએ પણ લખ્યું કે ખેડૂત વરસાદની રાહ જુએ તેમ હું આપની રાહ જોઉં છું.

આ કાગળો રામાનંદ સ્વામીને મળ્યા ત્યારે એકદમ હરખાઈને બોલી ઊઠ્યા. જેની અમે રાહ જોતા હતા તે સત્સંગના ધણી આવી પહોંચ્યા ! એની આગળ અમે તો શું છીએ ! આજ લગી અમે કહ્યા કરતા હતા કે અમે તો માત્ર ડુગડુગી વગાડનારા છીએ. ખરા ખેલના ભજવનારા તો હવે આવવાના છે ! તે હવે આવી ગયા છે !

આમ શ્રીજી મહારાજના પ્રાગટ્યની પહેલી જાહેરાત ભુજમાં થઈ.

ભક્તો બધા આશ્ચર્ય પામી સાંભળી રહ્યા.

રામાનંદ સ્વામીએ વર્ણીના કાગળના જવાબમાં લખ્યું કે સત્સંગમાં રહેવાનો ખપ હોય તો થાંભલે બાથ ભીડીને રહેજો ! સ્વામીનો કહેવાનો અર્થ એ હતો કે સત્સંગના સ્તંભ જેવા મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો, અને તે જ વખતે વર્ણીએ ઊઠતાક ને ફડ દઈને થાંભલાને બાથ ભીડી ! પછી મયારામ ભટ્ટે કહ્યું કે મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો. 'વચનામૃત' ના લોયા પ્રકરણના-૩ માં મહારાજે પોતે આ વાત કરી કહ્યું છે કે 'અમે રામાનંદ સ્વામીનાં દર્શન થયા મોર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા.' આમ કરી તેમણે બતાવ્યું કે જેને કલ્યાણનો ખપ છે તે તો ગુરુ વચનમાં ફેર પાડે નહિ અને ગુરુ કહે તેમ કરો !

કેટલાક વખત પછી રામાનંદ સ્વામી કચ્છથી સૌરાષ્ટ્રમાં આવ્યા. ત્યાં પીપલાણા નામે ગામમાં નીલકંઠ વર્ણીએ એમનાં પહેલા દર્શન કર્યા. તેમણે સમગ્ર ભારતના તીર્થોની યાત્રા કરી હતી અને માત્ર દ્વારકાની બાકી હતી. પણ તેમણે કહ્યું આપના ચરણનો આશ્રય છોડી મારે હવે ક્યાંય જવું નથી. મારાં બધા તીર્થો આપના ચરણમાં !

જેનામાં આવી શ્રદ્ધા હોય તે ગુરુકૃપા પામે. તે પછી સંવત ૧૮૫૭ ના કારતક સુદ એકાદશીએ - રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને વિધિપૂર્વક દિક્ષા આપી એમને સહજાનંદ સ્વામી અને નારાયણ મુનિ એવાં બે નવાં નામ આપ્યા.

નાનકડું પીપલાણા ગામ ધન્ય બની ગયું !

નવદીક્ષિત નીલકંઠવર્ણી હાથ જોડી ગુરુની સામે ઊભા.

ગુરુએ તેમના માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા.

હવે સહજાનંદ સ્વામી ગુરુની સાથે ગામડે ગામડે વિચરણ કરવા લાગ્યા. વ્રત, ઉપવાસ અને આકરી તપશ્ચર્યાઓ કરીને એણે શરીરને એવું સૂકવી નાખ્યું કે એમના શરીરમાંથી પરસેવો જ નીકળે નહિ. અને એમને ટાઢતડકો પણ લાગે નહિ. એમને પરસેવો વળે એ સારુ રામાનંદ સ્વામીએ એમના આખા શરીરે આવળના પાટા બંધાવ્યા હતા. તો પણ શરીરે પરસેવો વળતો નહોતો શ્રીજી મહારાજે સ્વમુખે ગઢડા પ્રથમ પ્રકરણના-૭૦ માં આ વાત કરી છે.

મહારાજનો વૈરાગ્ય જ્ઞાનયુક્ત હતો અને વડવાનલ અગ્નિ જેવો હતો. બીજો અગ્નિ માથે જળ પડે તો ઓલવાઈ જાય, પણ વડવાનલ અગ્નિ સમુદ્રને વિષે છે છતાં જળનો ઓલાવ્યો ઓલાતો નથી. વડવાનલ અગ્નિ જેવો શ્રીજી મહારાજનો આ જ્ઞાનયુક્ત વૈરાગ્ય જેણે જેણે જોયો તેને ખાતરી થઈ ગઈ કે આ સાધારણ મનુષ્ય નથી.

આમ એક વરસ વહી ગયું.

તે પછી રામાનંદ સ્વામીએ એક દિવસ સૌ સંતોની સભા કરી કહ્યું : 'હવે મારો દેહ છોડવાનો વખત થયો છે. તમે કહો તેને મારી ગાદીએ બેસાડુ !'

મુક્તાનંદજી સૌ સંતોમાં મોટા હતા અને ગાદીએ બેસવાનો હક હતો. પણ એમણે જ પહેલું કહ્યું : 'અમારા સૌમાં સમર્થ સહજાનંદ સ્વામી છે. એમને સત્સંગની ધુરા સોંપો !'

સૌએ એને ટેકો આપ્યો પણ સહજાનંદ સ્વામીએ કહ્યું મને તો વસ્તી કરતાં વનમાં વધારે ગમે છે. મારે તો વનમાં જઈને રહેવું છે.

ત્યારે રામાનંદ સ્વામીએ એમને સમજાવ્યા ને છેલ્લે આજ્ઞા કરી ધર્મની



ધુરા તમારે જ સંભાળવાની છે.'

'જેવી આજ્ઞા !' કહી સહજાનંદ સ્વામીએ ગુરુ આજ્ઞા માથે ચઢાવી.

સંવત ૧૮૫૮ ના કારતક માસની સુદ એકાદશીએ જેતપુર ગામમાં સહજાનંદ સ્વામીને સત્સંગની ગાદીએ બેસાડવાનો ઉત્સવ થયો. હજારો સંત અને હરિભક્તોએ તેમાં ભાગ લીધો. ઢોલનગારાં વાગ્યાં. શરણાઈઓ વાગી, ભજન-કીર્તન થયાં, હોમહવન થયાં, ને રામાનંદ સ્વામીએ હાથ ઝાલીને સહજાનંદ સ્વામીને પોતાની ગાદી પર બેસાડ્યા ! તે વખતે તેમની ઉંમર પૂરા વીસ વર્ષની યે નહોતી !

વિધિ પૂરી થયા પછી સહજાનંદ સ્વામી હાથ જોડીને રામાનંદ સ્વામીની સામે ઊભા.

રામાનંદ સ્વામીએ તેમને વરદાન માગવા કહ્યું.

ત્યારે સહજાનદં સ્વામીએ કહ્યું : 'ગુરુદેવ, હું આપની પાસે પહેલું તો એ માગું છું કે તમારા સત્સંગીને એક વીંછીની પીડા થતી હોય તો તે મને હજાર ગણી થાઓ, પણ તે પીડાથી તે હરિભક્ત રહિત થાઓ અને સુખિયા રહો ! બીજું એ માગું છું કે તમારા સત્સંગીના ભાગ્યમાં રામપાતર લખ્યું હોય તો એ રામાપતર અમને મળો અને હરિભક્ત કદી અન્નવસ્ત્રે દુઃખી ન થાઓ !'

શ્રીજી મહારાજના હૃદયમાં હરિભક્તો પ્રત્યે કેટલો પ્રેમ હતો અને ભક્તોના દુઃખે તેઓ કેવા દુઃખી થતા હતા. તે એમના આ શબ્દો પરથી દેખાઈ આવે છે. એમના આ શબ્દો સાંભળી ત્યાં હાજર રહેલા સૌ સંતો હરિભક્તોની આંખો ભીની થઈ આવી.

રામાનંદ સ્વામીએ કહ્યું : 'તથાસ્તુ ! સૌએ સહજાનંદ સ્વામીનો જયઘોષ કર્યો. આ પછી એકાદ માસમાં જ રામાનંદ સ્વામીએ ફણેણી ગામમાં દેહનો ત્યાગ કર્યો.'

## વિભાગ-૨ સ્વાધ્યાય પત્ર

**પ્રશ્ન ૧ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

૧. ઘનશ્યામે ક્યારે ગૃહત્યાગ કર્યો ?

જ. ઘનશ્યામે માતા પિતાને દિવ્ય ગતિ આપી સંવત ૧૮૪૮ ના અષાઢ સુદ ૧૦ ના રોજ વહેલી સવારે સરયૂ નદીમાં સ્નાન કરવા જવાને બહાને ગૃહત્યાગ કર્યો.

૨. ઘનશ્યામને સરયૂ નદીમાં કોણે ફેંકી દીધા ?

જ. કૌશિક નામના રાક્ષસે ઘનશ્યામને સરયૂ નદીમાં ફેંકી દીધા.

૩. ઘનશ્યામ નીલકંઠ ક્યારે કહેવાયા ?

જ. ઘનશ્યામ ગૃહત્યાગ કરી વનવિચરણ કરવા નીકળ્યા ત્યારે નીલકંઠ તરીકે ઓળખાયા.

૪. ઘનશ્યામ સરયૂ નદીમાં કૌશિકના હાથે ફેંકાયા પછી શું થયું ?

જ. ઘનશ્યામ સરયૂ નદીમાં કૌશિકના હાથે ફેંકાયા પછી નદીના પૂરમાં તણાતા તણાતા બાર ગાઉ છેટે સામે કાંઠે નીકળ્યા. સામે કાંઠે એક પીંપળાના વૃક્ષ નીચે બેસી ધ્યાન કરવા લાગ્યા.

૫. કાલિય કોણ હતો ?

જ. કાલિય રાક્ષસોનો સરદાર હતો તે ભગવાનનો વૈરી હતો. તેણે જ ઘનશ્યામને મારવા કૌશિકને મોકલ્યો હતો.

૬. નીલકંઠે કાલિય અને કૌશિકને કેવી રીતે માર્યા ?

જ. કાલિય અને કૌશિક રાક્ષસોની ફોજ લઈ ઘનશ્યામને મારવા માટે જ્યાં ઘનશ્યામ પીંપળા નીચે ધ્યાન કરતા હતા ત્યાં આવી પહોંચ્યા. ઘનશ્યામ ધ્યાનમાં જ આ રાક્ષસનો વિચાર જાણી ગયા અને આંખો ખોલી આંખોમાંથી અપાર તેજ નીકળ્યું અને સૌ રાક્ષસો બળવા લાગ્યા કેટલાક ભાગી ગયા પણ કાલીય અને કૌશિક તો ત્યાંને ત્યાં જ બળીને મૃત્યુ પામ્યા.

૭. નીલકંઠવર્ણી પોતાની સાથે બાલમુકુંદનું ક્યું સ્વરૂપ રાખતા ? આ સ્વરૂપ અત્યારે કોની પાસે છે ?

જ. નીલકંઠવર્ણી પોતાની સાથે બાલમુકુંદનું શાલીગ્રામ સ્વરૂપ રાખતા.



આ શાલીગ્રામ ભગવાનને જમાડીને જ પોતે જમતા. આ શાલીગ્રામ ભગવાન હાલમાં આપણા ધર્મગુરુ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પાસે છે તેઓ રોજ શાલીગ્રામ ભગવાનની સેવા પૂજા કરે છે. આ શાલીગ્રામ ભગવાનને અભિષેક કરેલું જળ ખૂબ જ ચમત્કારી છે.

૮. નીલકંઠવર્ણી કોઈની પાસે કશું માંગતા નહી ? તો શું ખાતાપીતા હશે ?

જ. નીલકંઠવર્ણી વનમાં કંદમૂળ તથા ફળો ખાતા અને પાણી મળે તો જાતે બાટી બનાવી જમી લેતા.

૯. બાવાઓએ નીલકંઠવર્ણીને વનમાં આગળ જવાની કેમ ના પાડી ?

જ. વનમાં આગળ જતાં ઘોર જંગલ આવતું હતું જેમાં વાઘ, સિંહ, વરૂ, દિપડા વગેરેનો ભય હતો. માટે તમે આગળ જશો તો આ પ્રાણીઓ તમને મારી નાંખશે માટે આગળ જશો નહીં એવી સલાહ આપી.

૧૦. નીલકંઠવર્ણીએ બાવાઓને શો જવાબ આપ્યો ?

જ. નીલકંઠવર્ણીએ બાવાઓને કહ્યું, “હું બીતો નથી. ભગવાનની સૃષ્ટિથી ભગવાને બીવાનું હોય નહિ.”

૧૧. બાવાઓએ રાત્રે શું જોયું ?

જ. ઘોર જંગલમાં આગળ ચાલતાં રાત પડી ગઈ. બાવાઓ ઝાડ પર ચડી ગયા, જ્યારે નીલકંઠ એક ઝાડ નીચે મૃગચર્મ પાથરીને સૂઈ ગયા. બાવાઓને એમ કે રાત્રે વાઘ કે વરૂ આવી આ બાળબ્રહ્મચારીને મારી નાંખશે પણ રાત્રે જંગલી જાનવરો આવી નીલકંઠને પ્રદક્ષીણાઓ કરી ચાલ્યા જતાં જોયા.

૧૨. નીલકંઠવર્ણીએ પોતાના અવતારનો શો હેતુ કહ્યો ?

જ. નીલકંઠવર્ણીએ કહ્યું “ઠેર ઠેર અધર્મ અને અનાચાર જોઈ દુઃખી થઈ અમે ઘરનો ત્યાગ કર્યો છે અમારા આ અવતારનો મુખ્ય હેતુ ફરી સદ્ધર્મની સ્થાપના કરવાનો છે.

૧૩. નીલકંઠવર્ણીએ સેવકરામની સેવા-ચાકરી શા માટે કરી ?

જ. સેવકરામ માંદો હતો. તેનામાં ચાલવાની તો શું પણ ઉભા રહેવાની પણ શક્તિ ન હતી. ‘મારી ચાકરી કોણ કરશે.’ એમ કહી એ રડતો

હતો. નીલકંઠવર્ણીને દયા આવી તેથી તેની સેવા-ચાકરી કરી.

૧૪. નીલકંઠવર્ણીએ સેવકરામનો ત્યાગ કેમ કર્યો ?

જ. નીલકંઠવર્ણી રોજ ગામમાંથી સીધુ-સામાન લાવી સેવકરામને રાંધીને ખવડાવતા પણ પોતે વસ્તીમાં જઈ ભિક્ષાન્ન જમી આવે, ઘણીવાર ભિક્ષાન્ન મળે નહી તો ઉપવાસ પણ કરતા. સેવકરામ આ જાણતો હોવા છતાં બન્ને માટે રસોઈ કરવાનું કહેતો નહી. અને સાજો થયા પછી પણ નીલકંઠવર્ણી પાસે સેવા-ચાકરી કરાવતો અને પોટલું પણ ઊંચકાવતો આમ સેવકરામને કૃતઘ્ની જાણી તેનો ત્યાગ કર્યો.

૧૫. રાજા સાધુઓને શા માટે કેદ કરતો હતો ?

જ. રાજા ભયંકર રોગથી પીડાતો હતો. ઘણી દવાઓ કરવા છતાં રોગ મટતો ન હતો. વૈદ્યોએ રાજાને કહ્યું, ‘‘ભેખમાં પણ ભગવાન હોય છે માટે કોઈ સાધુને પકડો તો તમારો રોગ મટશે.’’ આવું સાંભળી રાજાએ હુકમ કર્યો કે રાજ્યમાં જે કોઈ સાધુ આવે તેને મારી પાસે લઈ આવો. સાધુ મારો રોગ મટાડે કાં તો જેલમાં જાય આમ રાજા સાધુઓને કેદ કરતો હતો.

૧૬. નીલકંઠવર્ણીએ રાજાને શું કારણ બતાવ્યું ?

જ. નીલકંઠવર્ણીએ કહ્યું, ‘‘જીવે કર્યા કર્મ ભોગવવાં પડે છે. દરેકને પોતાના કર્મ પ્રમાણે સુખદુઃખ મળે છે. તમારાં સત્કર્મે તમને રાજગાદી આપી અને તમારા અપકર્મોએ તમને રોગ આપ્યો માટે સુખ મળે તો રાજી ન થઈએ અને દુઃખ મળે તો ભગવાનને દોષ ન દઈએ.

૧૭. રાજાનો રોગ કેવી રીતે મટી ગયો ?

જ. રાજાએ નીલકંઠવર્ણીના ચરણ ધોઈ એ ચરણામૃત માથે ચડાવ્યું અને આચમન કર્યું તેથી રોગ મટી ગયો.

૧૮. તૈલંગ દેશના બ્રાહ્મણે પોતાના સત્કાર માટે રાજા પાસે શું માગ્યું ?

જ. તૈલંગ દેશના બ્રાહ્મણે પોતાના સત્કાર માટે રાજા પાસે સવા મણ સોનાનો હાથી માંગ્યો.

૧૯. બ્રાહ્મણનું શરીર કાળુ કેમ થઈ ગયું ?

જ. બ્રાહ્મણે દાનમાં લોભ કરી સવામણ સોનાનો હાથી માંગ્યો. પછી હાથમાં લેતાં જ આખા શરીરે કાળો થઈ ગયો.



૨૦. નીલકંઠવર્ણીએ બ્રાહ્મણને શો ઉપદેશ કર્યો ?

જ. દાનમાં લોભ ન કરીએ જે મળે તે સ્વીકારી લઈ અંતરથી આશીર્વાદ આપવા આમ કરવાને બદલે તેં સામેથી સોનાનો હાથી માંગ્યો તેથી તારી બદનામી થઈ માટે ફરી આવું ન કરવાનો ઉપદેશ આપ્યો.

૨૧. નવલખા પર્વત પર સિદ્ધો શા માટે તપ કરતા હતા ?

જ. નવલખા પર્વત પર સિદ્ધો સદેહે અમર થવા માટે તપ કરતા હતા.

૨૨. શરીરને અમર કરવાનું ઈચ્છે તે ડાહ્યો કહેવાય ?

જ. શરીરને અમર કરવાનું ઈચ્છે તે ડાહ્યો ન કહેવાય કારણ કે શરીર તો આત્માની જેલ છે અને જેલમાંથી આત્માને શરીરમાં કાયમ માટે કેદ કરી રાખવું એટલે શરીરને અમર કરવું, પણ દેહદર્શી મટી આત્મદર્શી બને તે ડાહ્યો કહેવાય.

૨૩. પિબેક કોણ હતો ? તે શું કરતો હતો ?

જ. પિબેક આસામના એક ગામનો બ્રાહ્મણ હતો. તેણે મલીન વિદ્યા સિદ્ધ કરી હતી. માતાને પ્રસાદ કરી એ મદ્ય-માંસ ખાતો હતો અને જંતર-મંતર, દોરાધાગા કરી લોકોને બિવડાવતો હતો. દેખાવે ભયંકર હતો. સાધુ-સંતોને પણ ડરાવીને મદ્ય-માંસ ખાવાનું કહેતો.

૨૪. પિબેકે પોતાની સિદ્ધાઈ નીલકંઠવર્ણીને કેવી રીતે બતાવી ?

જ. પિબેકે વડના ઝાડ પર કંઈક મંત્રેલા દાણા નાખી ઝાડને સૂકવી નાખ્યું અને કહ્યું તમે બધા મારા ચેલા બની જાવ નહીતર આ ઝાડની જેવી દશા કરી છે તેવી તમારી દશા કરીશ.

૨૫. નીલકંઠવર્ણીએ પિબેકને શો પ્રશ્ન કર્યો ? પિબેકે શો જવાબ આપ્યો ?

જ. નીલકંઠવર્ણીએ પિબેકને કહ્યું. ‘‘તેં ઝાડને સૂકાવી તો નાખ્યું પણ ખરો સિદ્ધ હોય તો આ ઝાડને જેવું હતું તેવું કરી તબાવ.’’ પિબેકે કહ્યું, ‘‘એ ન બને મારા હાથે મુવો તે મુવો જ !’’

૨૬. નીલકંઠવર્ણીએ ઝાડને શી રીતે નવપલ્લવિત કર્યું ?

જ. નીલકંઠવર્ણીએ હસીને પિબેકને કહ્યું, ‘‘તને માત્ર મારતાં જ આવડે છે, જીવાડતાં નથી આવડતું તું અધુરો સિદ્ધ છે. આમ કહી કમંડળમાંથી જળની અંજલી સૂકાયેલા વૃક્ષ પર છાંટી તરત એ વૃક્ષ ફરી નવપલ્લવિત થઈ ગયું !

૨૭. પિબેકે વર્ણીને મારવા શું શું કર્યું ?

જ. પિબેકે વર્ણીને મારી નાખવા વર્ણી પર મંત્રેલા અડદના દાણા નાંખ્યા વર્ણીને કંઈ જ થયું નહિ, પછી જેટલા ભૂત-પ્રેત-ડાકણ-શાકણ કે ભૈરવ બધાને બોલાવી વર્ણીને મારવા કહ્યું પણ એ બધાં વર્ણીને મારવાને બદલે પિબેકને મારવા લાગ્યાં અને તેને અધમુઓ કરી નાંખ્યો.

૨૮. પિબેકને ભાન આવતાં શાની ખાત્રી થઈ ગઈ ?

જ. પિબેક ભાનમાં આવ્યો ત્યારે એને ખાત્રી થઈ ગઈ કે મારી સિદ્ધાઈ કંઈ કામની નથી ખરી સિદ્ધાઈ તો આ વર્ણી પાસે છે. વર્ણીને પગે લાગી માફી માંગી અને પ્રાર્થના કરી હે પ્રભુ ! મને આપના શરણમાં લો !

૨૯. નીલકંઠવર્ણી લોજની વાવ પર કઈ સાલમાં પધાર્યા ?

જ. નીલકંઠવર્ણી સંવત ૧૮૫૬ ના શ્રાવણ વદ ૬ ની સવારે લોજની વાવ પર પધાર્યા.

૩૦. નીલકંઠવર્ણીને કોણે, ક્યારે અને ક્યાં દીક્ષા આપી ?

જ. નીલકંઠવર્ણીને શ્રી રામાનંદ સ્વામીએ સંવત ૧૮૫૭ ના કારતક સુદ-૧૧ (એકાદશી)ને દિવસે પીપલાણામાં દીક્ષા આપી.

૩૧. નીલકંઠવર્ણીને દીક્ષા આપી રામાનંદ સ્વામીએ ક્યા બે નામ પાડ્યાં ?

જ. નીલકંઠવર્ણીને દીક્ષા આપી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામી અને નારાયણમુનિ એવાં બે નામ પાડ્યાં.

૩૨. સહજાનંદ સ્વામીએ ગુરુ રામાનંદ સ્વામી પાસે ક્યા બે વરદાન માંગ્યા ?

જ. (૧) તમારા સત્સંગીને એક વીંછીની પીડા થતી હોય તો તે અમને રૂવાંડે રૂવાંડે થાઓ પણ તમારા ભક્તને ન થાઓ.
(૨) તમારા સત્સંગીના ભાગ્યમાં રામપાતર લખ્યું હોય તો તે મને આવો પણ તમારો ભક્ત અન્નવસ્ત્રે સુખી રહો.

૩૩. સ્વામિનારાયણ સંપ્રદાયનો પાયો ક્યા ક્યા સ્તરનો છે ?

જ. સ્વામિનારાયણ સંપ્રદાયનો પાયો ત્રણ સ્તરનો છે.
(૧) આચાર્યશ્રી (૨) ત્યાગી અને (૩) ગૃહસ્થ



૩૪. શ્રીજી મહારાજે દૃઢતાની પરીક્ષા કરવા ભક્તોને શી આજ્ઞા કરી ?

જ. શ્રીજી મહારાજે દૃઢતાની પરીક્ષા કરવા બધા ભક્તોને ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સાધુ થઈ જવાની આજ્ઞા કરી.

૩૫. ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવાની આજ્ઞા મળતાં ભક્તોએ શું કર્યું ?

જ. ભક્તોએ કહ્યું, ''અમને પૂરો વિશ્વાસ છે કે આપની આજ્ઞાનું પાલન કરવામાં જ અમારૂં કલ્યાણ છે. આપની આજ્ઞા અમારા કલ્યાણ માટે જ છે.''

૩૬. ભક્તોની દૃઢતા જોઈ શ્રીજી મહારાજે શું કહ્યું ?

જ. શ્રીજી મહારાજે કહ્યું, ''અમારી પરીક્ષામાં તમે બધા પાસ ! અમારી આજ્ઞામાં જેને વિશ્વાસ છે તે સાધુ છે તે જ પરમહંસ છે. તમારે કોઈએ સાધુ થવાની જરૂર નથી પણ ગૃહસ્થાશ્રમમાં રહી ભગવાનનું ભજન કરો અને આજે જેવી વૃત્તિ છે તેવી કાયમ રાખજો.

૩૭. માણકી ઘોડીને શાની ખુમારી હતી ?

જ. માણકી ઘોડીને અક્ષરધામના અધિપતિ શ્રીજી મહારાજ પોતાની ઉપર સવારી કરતા હતા તેની ખુમારી હતી અને માણકીનાં પણ ધન્ય ભાગ્ય કે જેના ઉપર પ્રભુ સવાર થયા.

૩૮. કેસરમિયાં કોણ હતા ?

જ. કેસરમિયાં વઢવાણ રાજ્યના દિવાન ભાણજી મહેતાના સિપાહી હતા. જાતે મુસલમાન હતા.

૩૯. ભાણજી મહેતાએ એક બ્રાહ્મણને યાત્રા કરવા રૂપિયા કઈ શરતે આપવાની હા પાડી ?

જ. જો તું ગામના ચોક વચ્ચે ઉભો રહી શ્રીજી મહારાજને ગાળો દે તો હું તને મૂઠી ભરીને રૂપિયા આપીશ.

૪૦. કેસરમિયાંએ બ્રાહ્મણને શ્રીજી મહારાજનું ભૂંડું બોલતા સાંભળી શું કર્યું ?

જ. કેસરમિયાંએ બ્રાહ્મણને શ્રીજી મહારાજનું ભૂંડુ બોલતો સાંભળતાં જ મ્યાન સોતી તલવાર કાઢી એના માથા પર ઝીંકી જેથી બ્રાહ્મણી પાઘડી દૂર જઈ પડી પણ બ્રાહ્મણ બચી ગયો અને કહ્યું, ''આ વખતે તો પાઘડી ઉડાડી છે ફરી બોલ્યો તો તારું માથું ઉડાડી દઈશ.

૪૧. શ્રીજીમહારાજ કેસરમિયાં પર કેમ પ્રસન્ન થયા ?
જ. કેસરમિયાંએ ભગવાનનો પક્ષ રાખ્યો તેથી શ્રીજી મહારાજ રાજી થયા. આપણે પણ ભગવાન અને ભગવાનના ભક્તનો પક્ષ રાખવો. માન રહે કે જાય, જીવ રહે કે જાય પણ પક્ષ મૂકવો નહિ.
૪૨. નાથ ભક્ત કોણ હતા ?
જ. નાથ ભક્ત વડોદરાના વતની અને શ્રીજી મહારાજના પરમ ભક્ત હતા.
૪૩. નાથ ભક્તે કઈ વાત સમજી લીધી હતી ?
જ. નાથ ભક્ત ભણ્યા ન હતા પણ મહારાજની આજ્ઞામાં રહેવું અને કદી ક્રોધ ચડે તો જેના પર ક્રોધ ચડે તેને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા આ વાત જીવનમાં દૃઢ કરી હતી.
૪૪. અલૈયાખાચર બાવાને શા માટે પગે લાગ્યા ?
જ. બાવો સાચો છે કે ઢોંગી છે તેની પરીક્ષા કરવા અલૈયાખાચર બાવાને પગે લાગ્યા.
૪૫. અલૈયાખાચરને બાવો ઢોંગી શા માટે લાગ્યો ?
જ. અલૈયાખાચરે બાવાની પરીક્ષા કરવા પાંચ રૂપિયા ભેટ ધરવા હાથમાં ખખડાવ્યા અને કહ્યું, "મારે ભેટ ધરવી છે પણ ક્યાં ધરું ? નથી ઝોળી કે નથી તૂંબડી અને અહીં ભોંય પર મૂકું તો કોઈ ઉપાડી જાય." "આ સાંભળી બાવાએ રૂપિયા મોંમા મૂકવા મોં ફાંડ્યું તેથી અલૈયાખાચરને ખાતરી થઈ ગઈ કે બાવો ઢોંગી છે."
૪૬. અલૈયાખાચરે બાવાના મોંમાં શું નાખ્યું ?
જ. અલૈયાખાચરે રસ્તામાંથી ધૂળની મૂઠ્ઠી ભરી બાવાના ફાડેલા મોંમાં નાંખી અને બોલ્યા, "ઢોંગીના મોંમાં ધૂળ !"
૪૭. ભગુજી કોણ હતા ? એમને લડાઈમાં કેટલા ઘા થયા હતા ?
જ. ભગુજી શ્રીજી મહારાજના પાર્ષદ હતા. શરીરે નીચા પણ શૂરવીર અને બેઉ હાથે તલવાર ચલાવી જાણતા. તેમને લડાઈમાં અઢાર ઘા થયા હતા.
૪૮. મયારામ ભટ્ટે બાઈને ઘોડા પર શા માટે બેસાડી ?
જ. બાઈને માંદી જાણી મયારામ ભટ્ટે બાઈને ઘોડા પર બેસાડી.



૪૯. શ્રીજી મહારાજે મયારામ ભટ્ટને ક્યા ગ્રંથમાં બિરદાવ્યા છે ?
જ. શ્રીજી મહારાજે પોતે શિક્ષાપત્રીમાં મયારામ ભટ્ટને "ગૃહસ્થ સત્સંગી" કહીને બિરદાવ્યા છે.
૫૦. શ્રીજી મહારાજ અને સંતો મંદિરના ચરણતરમાં કેવી રીતે સેવા કરતા ?
જ. શ્રીજી મહારાજ અને સંતો મંદિરના ચણતરમાં ચૂનો પીસવાની પથરા ઊંચકવાની અને તગારા ઊંચકવાની સેવા કરતા હતા.
૫૧. સત્સંગમાં અક્કડ થઈને જવાય ?
જ. સત્સંગમાં અક્કડ થઈને ન જવાય, આપણે ગમે તેવા બળવાળા કે ધનવાળા હોઈએ પણ ભગવાનનાં દર્શને જઈએ ત્યારે કદી અક્કડ થઈ કે અભિમાન રાખી જવું નહિ પણ નિર્માની થઈને જવું.
૫૨. દાદાખાચર કોણ હતા ?
જ. દાદાખાચર ગઢડાના ગામ ધણી હતા અને શ્રીજી મહારાજને પોતાનું તન, મન, ધન બધું જ સેવામાં અર્પણ કર્યું હતું.
૫૩. દાદાખાચરની બહેનોનાં નામ આપો ?
જ. દાદાખાચરને બે બહેનો હતી. જીવુબા અને લાડુબા
૫૪. શ્રીજી મહારાજે દાદાખાચરને શી આજ્ઞા કરી ?
જ. શ્રીજી મહારાજે દાદાખાચરને કહ્યું, "તમારે ગામ-ગરાસ રાખીને શું કરવો છે તમારી બહેનોને દઈ દોને !"
૫૫. શ્રીજી મહારાજની આજ્ઞાનું પાલન દાદાખાચરે કેવી રીતે કર્યું ?
જ. દાદાખાચરે તે જ દિવસે ગરાસ બે બહેનોના નામે કરી શ્રીજીમહારાજની આજ્ઞાનું પાલન કર્યું.
૫૬. ગરાસ બહેનોને નામે કરી દાદાખાચરે પોતાનું ગુજરાન ચલાવવા શું કર્યું ?
જ. દાદાખાચરે શ્રીજી મહારાજની આજ્ઞાથી પોતાનું ગુજરાન ચલાવવા પોતાના ગરાસના માલિક મટી નોકર બન્યા.
૫૭. શ્રીજી મહારાજે બહેનોને શી આજ્ઞા કરી ?
જ. શ્રીજી મહારાજે બન્ને બહેનોને બોલાવી એક દિવસ કહ્યું કે, "તમારે ગરાસ રાખીને શું કામ છે આપી દો દાદાખાચરને !"
૫૮. શ્રીજી મહારાજની આજ્ઞાનું પાલન બહેનોએ કેવી રીતે કર્યું ?

જ. શ્રીજી મહારાજની આજ્ઞા થતાં ફરી પાછો ગરાસ દાદાખાચરને નામે કરી દીધો.

૫૯. શ્રીજી મહારાજ કોની માળા ફેરવે છે ?

જ. સત્સંગી શ્રીજી મહારાજનું ભજન કરે છે અને માળા ફેરવે છે શ્રીજી મહારાજ સત્સંગીઓના કલ્યાણને માટે સત્સંગીઓને યાદ કરીને માળા ફેરવે છે.

૬૦. કાઠી દરબારો કેમ ગુસ્સે થયા ?

જ. આણંદમાં શ્રીજી મહારાજની સવારી નીકળતાં કેટલાક દ્વેષીઓને આ ગમ્યું નહિ તેમણે તોફાન કરી શ્રીજી મહારાજને ગાળો દીધી અને સવારી પર છાણ, ધૂળ, કાંકરા અને ઢેફાં ફેંક્યા જેથી કાઠી દરબારો ગુસ્સે થયા.

૬૧. ગુસ્સે થયેલા કાઠી દરબારોને મહારાજે શું હુકમ કર્યો ?

જ. મહારાજે કહ્યું, ''આપણે બીજા થાય એવા થવાનું નથી ! આપણે શાંત રહી સહન કરવાનું છે.''

૬૨. બેચર ચાવડો કોણ હતા ?

જ. બેચર ચાવડો શ્રીજી મહારાજના શૂરવીર પાર્ષદ હતા. મહારાજશ્રીની સાથે રહેતા અને મહારાજની સેવા કરતા.

૬૩. બેચર ચાવડે કસુંબો કેમ પીધો નહિ ?

જ. મહારાજનો ભક્ત થઈ હું કસુંબો પીઉં તો મહારાજના નામને લાંછન લાગે જેથી બેચર ચાવડાએ કસુંબો પીધો નહી.

૬૪. રાજાએ કસુંબો લેવાનો આગ્રહ કરતાં બેચર ચાવડાએ રાજાને શું કહ્યું ?

જ. બેચર ચાવડાએ મ્યાનમાંથી તલવાર ખેંચી રાજાને હાથમાં આપી અને કહ્યું, ''દરબાર ! આ તલવારથી મારું માથું ઉતારી લો, પછી મારા મોંમાં જેટલો કસુંબો રેડવો હોય એટલો રેડજો.

૬૫. ધ્રાંગધ્રાના રાજાએ ગજા ગઢવીને કવિતા રચવાના શી લાલચ આપી ?

જ. ધ્રાંગધ્રાના રાજાએ ગઢવીને કવિતા રચવા બદલ બે ગામ બક્ષિસમાં આપવાની લાલચ આપી.

૬૬. ગજા ગઢવીએ રાજાને શો જવાબ આપ્યો ?



જ. ગજાએ કહ્યું, ''રાજન મારા ભગવાને તો મને અક્ષરધામ બક્ષિસમાં દઈ દીધું છે. એની આગળ તમારા બે ગામની શી કિંમત !''

૬૭. રામો હાટી પોતાનું પેટ કેવી રીતે ભરતો હતો ?

જ. રામો હાટી સસલાં, તેતર કે ચકલાનો શિકાર કરી પેટ ભરતો હતો.

૬૮. આત્મારામ દરજીએ રાજાની આજ્ઞા ન માની છતાં રાજા તેમના પર ગુસ્સે કેમ ન થયા ?

જ. બીજો કોઈ રાજા હોય તો ગુસ્સે થઈ જાય પણ આ તો ભાવનગરના મહારાજ હતા એ ગુસ્સે ન થયા અને સમજી ગયા કે ભક્તને ભગવાન પર પ્રેમ હોય એવો રાજા પર ક્યાંથી હોય.

૬૯. દ્વેષી લોકોની કાન ભંભેરણીથી અમદાવાદમાં સુબાએ સહજાનંદ સ્વામીને મારી નાંખવા કેવું કાવત્રું ગોઠવ્યું ?

જ. સૂબાએ એક તેલનું ટાંકુ તૈયાર કરાવી તેમાં ઉકળતું તેલ ભર્યું પછી તેને લાકડાની પાતળી ખપાટોથી ઢાંકી દઈ તેની ઉપર સુંદર ગાદી તકીયા બિછાવ્યા અને સહજાનંદ સ્વામીને આમંત્રણ આપી ગાદી પર બેસાડી મારી નાંખવાનું કાવત્રું ગોઠવ્યું.

૭૦. સૂબાનું કાવત્રું કઈ રીતે ખુલ્લું પડી ગયું ?

જ. શ્રીજી મહારાજ કાવત્રું જાણતા જ હતા તેથી હાથમાંની લાકડી લાંબી કરી તેની અણી ગાદી પર દબાવી અને આખી ગાદી ટાંકામાં પડી ! ટાંકામાંથી ઉકળતા તેલની વરાળો બહાર આવી આમ સૂબાનું કાવત્રું ખુલ્લુ પડી ગયું.

૭૧. પંખીઓ વિશે શ્રીજી મહારાજે ભક્તોને ક્યા સવાલો પૂછયાં ?

જ. શ્રીજી મહારાજે પૂછયું કે, ''આ પંખીઓ રાતે ક્યાં રહેતા હશે ? અત્યારે અહીં કેમ આવ્યા હશે ? પછી ક્યાં જશે ? અને પંખીઓ ભૂલાં ન પડે ? વિગેરે પ્રશ્નો પૂછયાં.

૭૨. શ્રીજી મહારાજે પૂછેલા પ્રશ્નોના ભક્તોએ શા જવાબ આપ્યા ?

જ. ભક્તોએ કહ્યું, ''આ પંખીઓ રાતે એમના માળામાં રહેતા હોય છે. અત્યારે અહીં ચણ ચરવા આવ્યા છે પછી પાછા પોતાના માળામાં જતાં રહેશે તેઓ ભૂલાં ન પડે સૌ પોતપોતાના માળામાં જ જાય પારકા માળામાં કોઈ જાય નહિ.''

૭૩. હરાયું ઢોર અને ધણીયાતું ઢોર કોને કહેવાય ?

જ. હરાયું ઢોર સીમમાં ચરવા જાય અને જેનું તેનું ખેતર ખાઈ ને જ્યાં ત્યાં બેસી રહે પણ ખીલે આવે નહિ પછી કોઈ આવે તો ધોકા પડે કાંતો વાઘ આવીને ફાડી ખાય જ્યારે ધણીયાતું ઢોર સીમમાં ચરવા જાય અને ચરીને આવે ત્યારે પોતાના ખીલે આવીને ઉભુ રહે.

૭૪. ભક્તોનો ચારો અને ભક્તોનો માળો એટલે શું ?

જ. પંખીનો ચારો ચણ, ઢોરનો ચારો ઘાસ તેમ ભક્તોનો ચારો કથા-કીર્તન-સત્સંગ. જેમ પંખીનો માળો, ઢોરનો ખીલો તેમ ભક્તોનો માળો અને ખીલો ભગવાનની મૂર્તિ. આમ આપણે શ્રીજી મહારાજને ખીલે બંધાયા છીએ એ વાત ભૂલાય નહિ.

●

## પ્રશ્ન ૨ ખાલી જગ્યા પૂરો.

૧. ઘનશ્યામનો જન્મ સંવત .................... માં થયો હો. (**૧૮૩૭**, ૧૮૪૭)

૨. ઘનશ્યામે .................... વર્ષની ઉમરે ગૃહત્યાગ કર્યો. (૮, ૧૦, **૧૧**)

૩. લોજ ગામમાં .................... નો આશ્રમ હતો. (**મુક્તાનંદ સ્વામી**, રામાનંદ સ્વામી)

૪. નવલખા પર્વતમાં નીલકંઠવર્ણીએ .................... રૂપ ધારણ કરી યોગીઓને દર્શન આપ્યા. (**નવ લાખ**, નરસિંહ)

૫. નીલકંઠવર્ણીએ .................... વર્ષ વનવિચરણ કર્યું. (૬, **૭**, ૮)

૬. શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગુરુ .................... હતા. (**રામાનંદ સ્વામી**, મુક્તાનંદ સ્વામી)

૭. શ્રી સ્વામિનારાયણ ભગવાનને રામાનંદ સ્વામીનો પ્રથમ મેળાપ .................... ગામમાં થયો. (લોજ, **પીપલાણા**)

૮. શ્રી સ્વામિનારાયણ ભગવાને .................... માં ગાદીનો સ્વીકાર કર્યો. (ફણેણી, **જેતપુર**)

૯. નાથ ભક્ત .................... શહેરમાં રહેતા હતા. (**વડોદરા**, આણંદ)



૧૦. મયારામ ભટ્ટ બાઈને .................... જાણી ઘોડે બેસાડી. (આંધળી, **માંદી**)

૧૧. મંદિરનું ચણતરનું કામ એ .................... કહેવાય. (**તપ**, સેવા)

૧૨. શ્રીજી મહારાજની .................... મનુષ્યની નહીં દેવની હતી. (લીલા, **ચાલ**)

૧૩. .................... ઢોર પોતાના ખીલે જઈને ઉભું રહે. (**ધણીયાતું**, હરાયું)

૧૪. .................... ઢોર ખીલે આવે જ નહી જ્યાં ત્યાં બેસી રહે. (**હરાયુ**, ધણીયાતું)

૧૫. અમારી આજ્ઞામાં જેને .................... છે તે સાધુ છે તે પરમહંસ છે. (ત્યાગ, **વિશ્વાસ**)

૧૬. અલૈયાખાચર .................... ગામના હતા. (**ઝીંણાવદર**, ગઢડા)

૧૭. .................... ડભાણ ગામના હતા તેથી મહારાજ અત્યંત લાડમાં એમને ડભાણીયો સાધુ કહેતા. (બ્રહ્મમુનિ, **શુકમુનિ**)

૧૮. મહારાજની ડગલીમાં આત્મારામે .................... ના ટેભા લીધા. (રેશમ, **હેત**)

૧૯. સંવત .................... ના કારતક સુદ-એકાદશીએ સ્વામિનારાયણ ભગવાન ગાદીએ બેઠા. (૧૮૫૯, **૧૮૫૮**)

૨૦. લવજી .................... ગામના બ્રાહ્મણ હતા. (આણંદ, **માનકુવા**)

૨૧. અમદાવાદમાં મંદિર બાંધવા જમીન .................... એ આપી. (સૂબા, **અંગ્રેજ કલેક્ટર**)

૨૨. કેસરમિયાં .................... રાજ્યના સિપાઈ હતા. (ઝીંઝાવદર, **વઢવાણ**)

૨૩. ગંગારામ મલ્લની ભૂજામાં .................... ના ધણીનું બળ હતું. (ગોલોકધામ, **અક્ષરધામ**)

૨૪. શ્રીજી મહારાજે મોહનદાસને દીક્ષા આપી .................... નામ રાખ્યું. (**વ્રજાનંદ**, પ્રેમાનંદ)

૨૫. શ્રીજી મહારાજે મયારામ ભટ્ટને .................... કહી બિરદાવ્યા.
(**ગૃહસ્થ સત્સંગી**, ભટ્ટજી)

૨૬. શ્રીજી મહારાજના મત મુજબ સાધુ સેવકરામ .................... હતો. (દયાળુ, **કૃતઘ્ની**)

૨૭. તમારે કોઈએ .................... છોડવાની જરૂર નથી.
(ત્યાગાશ્રમ, **ગૃહસ્થાશ્રમ**)

૨૮. સંત હરિભક્તોનો ચારો એટલે .................... (**સત્સંગ**, પરિશ્રમ)

૨૯. .................... રાક્ષસોનો સરદાર હતો. (કૌશિક, **કાલિય**)

૩૦. આપણા ઈષ્ટદેવ .................... છે.
(કૃષ્ણ ભગવાન, **સ્વામિનારાયણ ભગવાન**)

●

**પ્રશ્ન ૩ વાક્ય કોણ કોને કહે છે તે જણાવો.**

૧. અમારી આજ્ઞામાં જેને વિશ્વાસ છે તે સાધુ છે તે પરમહંસ જ છે.
જ. શ્રીજી મહારાજ ભક્તોને કહે છે.
૨. શ્રીજી મહારાજને તું ગાળો દે તો તને રૂપિયા આપું.
જ. ભાણજી મહેતા ગરીબ બ્રાહ્મણને કહે છે.
૩. કોઈ મહારાજની નિંદા કરે અને હું એ સાંભળી રહું એ બને !
જ. કેસરમિયાં - શ્રીજી મહારાજને કહે છે.
૪. પેટ ખાતર પુરૂષાર્થ કર્યો તો કલા સિદ્ધ થઈ.
જ. નટ - શ્રીજી મહારાજને કહે છે.
૫. કાકા તમે કેમ ખીજાતા નથી ? જરા ખીજાઓને ઘોલ ધપાટ કરો તો મજા આવે.
જ. છોકરાઓ નાથ ભક્તોને કહે છે.
૬. સાચો સાધુ જોવો હોય તો અમારા સત્સંગમાં આવીને જોઈ લે !
જ. શ્રીજી મહારાજ ઢોંગી બાવાને કહે છે.
૭. મારી સરકાર મહારાજ અને હું મહારાજનો નોકર.
જ. ભગુજી - રાજાઓને કહેતા હતા.
૮. મારી દીકરી માંદી છે, જરી ઘોડે બેસાડશો ?
જ. ડોશીમા - મયારામ ભટ્ટને કહે છે.



૯. તમે હવે શું કરશો ? ગુજરાન કેમ ચલાવશો ?
જ. શ્રીજી મહારાજ - દાદાખાચરને કહે છે.
૧૦. હું નોકરી કરી મારું ગુજરાન ચલાવીશ.
જ. દાદા ખાચર - શ્રીજી મહારાજને કહે છે.
૧૧. તમારે ગામ-ગરાસ રાખીને શું કરવું છે ? તમારી બહેનોને આપી દો.
જ. શ્રીજી મહારાજ દાદાખાચરને કહે છે.
૧૨. તમારે ગરાસ શું કરવો છે ? દઈ દો દાદાખાચરને !
જ. શ્રીજી મહારાજ જીવુબા-લાડુબાને કહે છે.
૧૩. અમારા ભક્તોમાં કોઈ જાતની કસર રહેવા દેવી નથી.
જ. શ્રીજી મહારાજ ભક્તોને કહે છે.
૧૪. અમે તમારું ભજન કરીએ છીએ પણ તમો કોનું ભજન કરો છો.
જ. ભક્તો - શ્રીજી મહારાજને કહે છે.
૧૫. આપણે સ્વામિનારાયણીયા છીએ, વૈર રાખવું કે ગુસ્સો કરવો આપણને શોભે નહી.
જ. શ્રીજી મહારાજ - કાઠી દરબારોને કહે છે.
૧૬. આ તલવારથી મારું માથુ ઉતારી લો પછી મારા મોંમાં જેટલો કસુંબો રેડવો હોય એટલો રેડજો !
જ. બેચર ચાવડો - મોરબીના રાજાને કહે છે.
૧૭. જે મુખે પાન ચાવ્યા તે મુખે કોલસો કેમ ચવાય !
જ. ગજા ગઢવી - ધાંગધ્રાના રાજાને કહે છે.
૧૮. તું કંઈ મુરખ નથી, તું તો ભગતનો જીવ છે.
જ. સાધુ - રાંમા હાટીને કહે છે.
૧૯. એઈ બાવા નિકળ ! આજ કાં તું નહિ કાં હું નહિ !
જ. દિવાન જગજીવન - શ્રીજી મહારાજને કહે છે.
૨૦. મારી આ ભૂજાઓમાં મારૂં નહિ અક્ષરધામના ધણી શ્રીજી મહારાજનું બળ છે.
જ. ગંગારામ મલ્લ - દિવાન જગજીવનને કહે છે.
૨૧. તમારાં ઘરેણાં અને રૂપિયાનું પોટલું કૂવામાં નાખો.
જ. શ્રીજી મહારાજ ડોસાભાઈને કહે છે.

૨૨. મહારાજની ડગલીમાં મેં હેતના ટેભા લીધા છે.
જ. આત્મારામ દરજી - ભાવનગરના મહારાજાને કહે છે.
૨૩. પાખંડની સાથે અમારે ન બને ! કાં તો તમે અમને રાખો કાં તો દેવલાંને.
જ. શ્રીજી મહારાજ લવજીને કહે છે.
૨૪. બ્રહ્માનંદ સ્વામીનું આયુષ્ય ખુટ્યું છે તમે બધાં થોડું આપવા તૈયાર છો.
જ. શ્રીજી મહારાજ ભક્તોને કહે છે.
૨૫. સમાધિમાં તમારા બેઉના હાથ પર આ સગડીના અંગારા ચાંપી જોઉં કે કોની સમાધિ સાચી છે.
જ. શ્રીજી મહારાજ - લાધીબાઈ અને જટાવાળા બાવાને કહે છે.
૨૬. આપ કોણ છો ? ઘોર વનમાં શું કરો છો ?
જ. મોહનદાસ સાધુ - નીલકંઠવર્ણીને કહે છે.
૨૭. હું માત્ર તારું છું મારતો નથી.
જ. નીલકંઠવર્ણી - તૈલંગ દેશના બ્રાહ્મણને કહે છે.
૨૮. તને માત્ર મારતાં આવડે છે જીવાડતાં નથી આવડતું.
જ. નીલકંઠવર્ણી - પિબેકને કહે છે.
૨૯. હું હમણાં જ તને હતો ન હતો કરી દઉં છું.
જ. પિબેક નિલકંઠવર્ણીને કહે છે.
૩૦. આ બાકું ભીંતમાં નહિ પણ ધર્મમાં છે માટે પૂરી નાખો.
જ. નીલકંઠવર્ણી - રામાનંદ સ્વામીના આશ્રમના સંતોને કહે છે.
૩૧. સત્સંગમાં રહેવાનો ખપ હોય તો થાંભલાને બાથ ભીડીને રહેજો.
જ. રામાનંદ સ્વામી - નીલકંઠવર્ણીને કહે છે.
૩૨. મારા માટે જ આ આસન છે એ હું જાણું છું.
જ. શ્રીજી મહારાજ - પેશ્વાના સુબાને કહે છે.

●



## પ્રશ્ન ૪ શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બનાવો.

૧. **નિંદા** - કોઈ મહારાજની નિંદા કરે અને હું એ સાંભળી રહું એ ન બને !
૨. **પક્ષ** - હંમેશાં ભગવાન અને ભગવાના ભક્તોનો પક્ષ રાખવો.
૩. **ચિંતવન** - નાથ ભક્ત રાત દિવસ મહારાજનું ચિંતવન કરતા.
૪. **મૌનવ્રત** - મૌનવ્રત રાખીને કથા સાંભળવી જોઈએ.
૫. **નિર્માની** - સત્સંગમાં અક્કડ થઈને નહિ ! પણ નિર્માની થઈને અવાય.
૬. **આજ્ઞા** - શ્રીજી મહારાજની આજ્ઞા શિર શાટે માનવી.
૭. **કસર** - અમારા ભક્તોમાં અમારે કોઈ જાતની કસર રહેવા દેવી નથી.
૮. **બક્ષિસ** - મારા ભગવાને તો મને અક્ષરધામ બક્ષિસમાં દઈ દીધું છે.
૯. **આશ્રય** - જેને શ્રીજી મહારાજનો આશ્રય હોય તેને પછી કોઈ વાતે ચિંતા રહે નહિ.
૧૦. **પ્રસન્નતા** - હું આપની પ્રસન્નતા માટે કવિતા લખતો હતો.
૧૧. **ખપ** - કલ્યાણનો ખપ રાખી સત્સંગ કરવો.
૧૨. **હેતના ટેભા** - મહારાજની ડગલીમાં આત્મારામ દરજીએ હેતના ટેભા લીધા હતા.
૧૩. **હકૂમત** - શ્રીજી મહારાજને અમદાવાદ છોડી જવાનું કહેનાર પેશ્વાની હકુમત થોડા મહીનાઓમાં જ ઉડી ગઈ.
૧૪. **સંકલ્પ** - બ્રહ્માનંદ સ્વામીનું આયુષ્ય વધારવા શ્રીજી મહારાજની આજ્ઞા છસો ભક્તોએ પોતાના આયુષ્યમાંથી થોડું આયુષ્ય આપવાનો સંકલ્પ કર્યો.
૧૫. **ખીલો** - આપણે શ્રીજી મહારાજના ખીલે બંધાયેલા છીએ આ વાત ભૂલાય નહિ તેનું ધ્યાન રાખવું.
૧૬. **કૃતઘ્ની** - જે માણસ કર્યા કૃત્યને ન જાણે તેને કૃતઘ્ની જાણવો.
૧૭. **શક્તિમાન** - ભગવાન સર્વ શક્તિમાન છે.
૧૮. **જાગતા દેવ** - હનુમાનજી તો જાગતા દેવ, ભક્ત બોલાવે તો જરૂર આવે.

૧૯. **મહાપાપી** - બીજાની હત્યા કરે તે પાપી, પોતે પોતાની હત્યા કરે તે મહાપાપી.

૨૦. **સત્સંગ** - સત્સંગ કરવાથી અજ્ઞાન ટળે છે.

●

## પ્રશ્ન ૫ જોડકાં યોગ્ય રીતે જોડો.

| (૧) અ | બ |
|---|---|
| ૧. શ્રીહરિ લોજમાં મુક્તાનંદ સ્વામી પાસે રહ્યા. | ૧. સંવત ૧૮૮૬ જેઠ સુદ-૧૦ |
| ૨. સ.ગુ. આત્માનંદ સ્વામીનો જન્મ | ૨. ૧૧ વર્ષ ૩ માસ ૧ દિવસ |
| ૩. શ્રીહરિ ધર્મભક્તિને ઘેર રહ્યા. | ૩. સંવત ૧૭૩૯ આસો સુદ-૧૦ |
| ૪. શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ | ૪. ૧૦ માસ - ૬ દિવસ |
| ૫. શ્રીહરિ - સ્વધામ પધાર્યા. | ૫. સંવત ૧૮૭૮ ફાગણ સુદ-૩ |

**જવાબ (૧-૪), (૨-૩), (૩-૨), (૪-૫), (૫-૧)**

| (૨) અ | બ |
|---|---|
| ૧. ભક્તિમાતાના પિતાનું નામ | ૧. સંવત ૧૮૫૮ કારતક સુદ-૧૧ |
| ૨. શ્રીહરિ ગાદીએ બેઠા | ૨. સંવત ૧૮૫૬ જેઠ સુદ-૧૨ |
| ૩. રામાનંદ સ્વામી સાથે મેળાપ | ૩. બાલશર્મા |
| ૪. શ્રીહરિપ્રસાદના પિતાનું નામ | ૪. સંવત ૧૮૮૨ કારતક સુદ-૧૧ |
| ૫. શ્રીહરિએ આચાર્યોની સ્થાપના કરી | ૫. કૃષ્ણ શર્મા |

**જવાબ (૧-૫), (૨-૧), (૩-૨), (૪-૩), (૫-૪)**

| (૩) અ | બ |
|---|---|
| ૧. શ્રીહરિનું હિમાલય તરફ પ્રયાણ | ૧. સંવત ૨૦૨૫ |
| ૨. શ્રીહરિનો સરજોન માલ્મક સાથે મેળાપ | ૨. ભગુજી |
| ૩. આ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજનો ગાદી અભિષેક | ૩. એભલ ખાચર |
| ૪. ભક્તરાજ દાદાખાચરના પિતા | ૪. સંવત ૧૮૪૮ અષાઢ સુદ-૧૦ |
| ૫. શ્રીજી મહારાજના અંગરક્ષક | ૫. સંવત ૧૮૮૬ તા. ૨૬-૨-૩૦ |

**જવાબ (૧-૪), (૨-૫), (૩-૧), (૪-૩), (૫-૨)**



| (૪) અ | બ |
|---|---|
| ૧. શ્રીહરિએ સત્સંગમાં વિચરણ કર્યું | ૧. ૪૯ વર્ષ ૨ માસ ૧ દિવસ |
| ૨. જેતલપુર શ્રી રેવતી બળદેવજી મહારાજનો પાટોત્સવ. | ૨. ૭ વર્ષ ૧ માસ ૧૧ દિવસ |
| ૩. શ્રીહરિ રામાનંદ સ્વામી પાસે રહ્યા | ૩. ૨૮ વર્ષ ૫ માસ ૨૭ દિવસ |
| ૪. શ્રીહરિએ પૃથ્વી પર વિચરણ કર્યું | ૪. ૧ વર્ષ ૪ માસ ૧૬ દિવસ |
| ૫. બ્રહ્મચારી વેષે તીર્થોમાં ફર્યા | ૫. સંવત ૧૮૮૨ ફાગણ વદ-૮ |

**જવાબ (૧-૩), (૨-૫), (૩-૪), (૪-૧), (૫-૨)**

| (૫) અ | બ |
|---|---|
| ૧. ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક | ૧. મુક્તાનંદ સ્વામી |
| ૨. પૂર્વાશ્રમના લાડુદાન | ૨. પ્રેમાનંદ સ્વામી |
| ૩. જય સદ્‌ગુરુ સ્વામી - આરતી | ૩. રામાનંદ સ્વામી |
| ૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ-પ્રાર્થના | ૪. ભૂમાનંદ સ્વામી |
| ૫. જમો થાળ જીવન જાઉં વારી | ૫. બ્રહ્માનંદ સ્વામી |

**જવાબ (૧-૩), (૨-૫), (૩-૧), (૪-૨), (૫-૪)**

| (૬) અ | બ |
|---|---|
| ૧. ઢોંગી બાવાની પરીક્ષા | ૧. નીલકંઠવર્ણી |
| ૨. સરયુદાસ નામ પાડનાર | ૨. પિબેક |
| ૩. નારાયણ મુની નામ પાડનાર | ૩. અલૈયાખાચર |
| ૪. લીલાનું સુકું કર્યું | ૪. રામાનંદ સ્વામી |
| ૫. સુકાનું લીલું કર્યું | ૫. મુક્તાનંદ સ્વામી |

**જવાબ (૧-૩), (૨-૫), (૩-૪), (૪-૨), (૫-૧)**

| (૭) અ | બ |
|---|---|
| ૧. નીલકંઠવર્ણીનો ગૃહ ત્યાગ | ૧. ભુજ |
| ૨. નીલકંઠવર્ણી લોજમાં પધાર્યા | ૨. અમદાવાદ |
| ૩. નારાયણઘાટ | ૩. સંવત ૧૮૫૬ શ્રાવણ વદ-૬ |
| ૪. પરમભક્ત લાધીબાઈ | ૪. વડતાલ |
| ૫. શિક્ષાપત્રી | ૫. સંવત ૧૮૪૮ અષાઢસુદ-૧૦ |

**જવાબ (૧-૫), (૨-૩), (૩-૨), (૪-૧), (૫-૪)**

| (૮) અ | બ |
|---|---|
| ૧. શ્રીજીનું જન્મ સ્થાન | ૧. ડભાણીયો સાધુ |
| ૨. મોંઘેરૂ માણેક | ૨. ગૃહસ્થ સત્સંગી |
| ૩. મયારામ ભટ્ટ | ૩. છપૈયા |
| ૪. શુકમુની | ૪. ભાવનગરનો દરજી |
| ૫. આત્મારામ | ૫. માણકી |

**જવાબ (૧-૩), (૨-૫), (૩-૨), (૪-૧), (૫-૪)**

●

**પ્રશ્ન ૬ શબ્દોના અર્થ આપો.**

| | |
|---|---|
| ૧. કસર - ખોટ, ખામી | ૨૦. ટેભા - ટાંકા, સિલાઈ |
| ૨. સ્તર - વિભાગ, ક્રમ | ૨૧. ચણ - દાણો |
| ૩. ગૃહસ્થ - ઘરબારવાળો | ૨૨. ધણિયાતું - પાળેલું, માલીકીનું |
| ૪. દૃઢતા - નિશ્ચય, મક્કમતા | ૨૩. હરાયું - રખડું, માલીક વિનાનું |
| ૫. ત્યાગ - છોડી દેવુ | ૨૪. ચારો ચરવો - ખોરાક લેવો |
| ૬. વૃત્તિ - વિચાર | ૨૫. માળો - પંખીઓનું ઘર |
| ૭. ખુમારી - ગર્વ, મસ્તી | ૨૬. કૃતઘ્ની - કર્યા કૃત્યને ન જાણનારો |
| ૮. ભુંડુ - ખરાબ | ૨૭. વર્ણી - બ્રહ્મચારી (નીલકંઠ) |
| ૯. ઢોંગી - બનાવટી | ૨૮. અંજલી - ખોબો |
| ૧૦. ભોંય - જમીન | ૨૯. નવપલ્લવિત - નવાં પાંદડાવાળું |
| ૧૧. ગ્રંથ - પુસ્તક | ૩૦. મદ્યમાંસ - દારૂ અને માંસ |
| ૧૨. બિરદાવ્યા - વખાણ્યા | ૩૧. મલીન - ખરાબ |
| ૧૩. ત્યાગી - સાધુ | ૩૨. બાઈ - સ્ત્રી |
| ૧૪. નિર્માની - માન વગરનું | ૩૩. ખપ - જરૂર, ઈચ્છા |
| ૧૫. આજ્ઞા - આદેશ, વચન | ૩૪. વિધિપૂર્વક - નિયમ પ્રમાણે |
| ૧૬. ગરાસ - ગામ, જાગીર | ૩૫. પીડા - દુઃખ |
| ૧૭. દ્વેષી - વિરોધી | ૩૬. રામપાતર - ભીખ માંગવાનું પાત્ર |
| ૧૮. પાર્ષદ - અંગત સેવક | ૩૭. સિદ્ધાઈ - શક્તિ, તાકાત |
| ૧૯. કવિત - કવિતા | ૩૮. મૌનવ્રત - નહિ બોલવાનું વ્રત |
| ૩૯. સંકલ્પ - પ્રતિજ્ઞા, નિર્ણય | ૪૧. દેહોત્સવ - શરીરનો ત્યાગ કરવો |



| | |
|---|---|
| ૪૦. અક્ષરધામ - શ્રીજીને રહેવાનું ધામ | ૪૨. ધ્યાનસ્થ - ધ્યાનની સ્થિતિમાં |

●

**પ્રશ્ન ૭ ખરા વાક્યોની સામે (✓) અને ખોટા વાક્યોની સામે (✗) ની નિશાની કરો. ખોટું વાક્ય સુધારી ફરી લખો.**

૧. શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જન્મ છપૈયા પાસેના અયોધ્યા ગામમાં થયો હતો. (✗)

- શ્રી સ્વામિનારાયણ ભગવાનનો જન્મ અયોધ્યા પાસેના છપૈયા ગામમાં થયો હતો.

૨. શ્રી સ્વામિનારાયણ ભગવાનને વનવિચરણ વખતે નારાયણ મુનિ તરીકે ઓળખાયા. (✗)

- શ્રી સ્વામિનારાયણ ભગવાન વનવિચરણ વખતે નીલકંઠવર્ણી તરીકે ઓળખાયા.

૩. શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગુરુનું નામ રામાનંદ સ્વામી હતું. (✓)

૪. શ્રી મુક્તાનંદ સ્વામીના ગુરુનું નામ રામાનંદ સ્વામી હતું. (✓)

૫. શ્રી નીલકંઠવર્ણીનું સર્જુદાસ નામ રામાનંદ સ્વામીએ પાડ્યું હતું. (✗)

- નીલકંઠવર્ણીનું સર્જુદાસ નામ મુક્તાનંદ સ્વામીએ પાડ્યું હતું.

૬. નીલકંઠવર્ણીને લોજની વાવ પર પ્રથમ સુખાનંદ સ્વામીનો મેળાપ થયો. (✓)

૭. શ્રી સ્વામિનારાયણ ભગવાન ૧૯ વર્ષની ઉંમરે ગાદીએ બેઠા. (✗)

- શ્રી સ્વામિનારાયણ ભગવાન ૨૧ વર્ષની ઉંમરે ગાદીએ બેઠા.

૮. શ્રી સ્વામિનારાયણ ભગવાને જેતપુરમાં ગાદી સ્વીકારી. (✓)

૯. આપણા ધર્મગુરુ આચાર્ય મહારાજશ્રી છે. (✓)

૧૦. મહારાજ શુકમુનિની કવિતા વાંચ્યા વગર પાણીમાં પધરાવી દેતા. (✓)

૧૧. મહારાજ માટે દાદાખાચરે ડગલી સીવી. (✗)

- મહારાજ માટે આત્મારામ દરજીએ ડગલી સીવી.

૧૨. અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી શોભાવી રહ્યા છે. (✓)

૧૩. વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠસ્થાન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી શોભાવી રહ્યા છે. (✓)

૧૪. શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાની ગાદીના બે વિભાગ કર્યા (૧) અમદાવાદ (૨) વડતાલ. (✓)

૧૫. આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ છે. (✓)

૧૬. રામો હાટી મજુરી કરી ગુજરાન ચલાવતો. (×)

- રામો હાટી શિકાર કરી ગુજરાન ચલાવતો.

૧૭. પિબેકે ઝાડને નવપલ્લવિત કરી બતાવ્યું (×)

- નીલકંઠવર્ણીએ ઝાડને નવપલ્લવિત કરી બતાવ્યું.

૧૮. દાદાખાચરે પોતાનો ગરાસ બહેનોને આપવાની ના પાડી. (×)

- દાદાખાચરે પોતાનો ગરાસ તે જ દિવસે બહેનોને નામ કરી દીધો.

૧૯. અલૈયાખાચરે બાવાના મોઢામાં મુઠ્ઠી ભરીને રૂપિયા નાખ્યાં. (×)

- અલૈયાખાચરે બાવાના મોંઢામાં મુઠ્ઠી ભરીને ધૂળ નાંખી.

૨૦. કેસરમિયાં વડોદરા રાજ્યના સિપાહી હતા. (×)

- કેસરમિયાં વઢવાણ રાજ્યના સિપાહી હતા.

૨૧. ગૃહસ્થોએ આવક પ્રમાણ ખર્ચ કરવો. (✓)

૨૨. બાળકોએ બાળસભામાં નિયમિત જવું જોઈએ. (✓)

૨૩. ભગવાનના ભક્તોએ સવારમાં સૂર્યોદય પહેલાં જાગવું જોઈએ. (✓)

૨૪. આપણા ભાવિ આચાર્ય વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છે. (✓)

૨૫. આપણા લાલજી મહારાજનું નામ વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છે. (✓)

૨૬. ભૂતપ્રેતનો ઉપદ્રવ થાય ત્યારે હનુમાનજીનો મંત્ર જપવો. (✓)

૨૭. ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી સહેલી છે. (×)

- ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખવી કઠણ છે.

૨૮. સ્વાર્થ વિનાની ભક્તિ કલ્યાણકારી છે. (✓)

૨૯. બ્રહ્મવેત્તા હોય તેનું પણ ધ્યાન ન કરવું. (✓)

૩૦. શિક્ષાપત્રીની રચના શ્રીહરિએ વડતાલમાં કરી. (✓)



## પ્રશ્ન ૮ ટૂંકમાં પરિચય આપો.

### (૧) ઘનશ્યામ

આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનું બાળપણનું નામ ઘનશ્યામ હતું. ઘનશ્યામનો જન્મ સંવત ૧૮૩૭ ચૈત્રસુદ નવમીએ અયોધ્યા પાસે છપૈયા ગામમાં થયો હતો. ઘનશ્યામના પિતાનું નામ ધર્મદેવ અને માતાનું નામ ભક્તિદેવી હતું. ઘનશ્યામે આખા છપૈયાને પોતાની બાળલીલાથી ઘેલું કર્યું હતું. ઘનશ્યામે કાલીદત્ત નામના અસુરનો નાશ કર્યો. ઘનસ્યામ અગિયાર વર્ષની નાની વયે ઘરનો ત્યાગ કરી વનવિચરણ કરવા પધાર્યા.

### (૨) નીલકંઠ

ઘનશ્યામ વનવિચરણ કરતા હતા ત્યારે નીલકંઠવર્ણીના નામે ઓળખાવા લાગ્યા. નીલકંઠે ઘોરવનમાં ગોપાળયોગીના આશ્રમમાં એક વર્ષ રહી યોગ-સાધના કરી. નીલકંઠવર્ણીએ નવલખા પર્વત પર નવ લાખ યોગીઓને નવલાખ સ્વરૂપે દર્શન દીધાં. પિબેક જેવા મલીન વિદ્યાના સિદ્ધની સિદ્ધાઈનું અભિમાન ઉતારી શરણે લીધો. લોજ ગામમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં રહી અનેક પ્રકારની સેવા કરી. શ્રી રામાનંદ સ્વામી જેવા સાચા ગુરુ મળતાં તેમનાં શિષ્ય બન્યા અને સંવત ૧૮૫૭ કારતક સુદ-૧૧ (એકાદશી)ને દિવસે પીપલાણામાં ગુરુ રામાનંદ સ્વામી પાસે મહાદીક્ષા લીધી. રામાનંદ સ્વામીએ મહાદીક્ષા આપી સહજાનંદ સ્વામી અને નારાયણમુની નામ પાડ્યાં.

### (૩) રામાનંદ સ્વામી

રામાનંદ સ્વામી આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના ગુરુ હતા. રામાનંદ સ્વામીનો જન્મ સંવત ૧૭૯૫ ના શ્રાવણ વદ-૮ ના રોજ અયોધ્યામાં થયો હતો. રામાનંદ સ્વામીના પિતાનું નામ અજય અને માતાનું નામ સુમતિ હતું. રામાનંદ સ્વામી ઉદ્ધવજીનો અવતાર હતા. રામાનંદ સ્વામીએ તીવ્ર વૈરાગ્યને લીધે માતાપિતાની આજ્ઞા લઈ ગૃહત્યાગ કર્યો. ફરતા ફરતા રામાનંદ સ્વામી શ્રીરંગ ક્ષેત્રમાં આવ્યા ત્યાં રામાનુજાચાર્યના હાથે ધ્યાનસ્થ સ્થિતિમાં ભાગવતી દીક્ષા લીધી. પ્રયાગમાં શ્રી સ્વામિનારાયણ ભગાવનના પિતા શ્રી ધર્મદેવને મંત્રદીક્ષા આપી. અને જેતપુરમાં સહજાનંદ સ્વામીને પોતાની ગાદી ઉપર પટ્ટાભિષેક કરી એક માસ બાદ સંવત ૧૮૫૮ ના માગસર સુદ-૧૨ ના રોજ ફણેણી ગામમાં દેહોત્સવ કર્યો.

### (૪) મુક્તાનંદ સ્વામી

મુક્તાનંદ સ્વામીનો જન્મ સંવત ૧૮૧૪ ના પોષવદ સાતમના રોજ અમરાપુર ગામમાં થયો હતો. સ્વામીના પિતાનું નામ આનંદરાય અને માતાનું નામ રાધા હતું. મુક્તાનંદ સ્વામીનું મૂળનામ મુકુંદદાસ હતું. માતાપિતાના આગ્રહથી લગ્ન કર્યા પણ ગૃહસ્થાશ્રમમાં તેમનું ચિત ચોટ્યું નહિ. તેઓ ગાંડાની જેમ વર્તવા લાગ્યા. તેથી તેમને ઘરમાંથી કાઢી મૂક્યા. ફરતા ફરતા ધ્રાંગધ્રામાં આવીને દ્વારકાદાસ વૈરાગીને ત્યાં રહ્યા ત્યાર પછી સરધારમાં તુલસીદાસ મહાત્મા પાસે રહ્યા અને છેલ્લે બંધીયામાં ગુરુ રામાનંદ સ્વામી પાસે ભાગવતી દીક્ષા લીધી અને લોજમાં આવ્યા. લોજમાં તેમને નીલકંઠવર્ણીનો મેળાપ થયો. રામાનંદ સ્વામીએ નીલકંઠને પોતાની ગાદીએ નિયુક્ત કર્યા ત્યારે તેમના અનન્ય શિષ્ય થઈને રહ્યાં. તેમણે અનેક ગ્રંથો અને કાવ્યો રચ્યાં છે. આમ સત્સંગની અપૂર્વ સેવા કરી સંવત ૧૮૮૭ ના અષાઢ વદ-૧૨ ના રોજ ગઢડામાં અક્ષરનિવાસી થયા.

### (૫) આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ

શ્રી સહજાનંદજીના મોટાભાઈ શ્રી રામપ્રતાપજી હતા અને રામપ્રતાપભાઈના પત્નીનું નામ સુવાસનિબાઈ હતું. તેમના બીજા પુત્ર શ્રી અયોધ્યાપ્રસાદ હતા. તેમનો જન્મ સંવત ૧૮૬૫ ના જેઠ સુદ ૧૧ ના રોજ છપૈયા ગામમાં થયો હતો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ અત્યંત નિર્માની સ્વભાવના હતા, ને સાધુતાના સર્વ ગુણેયુક્ત હતા. શીલ, સંતોષ, દયા અને શાન્તિ આ તેમના સ્વાભાવિક ગુણો હતા. વિદ્યા પ્રત્યે અનહદ પ્રેમ હતો.

શ્રીહરિએ દેશ વિભાગ કર્યા ત્યારે ઉત્તર વિભાગની અમદાવાદની શ્રી નરનારાયણદેવની ગાદી ઉપર શ્રી અયોધ્યાપ્રસાદજીની નિયુક્તિ કરી હતી. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો ગાદી અભિષેક સંવત ૧૮૮૨ ના કારતક સુદ એકાદશીના રોજ થયો હતો.

શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે એક સંસ્કૃત પાઠશાળા અમદાવાદમાં સ્થાપી જે આજ પર્યન્ત ''શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય'' તરીકે ચાલે છે. તેઓએ ડુંગરપુર, ઈડર, સિદ્ધપુર, માંડવી અને છપૈયા વગેરે સ્થળોએ મહામંદિરો બનાવી મૂર્તિઓની સ્થાપના કરેલી. તેમજ અનેક હરિમંદિરોમાં પણ મૂર્તિ પ્રતિષ્ઠા કરેલી છે. અમદાવાદ શ્રી નરનારાયણદેવના મંદિરમાં વિશાળ અને આકર્ષક હવેલી બંધાવેલી છે. તેઓ કાવ્યો રચી જાણતા. તેઓશ્રીના કાવ્યોનો સંગ્રહ તેમના સમયમાં બહાર પડેલો છે. અમદાવાદમાં હાથીખાના નવાવાસ પાસેના વંડામાં શ્રી મુક્તેશ્વર મહાદેવની પણ સ્થાપના કરેલી છે. જે હાલ મહાદેવવાળો વંડો કહેવાય છે.



તેઓ ૪૨ વર્ષ સુધી ગાદી પદે રહી શ્રેષ્ઠ રીતે સત્સંગનો ઉત્કર્ષ સાધી સંવત ૧૯૨૪ ના ફાગણ સુદ-૭ ના રોજ અક્ષરનિવાસી થયા. તેમના સ્થાને તેઓશ્રીના પુત્ર શ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીનો ગાદી અભિષેક થયો.

●

## પ્રશ્ન ૯ કાવ્ય પંક્તિ પૂર્ણ કરો.

### (૧) પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ ।
માહાત્મ્યજ્ઞાનયુત ભક્તિ તવ એકાંતિક સુખધામ ॥૧॥
મોહિમેં તવ ભકતપનો, તામેં કોઈ પ્રકાર ।
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર ॥૨॥
તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહિ હોય ।
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય ॥૩॥
નાથ નિરંતર દર્શ, તવ દાસનકો દાસ ।
એહિ માગુ કરી વિનય હરિ, સદા રાખિયો પાસ ॥૪॥
હે કૃપાળુ ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સુનો બાત ।
દયાસિન્ધો ! સ્તવન કરી, માગુ વસ્તુ સાત ॥૫॥
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાન ।
તાકુ હોય દ્રઢ વર્તનો શિક્ષાપત્રી પ્રમાન ॥૬॥
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય ।
તાકી વિકિત કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય ॥૭॥
હિંસા ન કરની જંતુકી, પરત્રિયા સંગકો ત્યાગ ।
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડ ભાગ્ય ॥૮॥
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મધાત ।
ચોરી ન કરની કાહુંકી, કલંક ન કોઈકું લગાત ॥૯॥

નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત ।
વિમુખ જીવકે વદનસેં કથા સુની નહિ જાત ॥૧૦॥
એહી ધર્મ કે નિયમમેં, બરતો સબ હરિદાસ ।
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આશ ॥૧૧॥
રહી એકાદશ નિયમમેં, કરો શ્રી હરિપદ પ્રીત ।
પ્રેમાનંદ કે ધામમેં, જાઓ નિઃશંક જગ જીત ॥૧૨॥

## (૨) થાળ

જમો જમો ને મારા જીવન જુગતે ભોજનીયા રસ ભરીયાં રે
પાક શાક તમ સારૂ પ્રીતમ, કોડે કોડે કરીયાં હરિવર જમજો જીરે... જમો ૧
તળીયાં ગળીયાં તાજાં તાતાં, કનક થાળમાં ધરીયા રે,
આરોગો મારા નાથ અલૌકિક ઘૃત ઝાઝાં ઘેબરીયાં રે... જમો ૨
કઢી વડી કારેલાં, કાજુ, રાઈ તણાં દઈ થરીયાં રે,
જોઈએ તો ઉપરથી લેજો, મીઠું જીરૂં કાંઈ મરીયાં રે... જમો ૩
બ્રહ્માનંદના નાથ શિરાવ્યા, દૂધ ભાત સાકરીયાં રે,
ચળું કર્યું હરિ તૃપ્ત થઈને, નીરખી લોચન ઠરીયાં રે... જમો ૪

## (૩) સર્વે સખી જીવન જોવાને

સર્વેસખી જીવન જોવાને ચાલો રે, શેરડીયુંમાં આવે લટકતો લાલો રે...૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે, જેને નીગમ નેતિ નેતિ કરી ગાય રે...૨
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે, છબી જોઈ કોટિક કંદ્રપ લાજે રે...૩
મળ્યા આવે મહામુનિનાં વૃન્દ રે, તેમાં શોભે તારે વીંટયો જેમ ચંદ્ર...૪
શુક સનકાદિક ઉત્તમ યશ ગાવે રે, નૃત્ય કરે નારદ વિણા વજાવે રે...૫
નીજ સખા ચમર કરે લઈ હાથ રે, આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે...૬

## (૪) સ્વામિનારાયણ મહામંત્ર ગમે....

સ્વામિનારાયણ મહામંત્ર ગમે, અહોરાત દિવસ મારા દિલમાં રમે
વ્હાલે છપૈયા ધામમાં જનમ ધરી, વર્ણી વેષે હિમાચળે તપ કરી,
હરિએ લાખો મુનિઓની મુક્તિ કરી...સ્વામિનારાયણ૦
વ્હાલે ગુરુરામાનંદથી દીક્ષા લીધી, કચ્છ ગુજરાત સૌરાષ્ટ્ર લીલા કીધી,
પ્રભુએ ભક્તોની ભ્રાંતિ મિટાવી દીધી...સ્વામિનારાયણ૦



વ્હાલે વચનામૃતમાં રહસ્ય ભર્યું, ધર્મ જ્ઞાન વૈરાગ્યનું પાત્ર ઠર્યું,
પરા ભક્તિ બતાવી કલ્યાણ કર્યું...સ્વામિનારાયણ૦
વ્હાલે કૃપા કરી શિક્ષાપત્રી દીધી, એમાં ચારે પુરુષાર્થની સિદ્ધિ ચીંધી,
એ છે સર્વે સત્સંગીની નૌતમ નિધિ...સ્વામિનારાયણ૦
વ્હાલા પ્રત્યક્ષ સત્સંગમાં વિચરો, માધવતીર્થની પ્રાર્થના ઉરમાં ધરો
શ્રીજી દર્શન દઈને પાવન કરો...સ્વામિનારાયણ૦

## (૫) સજની સાંભળો રે

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતા રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ...૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નિરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર...૨
બરાસ કપૂરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર...૩
બાજુ બેરખા રે, બાંયે કપુર ના શોભિત,
કડાં કપૂરનાં રે, જોતાં ચોરે સૌનાં ચિત્ત...૪
સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળ નયનની કોર...૫
હસતા હેતમાં રે, સૌને દેતા સુખઆનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરૂણાકંદ...૬
અદ્‌ભૂત ઉપમાં રે, કહેતા શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર...૭
વ્હાલપ વેણમાં રે, નેણાં કરૂણામાં ભરપૂર;
અંગો અંગમાં રે, જાણે ઉગીયા અગણિત સૂર...૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...૯

## (૬) સખી ગોકુળ ગામના ચોકમાં

સખી ગોકુળ ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસીલે ખેલ
રમે રાસ રંગીલો રંગમાં રે...ટેક૦
ચહુ કોરે સખાની મંડળી રે, ઊભા વચમાં છેલો અલબેલ...રમે૦ ૧
સખી ચાલોને જઈએ દેખવા રે, વહાલે પહેર્યા છે વસ્ત્ર શોભીત...રમે૦ ૨

તાળી પાડે રૂપાળી તાનમાં રે, મુખે ગાવ મનોહર ગીત...રમે૦ ૩
શોભા બની સલુણા શ્યામની રે, ઊભી વ્રજની નારી જોવા કાજ...રમે૦ ૪
હસી હેરે છબીલો હેતમાં રે, બ્રહ્માનંદનો વહાલો વ્રજરાજ...રમે૦ ૫

## (૭) મારે મોહોલે આવો હસીને બોલાવો

મારે મોહોલે આવો હસીને બોલાવો રે, રંગભીના છેલા નંદજીના...છોજી૦૧
પાઘડલી પેચાળી બાંધી છે રૂપાળી રે, લટકાળા મોતીડાવાળા...છોજી૦૨
કહાના ગિરધારી મૂર્તિ તારી રે, મનમાની છેલ ગુમાની...છોજી૦૩
બ્રહ્માનંદના પ્યારા શોભો છો સારા રે, કેસરીઆ રંગના ભરીઆ...છોજી૦૪

## (૮) ઓરા આવો મારા લેરખડા

ઓરા આવો મારા લેરખડા લ્હેરી, કીધો તમ સારુ મેં જગ વેરી...ઓરા૦ ટે.
કાજુ નૌતમ જામા જરકસીયા, શોભે પાઘડલી શિર સાનેરી...ઓરા૦ ૧
નંગ જડીએલ બાજુ બેરકડા, કર પોંચી હેમકડાં પહેરી...ઓરા૦ ૨
તમે રસીયા રંગડાના ભરીયા, મુખ મોરલડી વાતા ઘેરી...ઓરા૦ ૩
બ્રહ્માનંદના છેલા છોગાળા, ચાલો ચાલ મલપતા ગજ કેરી...ઓરા૦ ૪

## (૯) તારી મૂરતિ રે, છે જો

તારી મૂરતિ રે, છે જો નેણાનો શણગાર;
નેણાનો શણગાર, મારા હૈડા કેરો હાર...તારી૦ ટેક.
મોહન તારી મૂર્તિ જોઈને, ભૂલી છું તન ભાન;
નીરખતાં નજરામાં થઈ છું ગજરામાં ગુલતાન...તારી૦ ૧
માથે ઝીણી પાઘ મનોહર, સુંદર શ્યામ શરીર;
નથી રહેતી તારું રૂપનીહાળી, વ્રજનારીને ધીર...તારી૦ ૨
બાંય જડાવું બાંધેલ બાજુ, કાજુ નંદકિશોર;
બ્રહ્માનંદ કહે મોહી છું વેણે, નેણે જાદુ જોર...તારી૦ ૩

## (૧૦) એકાદશી પદ

કોડે કોડે એકાદશી કીજીએ રે, એવું વ્રત જાવા નવ દીજીએ રે.ટેક૦
એ વ્રત કરે તે ધન્ય માનવી રે,તે તો નહાયો કોટીકવાર જાહ્નવી રે. ૧
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે, તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે. ૨



એનો મહિમા મુનિવર ગાય છે રે, અવિનાશી મળ્યાનો ઉપાય છે રે. ૩
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસી રે, કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે. ૪

## (૧૧) જન્મનું પદ

સહજાનંદ હરિ, પ્રગટ થયા સહજાનંદ હરિ.. ટેક૦
વ્યાસમુનિએ જે પ્રૂવે કહી'તી તે વાત સાચી કરી.. પ્રગટ૦ ૧
કૌશલ દેશમાં પ્રગટ્યા પોતે, દ્વિજ કુળ દેહ ધરી.. પ્રગટ૦ ૨
અધર્મ કેરાં મૂળ ઉખાડી, સદ્ધર્મ સ્થાપ્યો ફરી.. પ્રગટ૦ ૩
નિષ્કુળાનંદ કહે દુર્ગપુર આવ્યા, નીરખ્યા મેં નેણાં ભરી.. પ્રગટ૦ ૪

## (૧૨) ઉપદેશનું પદ

સજની ટાણું આવ્યું તે ભવજળ તરવાનું
મોંઘો મનુષ્યનો વારો, ફેરફેર નહિ મળનારો,
ડાહ્યા દિલમાં વિચારો, સત્સંગ કીજીયે...ટેક૦
સજની આરે ચોઘડિયું અમૃત લાભનું
ફેર ફેર નહિ મળે એવું, વીજના ઝબકારા જેવું,
મોતી પરોવી લેવું, સત્સંગ કીજીએ... ૧
સજની સંતનાં વચન તે ઉરમાં ધારીએ,
ગાંઠ વાળી ન છૂટે, નિયમ નિશ્ચય નવ ટૂટે,
સંસાર છોને રે ફૂટે, સત્સંગ કીજીયે... ૨
સાચા સાધુ પુરૂષની સેવા કીજીયે,
પાપ પૂર્વના બળવા, બ્રહ્મપુરમાં તે ભળવા,
સ્વામિનારાયણ મળવા સત્સંગ કીજીયે... ૩
સજની શિરને સાટે રે હરિને સેવીએ,
પાછાં પગલાં નવ ભરીયે, મનકર્મવચને હરિ વરીએ,
નારાયણદાસ કહે ઠરીયે, સત્સંગ કીજીયે... ૪

## (૧૩) લટકાળો લટકંતો આવે

લટકાળો લટકંતો આવે, મોહન મોરલી વાતો રે...લટકાળો૦ ટેક.
સખાને સંગે અતિ ઉછરંગે, ગીત મધુરાં ગાતો રે...લટકાળો૦ ૧
કેસરીએ વાઘે કસુંબલ પાઘે, કેસર રંગમાં રાતો રે...લટકાળો૦ ૨

ફુલડાનાં તોરા ગજરા ને ટોપી, ફુલાંને હારે ફુલાતો રે...લટકાળો૦ ૩
નિષ્કુળાનંદનો સ્વામી શામળીયો, આવે અમીરસ પાતો રે...લટકાળો૦ ૪

## (૧૪) પ્રાતઃ થયું મનમોહન પ્યારા

પ્રાતઃ થયું મનમોહન પ્યારા, પ્રીતમ રહ્યા શું પોઢીને;
વારંવાર કરું છું વિનતિ, જગજીવન કર જોડીને...પ્રાત૦ ૧
ઘરઘરથી ગોવાળા આવ્યા, દર્શન કારણ દોડીને;
આંગણિયે ઊભી વ્રજ-અબળા, મહી વલોવા છોડીને...પ્રાત૦ ૨
બહુરૂપી દરવાજે બેઠા, શંકર નેજા ખોડીને;
મુખડું જોવા આતુર મનમાં, જોરે રાખ્યા ઓડીને...પ્રાત૦ ૩
ભૈરવ રાગ ગુણીજન ગાવે, તાન મનોહર તોડીને;
બ્રહ્માનંદના નાથ વિહારી, ઊઠ્યા આળસ મોડીને...પ્રાત૦ ૪

## (૧૫) બોલ્યા શ્રીહરિ રે,

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નર નારી હરિજન;
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું છે મન...૧
મારી મૂર્તિ રે, મારા લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત....૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામર્થી રે, શક્તિ ગુણે કરી અભિરામ...૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શિતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય...૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર...૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરૂષ પ્રધાન;
સહુને વશ કરૂ રે, સૌનો પ્રેરક હું ભગવાન...૬
અગણિત વિશ્વની રે, ઉત્પતિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય...૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે. મારી...૮



હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ...૯

## (૧૬) વળી સૌ સાંભળો રે

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ,
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ...૧
સહુ હરિભક્તને રે, જાવું હોય મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ...૨
સહું હરિભક્તને રે, રહેવું હોય મારી પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ...૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠા જાણી કુટુમ્બ પરિવાર...૪
સૌ તમે પાળજો રે, સર્વ દ્રઢ કરી મારાં નિયમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ...૫
સંત હરિભક્ત ને રે, કીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ...૬
નિજ જન ઉપર રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સૌ ઔધધી રે, પ્રીતે પોષે પૂરણચંદ...૭
શોભે સંતમાં રે, જેમ કોઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળિમાં કરવા જનનાં કાજ...૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામિ લેશે તેની સાર...૯

## (૧૭) આજ સો સો વર્ષોના વાણાં.....

આજ સો સો વર્ષોનાં વાણાં વાઈ ગયાં
તોયે જાણે હજુ કાલ સવારની વાત રે સહજાનંદ સ્વામી,
ગઢપુર જોતાં શ્રીજી મુને સાંભરે,...... ટેક
એનો એ દરબાર એના એ ઓરડા,
એના એ તોરણ ચાકળા હીંડોળા ખાટ રે.... સહજાનંદ સ્વામી૦ ૧
એનો એ લીંબડો ને અક્ષર ઓરડી,
એના એ ગાદી તકિયાં રંગત પાટ રે.... સહજાનંદ સ્વામી૦ ૨
સાધુ બ્રહ્મચારી પાળાની સાથમાં,
ખાંતીલો આંહી ખેલતા રંગ ખેલ રે.... સહજાનંદ સ્વામી૦ ૩

આજ સુનો દરબાર સુના એ ઓરડા,
સુના દીસે આજ ઘેલા નદીના ઘાટ રે.... સહજાનંદ સ્વામી૦ ૪
લક્ષ્મી વાડી લાડીલા લાલની,
પોઢ્યા જીયાં પાતળીયો મુજ પ્રાણ રે.... સહજાનંદ સ્વામી૦ ૫
ગંગા જળીએ હરિને ગોતીઆ,
જળ શૈયામાં જોયા જીવન પ્રાણ રે.... સહજાનંદ સ્વામી૦ ૬
ગુણીયલ મૂર્તિ રે ગોપીનાથની,
દર્શન કર્યે શાંત દિલ થાય રે.... સહજાનંદ સ્વામી૦ ૭
માગે કર જોડી માવદાનજી,
શ્રીજી સદાયે રહેજો મારી સહાય રે.... સહજાનંદ સ્વામી૦ ૮

## (૧૮) ધર્મકુળ મહિમાનું પદ

સ્વામી પ્રગટ થયા તે સહુ સાંભળો, સાધુજનને અલૌકિક સ્વાદ,
ગુણ ગાઈએ પવિત્ર ધર્મવંશના રે-ટેક.
જેની માતા ભક્તિ નામે મહાસતી, પિતા પાંડે હરિપ્રસાદ-ગુણ.
ગુણવંત છપૈયા એક ગામ છે, પાસે અવધનગર મોટું ધામ-ગુણ.
ચૈત્ર શુકલનવમીએ પ્રભુ જન્મિયા, હરિકૃષ્ણ ધર્યુ છે શુભનામ-ગુણ.
બાળલીલા કરે છે બહુ ભાતની, માતપિતાને હર્ષ ન માય-ગુણ.
વ્હાલો ચંદ્રકળાની પેરે વધતા, નરનારી જોઈને ખુશી થાય-ગુણ.
આઠ વર્ષે પામ્યા તે ઉપવિતને, તજ્યું ભુવન આણીને વૈરાગ્ય-ગુણ.
ગુણ ચરિત્ર મનોહર ગાવવા, મળ્યો બ્રહ્માનંદને માગ-ગુણ.

## (૧૯) પૂનમના મહિમાનું પદ

પોતે નરનારાયણ બોલિયા રે, મને વાલા પુનમિયાં દાસ,
એમ જાણીને પુનમે આવજો રે,
મારે એથી અધિક તે કોય નહિ રે, એ તો રે'શે સદા મારી પાસ.. એમ જાણીને
પ્રીતે પુનમે દિવસે આવીને રે, મારુ દરશન કરી ગંગા નાય.. એમ જાણીને
આજ તીરથ બીજુ પૃથ્વી વિષે રે, એથી અધિક તે કોઈ ન કહેવાય.. એમ જાણીને
દેવ મુનિ જોગી સતી સીધા ત્યાં રે, નાવા આવે નારાયણ ઘાટ.. એમ જાણીને
નાવા સંત અનંત આવે ત્યાં કને રે, બ્રહ્મચારી બ્રાહ્મણ પરિવાર.. એમ જાણીને
સર્વ તીરથ આવી ત્યાં રહ્યા રે, એનો મહિમા કહ્યો નવ જાય.. એમ જાણીને
એવી રીત અલૌકિક જોઈને રે, પૂર્ણાનંદ મગન ગુણ ગાય.. એમ જાણીને



## (૨૦) આજ કળિયુગમાં પરચા પૂરે

આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છેઃ
પ્રેમી ભક્તોની હામું પૂરે પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...ટેક૦
જામનગર જાત્રાનું ધામ છે, સ્વામી મંદિરમાં શ્રી ઘનશ્યામ છે;
દીધો પરચો પોષ સુદી એકાદશી પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૧
વિપ્ર કન્યા ઝવેરબાઈ નામ છે, કચ્છ પિયરને સાસરું આ ગામ છે
ભાવે ભજતી એકલડી નિત્ય પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૨
પૂર્વ કર્મ મટે કેમ ભાવિ, થયો ઝામર ને આંખે ખોટ આવી;
થાય પીડા અંગો અંગ સહાય કરજો પ્રભુજી;
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૩
વૈદ્ય ડોકટરોને આંખડી બતાવી, સહુએ ઓપરેશન કરવા સમજાવી;
છેડાવ્રત આજ છૂટે લાજ રાખો પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૪
દર્શન એકાદશીને દિન દીધું, વહાલે વનિતાનું રૂપ ધરી લીધું;
ફર્યા પ્રદક્ષિણા પ્રેમી ભક્ત સાથે પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૫
હરિ નાખ્યું ટીપું નિજ હાથે, મહા અમૃતમય હાથ મૂકી માથે;
દુઃખ કાપ્યું સુખ આપ્યું દીનાનાથે પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૬
પ્રેમદાની પીડા સર્વે ટાળી, થયા વનિતા રૂપે વનમાળી;
થયા ભેચક વૈદ્યો આંખ ભાળી પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૭
મૂર્ખ લોકો આ વાત નહિ માને, જાુઓ આંખે જઈ સાંભળો શું કાને;
ખરી ખાત્રી કરી છે "માવદાને" પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૮

## (૨૧) છેલ છોગાળો રે મીઠી મોરલીવાળો,

છેલ છોગાળો રે મીઠી મોરલીવાળો,
મારે મંદિરે પધારે નિત્ય છેલ છોગાળો...ટેક૦
હસતાં હસતાં મુજને દેખી આનંદ પામે;
એની કરુણાની દૃષ્ટિ, સર્વે દુઃખડાં વામે...છેલ૦ ૧
મોતીડાની માળા પહેરી મલપંતો આવે;
ગાઉં ત્યાં સંગાથે મારે, પ્રેમ શું ગાવે...છેલ૦ ૨
મેં વહાલો વશ કીધા મુજને વહાલે વશ કીધી;
સામા સામી પાનબીડી, દીધી ને લીધી...છેલ૦ ૩
મુક્તાનંદ કહે મોહન સંગે લા'વ ઘણો લીધો;
મુખડેથી તંબોળ મુજને, મે'ર કરી દીધો...છેલ૦ ૪

## (૨૨) ગઈ'તી ગઈ'તી ભરવાને નીર

ગઈ'તી ગઈ'તી ભરવાને નીર,
કેસરિયે વાઘે રે નટવર દીઠડાજી...મારા રાજ૦
ઊભા ઊભા જમુનાને તીર,
લાજડલી મેલીને મેં તો લીધાં મીઠડાંજી...મારા રાજ૦ ૧
લાગી લાગી આંખડલીની ચોટ,
ડોલરિયો દેખીને ઘાયલ હું થઈજી...મારા રાજ૦ ૨
દોડી દોડી કાઢી મેં તો દોટ,
દિલડામાં દિવાની સરખી હોય રહીજી...મારા રાજ૦ ૩
અલબેલાનાં નેણું કેરાં બાણ,
અચાનક લાગ્યાં રે હેલી હું શું કરુંજી...મારા રાજ૦ ૪
હરિયાં હરિયાં મનડાં ને પ્રાણ,
કાનુડા કેડે રે સૈયર હું ફરુંજી...મારા રાજ૦ ૫
રૂડું રૂડું સુંદરવરનું રૂપ,
આંખડલી અણિયાળી બળભદ્ર વીરનીજી..મારા રાજ૦ ૬



આંગી પે'રી અજબ અનુપ,
નીરખી શોભા રે નવલ આહીરનીજી...મારા રાજ૦ ૭
લીધી લીધી બંસી વાલે હાથ,
ઊભા ને આલાપે રસિયો રાગમાંજી...મારા રાજ૦ ૮
શોભે શોભે બ્રહ્માનંદનો નાથ,
છોગલિયાં બિરાજે સુંદર પાઘમાંજી...મારા રાજ૦ ૯

## (૨૩) રંગભીનારે શામળીયા આવો ઝુલીયે રે

રંગભીનારે શામળીયા આવો ઝુલીયેરે. રંગ૦
બાંધું ફૂલહિંડોળો પ્યારા, પહેરાવું પટભૂષણ સારા;
નંદકુંવર તમને નીરખીને ફુલીયેરે. રંગ૦ ૧
ચરચું ચંદનખોર છબીલા, નૌતમ રીતેસ્યુ રંગીલા;
ચાંદલીયો કરવા ઊભી કંકુલીયેરે. રંગ૦ ૨
જરકસના પહેરો હરિ જામા, આવો છેલછબીલા શ્યામા;
ચિત્તડું ચોરો બાંધી પાગ અમુલિયેરે. રંગ૦ ૩
અલબેલા ઉરમાં લખી રાખું, તનમન તમપર વારી નાખું
પ્રેમાનંદ કહે આ અવસર નહિ ભુલીયેરે. રંગ૦ ૪

## (૨૪) ધન્ય ભાગ્ય જે ધર્મવંશમાં

ધન્ય ભાગ્ય જે ધર્મવંશમાં, અવતરીયા નરનારી રે,
સર્જનહારે સગાં જેને માન્યા, મહિમા તે વાધ્યો ભારી રે, ધન્ય ભાગ્ય જે....... ટેક
દર્શન એના અતિશય દુર્લભ સ્પર્શે તે પાતક જાવે રે
પૂરણપૂર્ણ હોય જે પ્રાણી તે ઘરમાં પધરાવે રે, ધન્ય ભાગ્ય જે .... ૧
મહામંત્ર દઈ મરમ બતાવે મહેર કરે જેને માથે રે
દેહ છતે તે મૂક્ત કહેવાયે સંબધ થાય હરિ સાથે રે, ધન્ય ભાગ્ય જે .... ૨
એનું શરણ લીયે જે પ્રાણી ભવ દુઃખથી તે છૂટે રે
અક્ષરધામનો થાય નિવાસ અવિનાશી સુખ લૂંટે રે, ધન્ય ભાગ્ય જે .... ૩
રામપ્રતાપ ને ઈચ્છારામ બેઉ સત્સંગમાં સુખદાયી રે,
બ્રહ્માનંદ કહે શી રહી ખામી ભૂધરજીના ભાઈ એ, ધન્ય ભાગ્ય જે .... ૪

# વિભાગ-૩ શિક્ષાપત્રી શ્લોક

अतो भवद्भिर्मच्छिस्यैः सावधानतयाऽखिलैः ।
प्रीत्यैतामनुसृत्यैव वर्तितव्यं निरन्तरम् ॥१०॥

તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે, તેમણે તો પ્રિતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ નિરંતર સાવધાનપણે વર્તવું, પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ. ॥૧૦॥

देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि ।
वेदानां च न कर्तव्या निन्दा श्रव्या न च क्वचित् ॥२१॥

અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ, એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥૨૧॥

गुरुदेवनृपेक्षार्थं न गम्यं रिक्तपाणिभिः ।
विश्वासघातो नो कार्यः स्वश्लाघा स्वमुखेन च ॥३७॥

અને ગુરુ, દેવ અને રાજા એ ત્રણના દર્શનને અર્થે જ્યારે જવું, ત્યારે ઠાલે હાથે ન જવું; અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો; અને પોતાના મુખે કરીને પોતાના વખાણ ન કરવાં. ॥૩૭॥

भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् ।
नामसङ्कीर्तनं कार्यं तत्रोच्चैः राधिकापतेः ॥६३॥

અને અમારા જે સર્વે સત્સંગી, તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું, અને તે મંદિરને વિષે શ્રી રાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના નામનું ઉચ્ચ સ્વરે કરીને કીર્તન કરવું ॥૬૩॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥१३९॥

અને અમારા આશ્રિત જે ગૃહસ્થ, તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય, તેમની જે સેવા, તે જીવનપ્રર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. ॥૧૩૯॥

नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः ।
बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः ॥२०७॥

અને જે બાઈ-ભાઈ, આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે, તો તે અમારા સંપ્રદાય થકી બાહેર છે, એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ, તેમણે જાણવું. ॥૨૦૭॥

निजाश्रितानां सकलार्तिहन्ता सद्धर्मभक्तेरवनं
विधाता । दाता सुखानां मनसेप्सितानां
तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ॥२१२॥

અને પોતાનાં આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્ર પીડા; તેનો નાશ કરનારા એવા, અને ધર્મ સહિત જે ભક્તિ, તેની રક્ષાના કરનારા એવા અને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન, તે જે તે અમારા સમગ્ર મંગળને વિસ્તારો. ॥૨૧૨॥



# આપણી ગુરુપરંપરા

**( વચનામૃત વડતાલ-૧૮ )**

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે.
શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ છે.
આપણા ધર્મગુરુ આચાર્ય મહારાજશ્રી
એમના ગુરુ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે.
એમના ગુરુ રામાનંદ સ્વામી છે.
એમના ગુરુ રામાનુજાચાર્ય છે.

## જયનાદ

શ્રી ઘનશ્યામ મહારાજની જય
શ્રી નરનારાયણ દેવની જય
શ્રી રાધાકૃષ્ણ દેવની જય
શ્રી ધર્મ ભક્તિ હરિકૃષ્ણ મહારાજની જય
શ્રી લક્ષ્મીનારાયણ દેવની જય
શ્રી ગોપીનાથજી મહારાજની જય
શ્રી રાધારમણદેવની જય
શ્રી મોરલી મનોહરદેવની જય
શ્રી મદનમોહન મહારાજની જય
શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજની જય
શ્રી વિઘ્ન વિનાયક દેવની જય
શ્રી કષ્ટભંજન દેવની જય
શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય
આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની જય